સુરેશ હ. જોષી

# જનાન્તિકે

# જનાન્તિકે

સુરેશ જોષી

સ્વાતિ પ્રકાશન

જનાન્તિકે Copyright © 1965 by Usha Joshi. All Rights Reserved.

# Contents


‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ ix

પરિચય xi

પ્રકાશન માહિતી xiv

જે આ બધું... xvi

આપણા નાનકડા હૈયામાંથી... xvii

એક 1

બે 8

ત્રણ 12

ચાર 17

પાંચ 21

છ 25

સાત 27

આઠ 28

| | |
|---|---|
| નવ | 30 |
| દસ | 33 |
| અગિયાર | 34 |
| બાર | 36 |
| તેર | 41 |
| ચૌદ | 42 |
| પંદર | 44 |
| સોળ | 46 |
| સત્તર | 47 |
| અઠાર | 49 |
| ઓગણીસ | 50 |
| વીસ | 52 |
| એકવીસ | 53 |
| બાવીસ | 54 |
| ત્રેવીસ | 55 |
| ચોવીસ | 58 |
| પચીસ | 59 |
| છવ્વીસ | 60 |
| સત્યાવીસ | 61 |

| | |
|---|---|
| અઠ્યાવીસ | 63 |
| ઓગણત્રીસ | 64 |
| ત્રીસ | 66 |
| એકત્રીસ | 67 |
| બત્રીસ | 68 |
| તેત્રીસ | 71 |
| ચોત્રીસ | 75 |
| પાંત્રીસ | 76 |
| છત્રીસ | 77 |
| સડત્રીસ | 78 |
| અડત્રીસ | 79 |
| ઓગણચાલીસ | 80 |
| ચાલીસ | 82 |
| એકતાલીસ | 83 |
| બેતાલીસ | 84 |
| ત્રેતાલીસ | 86 |
| ચુંમાલીસ | 87 |
| પિસ્તાલીસ | 89 |
| છેતાલીસ | 107 |

સુડતાલીસ 120

અડતાલીસ 122

ઓગણપચાસ 124

પચાસ 126

એકાવન 127

131

# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

### અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો 'વેચવાનો'

આશય નથી, 'વહેંચવાનો' જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી 'ઉત્તમ-અને-રસપ્રદ'ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.


**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**

*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# પરિચય



સર્જક સુરેશ જોશી

સાહિત્યમાં જુદી જુદી શક્તિવાળા અનેક લેખકો હોવાના, પ્રભાવશાળી લેખકો પણ કેટલાક હોવાના; પણ આખા સાહિત્ય–સમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં

એક–બે જ હોવાના – સુરેશ જોષી આપણા એવા યુગવર્તી સાહિત્યકાર, ગુજરાતીમાં આધુનિક યુગના અગ્રણી પ્રવર્તક.

સુરેશ હરિપ્રસાદ જોશી (જ. ૩૦, મે ૧૯૨૦ – અવ. ૬, સપ્ટેમ્બર ૧૯૮૬) દક્ષિણ ગુજરાતના વાલોડમાં જન્મ્યા, સોનગઢના પ્રકૃતિરમ્ય વનવિસ્તારમાં ઊછર્યા; મુંબઈમાંથી એમ.એ. થયા પછી કરાંચી, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (૧૯૫૧ થી ૧૯૮૧) વડોદરાની મ.સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રૉફેસર તરીકેની. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક. સુરેશ જોશીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ પરિશીલન દ્વારા, પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે આધુનિક આંદોલનોથી પલટયો. અને એકધારા વિવેચન (પંદર જેટલા ગ્રંથો) દ્વારા, ‘ક્ષિતિજ‘ વગેરે છ જેટલાં સામયિકો દ્વારા, કવિતા–વાર્તા–નવલકથા–વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદદ્વારા એમણે તેજસ્વી પ્રતિભાના તેજથી ગુજરાતીમાં એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા, નવલકથા તો લખ્યાં જ. પણ એમની સર્જકતાનું શિખર વાર્તાઓ (પહેલું પુસ્તક ‘ગૃહપ્રવેશ‘-૧૯૫૭થી રચાયું. કેવળ વારતા નહીં પણ મનમાં ઊંડાણોનો પરિચય કરાવતી વાર્તા, માત્ર કથા નહીં પણ રચના – એ, એમનાથી શરૂ થયેલી, ગુજરાતી વાર્તાનો નવો ચહેરો, ઐની આગવી વિશેષતા. સુરેશ જોશીનું બીજું સર્જક–શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો – ‘જનાન્તિકે‘ (૧૯૬૫) થી શરૂ થયેલો એ આનંદ–પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

## નિબંધ-સંગ્રહ ‘જનાન્તિકે’

આ પુસ્તકમાં સર્જક તમારી સાથે વાત માંડે છે – જરાય દૂર બેસીને નહીં, પ્રેમથી નિકટ બેસીને. જનાન્તિકે એટલે કાનમાં કરેલી વાત – મધુર અને અંગત. એ અંગત વાતોમાં બાળપણનાં વિસ્મય ભર્યાં સ્મરણો છે, શૈશવની ને પ્રકૃતિની રમણીય લીલાઓ છે. ને એવી જ રમણીય લીલા છે કલ્પનાભરી અને શિષ્ટ-મિષ્ટ રીતિની ભાષાની. આપણી અંદર-બહારની આ સુંદર સૃષ્ટિ એક સર્જકના અવાજથી કેવી અધિકતર સુંદર

બને છે એ જાદુ આ પુસ્તકના પહેલા વાક્યથી જ શરૂ થઈ જવાનો છે. એનો ૧... ૨... ૩ એવો પ્રત્યેક ખંડ અલગ અલગ રાગિણી જેવો સંતર્પક છે. તો, પ્રવેશો...

(પરિચય – રમણ સોની)

# પ્રકાશન માહિતી


Janantike by Suresh Joshi

પ્રકાશક :

શિવજી આશર

સ્વાતિ પ્રકાશન

૨૨૬, સેમ્યુઅલ સ્ટ્રીટ

મુંબઈ-૩

રેખાંકન :

ભૂપેન ખખ્ખર

પ્રચ્છપટ કે. જી. સુબ્રહ્મણ્યન

મુદ્રક :

મંદાકિની જોગલેકર

મુદ્રણ સ્થળ:

શ્રી મુદ્રણાલય

સુલતાનપુરા, ગોલવાડ, વડોદરા-૧

પ્રત : એક હજાર

મુલ્ય : ચાર રૂપિયા



(c) સૌ. ઉષા જોષી



વસંતપંચમી ૨૦૨૧

ફેબ્રુઆરી, ૧૯૬૫
પહેલી આવૃત્તિ

# જે આ બધું...

જે આ બધું પહેલેથી જ કાન માંડીને સાંભળી ગઈ છે તેને
What was it you haunted so far that we
must dream of it always, dying of our dreaming?
and of what other state do you speak so low
that we can not remember it?

# આપણા નાનકડા હૈયામાંથી...

As the years pass
So increase in number the judges who condemn you,
As the years pass and you speak fewer voices,
You look with other eyes upon the sun.
You know that those who remained were cheating you;
Flesh's delirium, the lovely dame –
That ends in nakedness.
As when, at night, turning into an empty highway
You suddenly see an animal's shining eyes
which have already gone, so you feel your own eyes;
You stare at that sun, and then you are lost in the dark
– George Seferis

આપણા નાનકડા હૈયામાંથી જે છલકાઈ જાય તેને આપણે બીજા કોઈક અનુકૂળ હૈયામાં સંઘરી રાખવા ઇચ્છીએ. આ બે હૈયાં સિવાય ત્રીજું કોઈ એ વાત જાણે નહિ, માટે એ વાત છેક કર્ણમૂળ પાસે જઈને કહીએ, ને ત્યારે કર્ણમૂળ જે રતાશ પકડે તેનો રંગ પણ પેલી વાતમાં ભળે.

આ વાતની ખૂબી એ છે કે કોઈક ત્રીજાની ઉપસ્થિતિમાં એ કહેવાતી હોય છે. એ ત્રીજામાં આથી ઉદ્‌ભવતાં કુતૂહલ, ઇર્ષ્યા, રોષ – એનો પણ રસ એ વાતમાં ઉમેરાય

છે. ઘણીવાર વાત તો નિમિત્તરૂપ હોય. એથી બીજાના કર્ણમૂળ સુધી પહોંચવાના આત્મીયતાના અધિકારને પ્રકટ કરવાનું જે સુખ થાય તે જ સાચી પ્રાપ્તિ.

આ જનસંકુલ જગતમાં જનવિરલ, પણ નિબિડ આત્મીયતાથી સભર, દ્વીપોની ખોટ નથી. એવી વાત કહેતી વખતે મન કાંઈ જુદો જ લહેકો વાપરતું હોય છે. બીજી કોઈ પરિસ્થિતિમાં એ નાટકી ગણાય. એમાં કોઈને વાયડાઈ પણ દેખાય. પણ અહીં તો એ સ્વાદની સામગ્રી બની રહે. કેટલાંક સત્યો આવાં જનાન્તિક ઉચ્ચારણને અન્તે જ પૂરું રૂપ પામતાં હોય છે. તર્ક અને તત્ત્વના બે પાટા પરની એની દોડ વ્યવસ્થિત અને ઝડપી બને ખરી, પણ અવ્યવસ્થિતતાના જ માધ્યમમાં જે પ્રકટે તે તો પ્રકટયા વગરનું જ રહી જાય!

ગદ્યનું આ જનાન્તિક સ્વરૂપ એને નર્યા તર્કસંગત તથ્યની બરડતામાંથી ઉગારવામાં કામ આવે છે. એમાં અંગત અભિગ્રહ પ્રતિગ્રહના કાકુઓ ઢાંકવામાં આવ્યા હોતા નથી. આ નિખલાસતાનો પણ એક અનેરો સ્વાદ હોય છે, ને સ્વસ્થ પ્રૌઢોનો ખોફ વહોરીને ય એ ચાખવો ગમે છે.

# એક

દૈનિક ઘટમાળના ગુરુત્વાકર્ષણની સીમાને વટાવીને કેટલીક ઘટનાઓ ચિત્તના ખગોળમાં ગ્રહરૂપ બનીને સદા ઘૂમ્યા કરે છે. એની પરિક્રમાના યાત્રાપથ પર આપણે અણજાણપણે કેટલીયે વાર વિહરવા નીકળી પડીએ છીએ. ત્યાંથી જ આપણે સત્ય લાવીએ છીએ.

સ્મરણ એ કેવળ સંચય નથી. સ્મરણના દ્રાવણમાં રાસાયણિક પ્રક્રિયા પામીને આપણું તથ્ય નવાં નવાં વિસ્મયકર રૂપો ધારણ કરતું જાય છે. તથ્યનો વિકાસ જ સ્મરણમાં જ થાય છે; ત્યાં જ એનાં શાખા, પલ્લવ અને ફળફૂલ પ્રકટે છે. આથી જ આપણે મરણનો છેદ સ્મરણથી ઉડાડી શક્યા, આથી જ તો આપણી ભાષામાં શુદ્ધ અભાવવાચક શબ્દો બહુ થોડા જડશે. 'અભાવ' શબ્દમાં ય પ્રાધાન્ય તો 'ભાવ'નું જ છે, આગળ વળગાડેલો 'અ' તો કેવળ ઉપસર્ગ છે. જેનું સ્મરણ ગયું તેનું સાતત્ય ગયું. નદીને કાંઠે નગરો વસે છે, સંસ્કૃતિ જન્મે છે. આપણું મનોરાજ્ય પણ સ્મૃતિની ષસ્રોતસ્વિનીને કાંઠે વસે છે.

મારું બાળપણ જે ગામમાં વીત્યું તેનું નામ હું તમને નહીં કહું. મોંઘો ખજાનો કોઈને ખબર ન પડે તેમ દાટીને સંતાડી રાખવો પડે. એ ગામના સીમાડા અદ્‌ભુત અને ભયાનક રસથી બંધાયલા હતા એટલો જ હું એનો ભૌગોલિક પરિચય આપીશ. નામ તો જરઠ સ્થવિરોની શોધ છે, મને લાગે છે કે વ્યાકરણની શરૂઆત પણ ક્રિયાપદથી થઈ હશે, એ ક્રિયાના કરનારને ક્રિયા કર્યા બદલનું અભિમાન ?પજ્યું હશે, ત્યાર પછી જ કર્તા, કર્તાનું નામ, વિશેષણ વગેરેનો પ્રપંચ વિસ્તર્યો હશે. નામની દાબડીમાં પદાર્થને મૂકીને બંધ કરી દેવાનું બાળકને રૂચતું કે પરવડતું નથી. નામની જડ નિશ્ચિંતતા એના સ્વૈરવિહારને સીમિત કરી દે છે, ને શિશુ તો સ્વભાવથી જ કવિ હોય છે. પ્રસ્તુત–અપ્રસ્તુત વચ્ચેના

રમણીય ગોટાળામાંથી એ સદા અલંકારો રચ્યાં જ કરે છે. બાળપણની રમતનું સૌથી મોટું રમકડું તે ઉત્પ્રેક્ષા : 'હું જાણે રાજા હોઉં, ને તું જાણે રાણી હોય.' આમ 'જાણે કે'ની ચાવીથી નવાં નવાં જગત ખુલતાં જાય. પછી આપણે મોટા થઈએ, ડાહ્યાડમરા થઈએ ત્યારે અર્થાન્તરન્યાસનાં પોટલાં બાંધતાં થઈ જઈએ.

મારા ગામમાં રાજાનો કિલ્લો હતો, વન હતું, વનમાં વાઘ હતા, રીંછ હતાં. એક નદી હતી. એનું નામ ઝાંખરી. સંસ્કૃત નામોનો ઝંકાર એમાં નથી. ઝાંખરામાં થઈને રસ્તો કરી વહેતી વહેતી આવતી માટે ઝાંખરી. અહીં ક્રિયા અને સંજ્ઞા વચ્ચેનો સંબંધ નિકટનો છે, માટે એ નામ ગમ્યું અને માટે એ તમને કહ્યું. તાપી તો દૂર, સાતકાશીના ગાઢ વનમાં થઈને વહે. પણ આ ઝાંખરીનાં છીછરાં પાણીમાં પગ ઝબકોળીએ કે તરત ધરતી સાથે જકડાયેલા પગ પણ પ્રવાહી થઈને વહી જાય, એના અસ્ખલિત ખળખળ નાદમાં તાપીની વાણી સંભળાય. એના શીતલ સ્પર્શમાં સાતકાશીના નિબિડ અરણ્યમાં ઘૂંટાએલા મસૃણ અન્ધકારના સ્પર્શની સ્મૃતિ હતી. દુંદાળા ગણપતિ આનન્દચૌદશને દિવસે એમાં ડૂબકી મારીને અલોપ થઈ જતા ને દશેરાના દિવસે માતાના જવારાની સોનાની સળીઓ એનાં પાણીમાં તરી રહેતી. એ ઝાંખરીએ ધરાએલો વાઘ પાણી પીવા આવતો, શરૂશરૂમાં બીડી પીવાનું સાહસ કરવા શીખેલા કેટલાક સોબતીઓએ, રખે ને એમના આ અપલક્ષણની ચાડી ખાઈ દઉં એ બીકે, મારા મોઢામાં ય બીડી ખોસી દીધેલી તે પણ આ ઝાંખરીની સાક્ષીએ. મોટી મોટી યોજનાઓના આ દિવસોમાં પણ એ ઝાંખરી એની નગણ્યતાને જાળવી રહી છે.

ગામને પૂર્વ છેડે 'સતીનું વન' એ નામથી ઓળખાતું આંબાવાડિયું હતું. એ આંબાવાડિયામાં એક ચોતરો હતો. પાસે એક દહેરી હતી ને એમાં સતીનાં પગલાં હતાં. એ સતીના મહિમાની ત્યારે અમને કશી ખબર નહોતી, પણ એ પગલાંની છાપ મન પર આજ સુધી અંકાયેલી રહી છે. દંતકથાઓની ફલદ્રુપ ભૂમિમાં એ પગલાં અમને દોરી જતાં હતાં. એ આંબાવાડિયા પર શાખિયાં તૈયાર થયાં છે એ સમાચાર વીજળીવેગે પ્રસરી જતા ને અમારી ટોળી નીકળી પડતી. રખેવાળને કેમ ભોળવવો, કેમ ખોટી દિશામાં દોડાવવો, આગલી હરોળમાં કોણ રહે – આ બધાંની પાકી વ્યવસ્થા થતી, વ્યૂહ રચાતો ને અન્તે મિષ્ટ કેરીમાં સાહસની ઓર મીઠાશ ભેળવીને અમે થોડે દૂર, રેલવેના પાટા પાસેના ઝરણની ઠંડકમાં, ઉમરાના ઝાડની ઘટામાં, આરોગવા બેસતા.

એ પાતાળઝરણું અદ્‌ભુત રસનું પણ ઝરણું હતું. એ ઝરણાએ ચિત્તમાંનાં કેટલાંય પાતાળઝરણાંને, ત્યાર પછી તો, વહેતાં કરી દીધાં છે.

બાલ્યવયમાં ઇંદ્રિયોનાં દ્વાર આગળ બાહ્ય જગત એવી તો ભીડ કરીને ?ભું રહેતું કે ન પૂછો વાત! એ જ્ઞાનનો કાળ નહોતો, વિસ્મયનો કાળ હતો. ઇંદ્રિયોની અરસપરસની ઓળપ પણ તાજી જ શરૂ થઈ હતી. આંખ પાછળથી બધી ઇંદ્રિયોને નેતા બનીને દોરે છે, પણ બાલ્યવયમાં આંખ કરતાં ય સ્પર્શ કદાચ વધુ સતેજ હોય છે. ત્યારે જગત પોતાની ઓળખાણ મનને નહિ પણ શરીરને આપતું હોય છે. આથી જ આંખો જોયા છતાં બાળક સાપને પણ હાથમાં પકડવા જાય છે. સ્વાદ એ પણ સ્પર્શનો જ એક પ્રકાર કહેવાય. વનમાં કેટલાં ય અજાણ્યાં ફળો જોડે ચાખી ચાખીને પરિચય કેળવેલો. આજે ય એનાં નામ કે કુળગોત્રની ખબર નથી, માત્ર એની સ્મૃતિ છે. પણ મોટા થઈએ છીએ તેમ તેમ શરીર મરતું જાય છે, ઠાઠડી પર ચઢાવીને ફૂંકી મારતાં પહેલાં તો ?યારનું ય આપણે એને ફૂંકી માર્યું હોય છે. સ્પર્શ અને સ્વાદની વાત કરવા જઈએ તો તે પ્રાકૃતતામાં ખપી જાય છે. આંખનું ને કાનનું જ આધિપત્ય વધતું જાય છે. બાળકનો જીવનખંડ નીતિની હકુમત નીચે આવ્યો હોતો નથી. આથી અસ્પૃશ્યતાના જટિલ નિયમોની કાંટાવાડ એને નડતી નથી. આપણા બાલ્યકાળની ઘણી સ્મૃતિઓ સ્પર્શની, સ્વાદની કે ગન્ધની સ્મૃતિઓ હોય છે. આ સ્મૃતિઓ શરીરની સ્મૃતિ છે. મનની સ્વતત્રપણે શરીરને પણ એનું આગવું સ્મરણ હોય છે. એવી સ્મૃતિથી શરીર ઉદ્દીપ્ત થાય ત્યારે ડાહ્યા માણસો મનુસ્મૃતિનો આશ્રય લેવા દોડે છે. બાલ્યવયમાં તો શિશુનું શરીર તાર મેળવેલી વીણાની જેમ સહેજ સહેજમાં ઝંકૃત થઈ ?ઠે છે. તંગ પણછવાળા ધનુષ્યની જેમ સહેજ સરખા આઘાતથી અજ્ઞાન અગોચરની દિશામાં શરગતિએ એ દોટ મૂકે છે. મોટા થઈને આપણે શરીરની ઝાઝી વાત કરતા નથી, આપણે દેહદેહીની ફિલસૂફી ડહોળીએ છીએ. ગન્ધ એ આપણી અભિજ્ઞાનની મુદ્રિકા છે. એને કોઈ ગળી ન જાય એટલી કાળજી રાખીએ તો પ્રત્યાખ્યાનનો શાપ આપણને નહિ નડે.

કવિતામાં આપણે 'ફૂલ બોલે છે' એમ કહીએ છીએ, પણ બાલ્યકાળમાં તો એ કવિતા નહીં, પણ વાસ્તવિકતા જ લાગે છે. દરેક ફૂલની ભાષા જુદી. કેસૂડો બોલે તે જુદું, મહુડો બોલે તે જુદું, ને શીમળાના લાલચટ્ટક ફૂલની બડાશ વળી જુદી જ તરેહની. મોગરો, જૂઈ, જાઈ, ચમેલી પરીકથામાંથી ભૂલી પડેલી નાનકડી નાજુકડી પરીઓ જ જાણે!

બાલ્યકાળમાં મધુમાલતીના પર જુલમ ગુજારેલો તેને સંભારીને હજુ ય મન ચણચણી ?ઠે છે. કોઈ સોબતીના મનમાં તરંગ ઊઠ્યો : ચાલો અત્તર બનાવીએ. ચૈત્રના અન્તભાગના દિવસો. પરીક્ષાબરીક્ષા પરવારી ચૂકેલા, મધુમાલતીને આખી ય ખંખેરીને ફૂલોનો ઢગલો કર્યો, રસોડામાંથી તપેલું ચોરી આણ્યું, લાકડાં એકઠાં કરી સળગાવ્યાં ને પાણીમાં ફૂલ નાખીને ઉકાળ્યાં. સાંજ થતામાં અત્તરના શીશા ભરાઈ જશે એવી કલ્પના હતી, પણ સાંજ થઈને પાણી તો એવું ને એવું રહ્યું! જાદુના પ્રયોગ પણ અજમાવેલા ને થોડું વૈદક પણ ખરુંસ્તો!

વૃક્ષોવૃક્ષોની છાયા જુદી હોય છે, તે હજુ ય યાદ આવે છે. શિરીષની આછી સુન્ગધવાળી છાંય, લીમડાની મંજરીની મહેકથી તરબતર શીતળ છાયા ને પીપળાની વાચાળ છાયા – વૈશાખની બપોરે વૃક્ષોની છાયાના ચંદરવા નીચે જ અમારો દરબાર ભરાતો. વૃક્ષ સાથે, પંખીનો પરિચય પણ થતો. કાબરને જ મેના માનીને એને પકડીને એની પાસે મીઠાં ગાણાં ગવડાવવાનો પણ પ્રયોગ કરી જોયેલો. આ વનસ્પતિ અને પંખી પરિવાર સાથેની આત્મીયતા હજુ ય શહેરની સાંકળી જગ્યાના ટૂકડામાં એકાદ ગુલાબ મોગરાને નિમત્રવાની ઘેલછા કરાવે છે. બાળપણના પાઠ્યપુસ્તકના અક્ષર સાથે મધુમાલતીનાં ડાળપાંદડાં ને ફૂલની છાયા એવાં તો ભળી ગયાં છે કે થોડાં વરસના વિચ્છેદ પછી ફરીથી મધુમાલતીને આંગણે બોલાવી આણી છે.

ઘાસના બીડ પર આંગળી ફેરવીને સારીગમ છોડ જતા પવનને જોવો એ પણ લ્હાવો છે. કિલ્લા પર રૂસા નામનું ઘાસ થાય છે. એની એક પ્રકારની તીવ્ર વાસ આવે છે. સવારનું ઝાકળ પડયું હોય ને એ વાસ પર આળોટીએ તો શરીરને બહુ સુખ થતું; ત્યારે એમ થતું કે આ ઘાસની ભેગા ઘાસ બનીને મહેકી ?ઠીએ, પવનમાં માથા પરની કલગી છટાથી ઝૂલાવીએ. આજે ય વર્ષાના પ્રારંભના દિવસોની કોઈક રાતે એકાએક વરસેલી વરસાદની ઝડીના અવાજથી જાગી જવાય છે. ત્યારે ધરતીના પેટાળમાંનાં અસંખ્ય તૃણબીજોનાં ગર્ભસ્ફુરણનો અનુભવ થતાં ચિત્ત વિહ્વળ બની ?ઠે છે. જમીનના નાના સરખા ટૂકડા પર ખેતી કરવાની રમત રમતાં ત્યારે વાવેલાં બીજમાંથી ફણગા ફૂટે તે જોઈને આનંદનો રોમાંચ થતો. એ કૂંપળો જાણે અમારા સર્જનના મહાન પરાક્રમની પતાકા બનીને ફરફરી રહેતી ને વળી મકાઈનો છોડ ?ધરી આવ્યો હોય, એમાં મોતી જેવા દાણા દૂધભર્યા ગોઠવાઈ ગયા હોય ને એની સોનેરી મૂછના ગુચ્છા બહાર આવે,

ત્યારે એ અમારા જ વિજયની ચામર ઝૂલતી હોય એવું લાગતું. પોતાનાં રેશમી સ્વપ્નોને ઉડાવી મૂકતો શીમળો અમને તો બીજા કારણે જાણીતો હતો. શીમળાનો કાંટો ને ગૂંદીની છાલ ભેગાં ચાવવાથી મોઢે પાન ખાધા જેવો રંગ આવે એવી એક મિત્રે શોધ કરી હતી, પછી એક અનુભવસિદ્ધ પ્રયોગ તરીકે એને જાહેર કરતાં કેટલી વાર! રંગોને ને સ્વાદને ત્યારે છૂટા પાડી શકાતા નહિ.

નિશાળમાંનું કાળું પાટિયું ઓળખ્યું તે પહેલાં સુખડનાં ફળની કાળવી મીઠાશને અમે ઓળખી ચૂ?યાં હતાં. ફણસોટા નામનો એક છોડ યાદ આવે છે. એ રંગનો ખરો જાદુગર હતો. એનાં લીલાંછમ પાંદડાં જોતજોતામાં લાલચટ્ટક થઈ જતાં, ને તમે એને મસળી નાખો તો એમાંથી ધોળું દૂધ નીકળતું. લીલામાંથી લાલ ને લાલમાંથી ધોળું – આવું બહુરંગીપણું જોઈ ભારે અચરજ થતું. ઘણે વર્ષે કોઈએ કહ્યું કે એ છોડનું દૂધ દદ્રુનાશક છે. પણ આજે ય મારા મનમાં તો એ રંગના જાદુગર તરીકે જ જડાઈ ગયો છે.

કિલ્લાના જીર્ણ અવશેષો અમારી સાહસભૂમિ હતી. જંગલી વેલને બાઝીને અમે ટારઝનની જેમ એક ઝાડથી બીજે ઝાડ કૂદતા. કિલ્લામાં ભોંયરાના ગુપ્ત માર્ગો હતા. એના રહસ્યમય અન્ધારને તળિયે પણ અમારામાંના સાહસિકો ડૂબકી મારી આવતા. અમારો એક સાથી અદ્રુસ એમાં સોનું છે એવી ભાળ કાઢી લાવ્યો. બસ, પછી પૂછવું જ શું! સોનાની કિંમત નહોતી, એ તો સાહસના નિમિત્તરૂપ હતું. ભોંયરાના પોલાણમાં દીવાલ સાથે પથ્થરનો અથડાવાનો અવાજ ધાતુ જેવા રણકારની ભ્રાન્તિ ?ભી કરતો હતો, આથી સોનાની ખાણ શોધી કાઢયાનો આનન્દ, એમાંનું રતિભર સોનું લીધા વિના, પૂરી નઃસ્પૃહતાથી અમે સૌએ માણ્યો.

પરીકથામાંની આખી અદ્ભુત સૃષ્ટિ આ અરણ્યાચ્છન્ન કિલ્લામાં અમે શોધતા. અષ્ટકોણી વાવની પાળે બેસીને રૂમઝુમ પગલે સ્નાન કરવા ?તરતી રાજકુંવરીને જોતા, તો એ જ ભીના અન્ધકારમાં કોઈ જીનના વાળની જટાનો ભાસ થતાં અમે ભયથી ફફડી ?ઠીને ભાગી જતા, પાંદડું ખખડતાં પાછળ જોતાં, વૃક્ષની પડછંદી કાયાનો પડછાયો જોઈને 'માણસ ગંધાય, માણસ ખાઉં' કરતો રાક્ષસ ?ભો છે કે શું? – એવી ભ્રાન્તિથી અમે છળી મરતા, પાકેલા અનુચ્છ (સીતાફળ નામ તો પાછળથી જાણ્યું)ની અંદરની રાખોડી ધોળાશવાળી પેશીઓ ડાકણના દાંત જેવી લાગતી ને કાપીને મૂકેલા દાડમના સૂર્યના તડકામાં ચળકતા પ્રત્યેક લાલ લાલ દાણામાં એક એક તેજપરી, છુપાઈને

લાલચટ્ટક હસી રહી હોય એવું દેખાતું. બોરડીને ઝૂડીને નીચે પાડેલાં બોરનો ખટમધુરો સ્વાદ ચાખતા ત્યારે દેવશિશુની કાલી વાણીનો સ્વાદ ચાખતા હોઈએ એવું લાગતું. કોઈ ચાંદની રાતે જાગી ?ઠીને બહાર નજર જતી તો ચદ્ર જાણે વાર્તા કહેતો હોય ને આખું વન માથું ધુણાવીને હોંકારો પૂરતું હોય એવું લાગતું. રાત્રિના અન્ધકારમાં સંભળાતી વાઘની ત્રાડથી માથે–મોઢે રજાઈ ઓઢી લઈને બચવા મથતા; ઉમ્બર બહાર પગ મૂકતાં અદ્‌ભુત અને ભયાનકનું સામ્રાજ્ય શરૂ થઈ જતું.

સમય ત્યારે ઘડિયાળના સેકન્ડના કાંટાનાં પગલે મપાતો ન હતો. સમયમાં સેલારા મારવાનું ત્યારે રુચતું. એક સરખો વનરાજિનો પર્ણમર્મર કાને પડતો હોય, વર્ષા ?તુમાં એકધારો ટપકટપક વરસાદ ટપકતો હોય, ત્યારે સમયનાં ચરણચિહ્ન ભૂંસાઈ જતાં, વાર્તા સાંભળવાના લોભમાં ઊંઘને પણ પાછી હડસેલતા હોઈએ, એક વાર્તા પૂરી થાય એટલે ‘હવે બીજી‘ એમ માગણી કરતાં હોઈએ, ત્યારે ચતુર ડોશીમા શરૂ કરે – એક વાર રાજકુંવર રાજકુંવરીને કહીને ગયો કે આવતે વર્ષે વરસાદ પડે અને તું દસ ટીપાં ગણે તે પહેલાં હું આવી પહોંચીશ. રાજકુંવરી તો આકાશભણી મીટ માંડીને બેઠી. એક દિવસ કાળું વાદળું દેખાયું, એક ટીપું એના ગાલ પર પડ્યું ટપ, એક ટીપું પીપળાના પાંદડા પર પડ્યું ટપ, એક ટીપું વડના પાંદડા પર પડ્યું ટપ – આમ ટપ ટપ ટપ ટીપાં પડયે જ જાય, રાજકુંવરીની આંખમાં ય આંસુ ટપ?યે જ જાય.... ટપ ટપ ટપ ને અમારી આંખોમાં મીઠી નિદ્રા ટપકતી જાય – ટપ ટપ ટપ.

વનરાજિની કાવ્યસૃષ્ટિનો મુખ્ય અલંકાર જ અતિશયો?ત. પર્ણમર્મરનો એ સૂર તો હજી ભૂલાતો નથી. ધરતીને માટે આપણે નારીજાતિવાચક શબ્દ વાપરીએ છીએ. પણ ડુંગરાળ ભાગમાં ખુલ્લા આકાશ નીચે સૂર્યના પ્રખર પ્રકાશમાં ?ભા હોઈએ ત્યારે એ ભૂમિખંડની સૂર્યદત્ત તામ્ર પુંસકતા જોઈને કોઈ નરજાતિવાચક શબ્દ શોધવાનું મન થઈ આવે. વનમાં ચાલીએ ને શહેરમાં માર્ગ પર ચાલીએ એમાં ય કેટલો ફેર! વનમાં તો આપણાં પગલાંને સાપના સરી જવાનો સ્પર્શ થાય, વાઘની છલંગ ભરતી ગતિનો સ્પર્શ થાય, શહેરમાં મોટર અને ટ્રામની આંચકાભરી યાંત્રિક ગતિ આપણા ચરણની ગતિના લયને તોડે.

બાલ્યવયમાં, ભાષા નથી શીખ્યા હોતા ત્યારે, આખું શરીર પ્રતિભાવની ક્રિયામાં સામેલ થાય છે. પછી બધાં અંગોનું કામ જીભ સંભાળી લે છે. પણ બાળપણમાં તો

આંબાની ડાળે લીલો મરવો જોઈને 'આપો' એમ બોલવાનો બદલે આખું શરીર એ તરફ સહજ પ્રતિભાવથી વળી જાય છે. ધીમેધીમે શરીરને આ પ્રતિભાવની ક્રિયામાંથી પાછું વાળીને આપણે સંસ્કારી થતાં જઈએ છીએ તેમ તેમ શરીર નિશ્ચેષ્ટ બનતું જાય છે ને આપણને એનો ભાર વરતાવા લાગે છે. નવું ખીલેલું ફૂલ જોઈને આખું શરીર હવે એની પાસે દોડી જતું નથી. માત્ર આંખ એને જોઈને અહેવાલ આપી છૂટે છે. પેલી બાળવાર્તાના મોટા મહેલની જેમ હવે એના ઘણા ઓરડા અવાવરું પડી રહે છે.

એક સાથે આવેલા ત્રણ ત્રણ મરણના આઘાતથી મૂક થઈ ગયેલા દાદા અને બહેરાંમૂંગા ફોઈબા – આ બે મૌનની વચ્ચે મારા બાળપણનું ઝરણું વહ્યું. એના પર પેલા શોકની ઘેરી છાયા પડી ગઈ. આજે ય કશું બોલતો હોઉં, ત્યારે એકાએક પેલી છાયા ઘેરાય છે ને મને બાલ્યવયનો એ ઓરડો યાદ આવે છે. એને એક ખૂણે દીવેલનું કોડિયું ટમટમતું હોય ને એની થરકતી જ્યોતના બિહામણા પડછાયા ઓરડાની ભીંત પર નાચતા હોય, વીજળીનાં દીવાની આજની સૃષ્ટિમાં એ છાયાની સૃષ્ટિ અલોપ થઈ ગઈ છે. સાથે સાથે એ છાયાની માયા પણ ગઈ છે.

બાળપણને હવે કયાંક સંગોપીને રાખવું પડશે, નહીં તો શાણપણ એને વટાવી ખાશે. ઉડપંખ ઘોડો ને પેલી રાજકુંવરીનો સોનેરી

વાળ બજારમાં વેચવા નીકળશે. એ બાળપણને કયાં સંતાડીશું? શુકલ પક્ષના ત્રીજ–ચોથના ચદ્રના ચીંદરડામાં વીંટાળીને એને સાચવી રાખીશું?

# બે

એક બપોરે ગપ્પા હાંકતા અમે બેઠા હતા. ભાઈ પુષ્કર ચંદરવાકરે ત્યાં સોનગઢવ્યારાના ગામીતચોધરાની વાત કાઢી. એકાએક છેલ્લાં વીસેક વરસથી છોડેલી એ ધરતીની માયા જાગી, જીવ હિજરાવા લાગ્યો.

ગૂજરાતના પૂર્વ સીમાડાનું ગામ. નામ છે કિલ્લે સોનગઢ. વ્યારા છોડો કે તરત એ કિલ્લો દેખાવ માંડે. સ્ટેશનની ગોદમાં ગાડી બાળકની જેમ ઊભી રહે, સ્ટેશન ઊંચાણવાળા ભાગ પર આવેલું છે. ત્યાંથી દોઢ બે માઈલને અંતરે ગામ. એના વળી બે ભાગ – નવું ગામ અને જૂનું ગામ. જૂનું ગામ તો કિલ્લાની તળેટીમાં જ. એ રસ્તા પર બે પુલ. આખે રસ્તે આંબાના ઝાડ. રસ્તે કોઈ વાર હરાયા ઢોરનું ધણ મળે. એમનું સામૂહિક જીવન જોવા જેવું છે. એ ટોળાના રક્ષક આખલા એવા તો જબરા હોય છે કે વાઘની મજાલ નહીં કે એમાંથી કોઈને ઉપાડી જાય! પણ માણસેય ચેતીને ચાલવું પડે, નહીં તો એમાંનો એક જો આપણી પાછળ પડે તો રામ જ રમી જાય.

એ આખી સૃષ્ટિ યાદ આવી. ત્યાં બાળપણ હજુ જાણે પ્રતીક્ષા કર્યા કરે છે. એ કિલ્લાની છાયા હજુ અંતરમાં વ્યાપેલી છે. એ ધાણકા વસતિગૃહ-એમાંના રાનીપરજના વિદ્યાર્થીઓ – મોટા પેટ, બરોળ વધેલી, એના પર ડામ દીધો હોય, પગે વાગ્યું હોય ને પાકીનું ધારું પડયું હોય તો પગે મોરપીંછ બાંધે. એ એની દવા! આંખમાં તેજ નહીં. જંગલના સીમાડા સુધી વાણિયા ને દારૂના પીઠાવાળા પહોંચી ગયેલા.

ફાગણ મહિનો શહેરમાં દેખાતો નથી. વનને ખોળે બેઠેલા ગામડામાં તો મહા-ફાગણ કેમે કર્યા છાના રહે નહિ. ખાખરે ખાખરે કેસૂડાં, આંબે આંબે મોર, લીમડે લીમડે મંજરી, એ તમને છોડે નહીં. ને પછી કોઈ બળતી બપોરે ઘુંટણને માંડ ઢાંકતી જાડી પોતડી, માથે

ફાળિયું, મોટા પેટને ઢાંકવાનો મિથ્યા પ્રયત્ન કરતું એકાદ વસ્ત્ર પણ આંખમાં ફાગણનો નશો, લોહીમાં મહુડાનાં ફૂલે ઘૂંટેલો ઉન્માદ, ને કાનમાં ખોસેલું કેસૂડાનું ફૂલ – એક જણાના હાથમાં તૂર, બીજાના હાથમાં કાંસાની થાળી – આવી એક ટોળી તમને ચાલી આવતી દેખાય, ને તમે સાંભળો : બારા મહીંની હોળીબાઈ યે કે દીહી યેનીવા, હોળી બાઈયે નાવાંસે, આંમુ નીંગી આલા હો! દેઅના ઓ રીતે દેજે, હા, ગાળી રખે દેતેંરા, હોળી બાઈભા ભિખારી, આમાં નાહા ભિખાર્યા.

શી ખુમારી છે એમની! અમે ભિખારી નથી. હોળી ભિખારી છે, આપવું હોય તો આપજો, ગાળ દેશો નહીં.

આ જાણે આજે ફરી કાને પડે છે. એ ફાગણની બળતી બપોરના પાત્રમાં આ સંગીત છલકાઈ જાય છે, આપણને ય એનો છાક ચઢે છે, અનેક ભારથી કચડાયેલા – મોટો ભાર દેવાનો – શાહુકારની આંકડારમતમાં એ બિચાર કશું સમજે નહીં – બે ટાણા ભાગ્યે જ પૂરું અન્ન પામનારા આ વનવાસીઓ એ બધો બોજો હેલયા ઉતારીને સંગીતના સૂર રેલાવે છે, નાચે છે. એ તૂરનો અવાજ જાણે કે ફાગણની બપોરના અન્તસ્થ ભાવને બરાબર પકડી લે છે વનનાં વૃક્ષોની ડાળીઓ જેમ વંટોળમાં ઝૂલે તેમ એમનો સૂર્યસ્પૃષ્ટ દેહ મસ્તીમાં ઝૂમે છે.

મેં કહ્યું મસ્તી, હા, આપણે ઉજળિયાત સો ગળણે ગાળીને ઘૂંટડો ઉતારનાર. મસ્તી આપણે આંગણે ફરકે ય શી રીતે! ને આ વનવાસીઓના જીવનમાં આપણા જેવા ઝાઝાં વિધિનિષેધ-inhibitions નહીં. સ્ત્રીપુરુષ ભેગા હાથમાં હાથ ગૂંથીને નાચે. ધોવા પર કાળો ડાઘ પાડનારા આપણે એમને જંગલી ગણીને સુધારવા જઈએ. પણ એમનામાં જે લુત્ફે હયાત છે તેના કેટલા ટકા આપણી પાસે છે?

રવિવારનું હાટ ભરાયું છે. છત્રપલંગ કે ચેસ્ટરફિલ્ડના સોફાનું અહીં લીલામ થતું નથી. રોજની ખપની સાદી સીધી ચીજો મળે છે – તેમાં ય પૈસાનો વિનિમય ઝાઝો નહીં. કાપડ વેચનાર વાણિયો પૈસા લે. એ હાટમાં જઈને હાથમાં લેતાં ગરમ લાગે એવા દાળિયાના ઢગ ધરાઈ ધરાઈને જોયા છે. દાંત નીચે ચૂરો થઈ જતા એ દાળિયાની હરમી વાસ માણી છે.

સાતકાશીનું જંગલ દૂર સાઠેક માઇલના અન્તરે આવેલા બાગલાણ અને સાલ્લેરમુલ્હેરના ડુંગરો – એ બાળપણની એક માયાવી સૃષ્ટિ હતી. ત્યાં હેડમ્બા હજુ ફરે છે, અશ્વત્થામા હાથમાં વાડકી લઈને એની સડેલી ખોપરીમાં પૂરવા માટે હજુ ઘી માગતો

ફરે છે. સાત સાત વર્ષે મેલડી માતા આવે છે. આપણા જીવનમાંથી કેટલાક રસ સૂકાતા જાય છે. અદ્‌ભુત ને ભયાનક રસના આસ્વાદની સ્મૃતિ રહેશે કે કેમ તેની પણ શંકા રહે છે, પણ હજુ મને યાદ આવે છે. રાતને વખતે બળદગાડીમાં ગામડે જતા હોઈએ. એકાએક બળદ થંભી જાય. તમે ગમે તેટલું પૂંછડું આમળોને, એ નહીં જ ખસે. ત્યાં અંધારામાં બે તગતગતી આંખો દેખાય; હાંકનાર સમજી જાય ને કહે; ‘એ તો પેલો જતો લાગે છે.’ વાઘનું નામ નહીં પાડે. જાનવર કહે. શિયાળાની રાતે કોઈક વાર જાગી જઈએ ને રાત્રિની નિસ્તબ્ધતાને કંપાવી નાખતી વાઘની ત્રાડ સંભળાય ત્યારે હાજાં ગગડી જાય.

ને ત્યારે અદ્‌ભુતની પણ ક્યાં ખોટ હતી! કિલ્લાની તળેટીમાં રાજાનો મહેલ – આજે તો ભાંગી તૂટી દીવાલ ઊભી છે! અન્તઃપુરની પાછળ અષ્ટકોણી વાવ. રાજકુંવરી અહીં સ્નાન રુમઝુમ કરતી પગથિયાં ઊતરતી હશે! એ વાવના પર ઝળુંબી રહેલી ઘટાદાર સ્વચ્છન્દી વૃક્ષોની ઘેરી છાયા ભારે બિહામણી લાગે છે. આથી કોઈની કલ્પનાએ વાત ઉપજાવી કાઢી : એ વાવમાં તો જીન છે. એ તમને લલચાવવાને પહેલે પગથિયે સોનાનો હોર મૂકે. તમે લલચાઈને લેવા જાવ એટલે હાર બીજે પગથિયે સરી જાય. એમ કરતાં કરતાં એ તમને પાણીમાં ખેંચી લઈ જાય. આપણા ઘરની ચાર દીવાલ વચ્ચે વીજળીના દીવાના અજવાળામાં આ વાત નરી ગપ જ લાગે. પણ કોઈ વાર આછા અંધારામાં એ વાવ આગળ જઈને ઊભા તો રહેજો…

ભાઈ ચંદરવાકર ફરંદા આદમી છે. ડાયરા વચ્ચે પલાંઠી વાળીને બેસે છે. ગીતો સાંભળે છે. અશિક્ષિતોને કણ્ઠે વસતા સાહિત્યને ઉદ્ધારે છે. એ સાહિત્યનો નૃવંશસાસ્ત્રના કોઈ સિદ્ધાન્તનું પ્રતિપાદન કરવામાં ઉપયોગ કરતા નથી. એ કાળા આદમીની વચ્ચે તેમનામાંના જ એક બનીને તેમના ભાવસ્પન્દને સ્પન્દિત થાય છે. ઉપર બે પંક્તિ ટાંકી તે એમના તાજેતરમાં પ્રકટ થનાર આવા લોકગીતના સંગ્રહ ‘નવો હલકો’માંથી. આ સાહિત્યમાં ધરતીની સોડમ છે. અલંકારનું બારીક નકશીકામ નથી, પણ સાવ સ્વાભાવિક પ્રતીકોની ચકિત કરી નાખે એવી કાવ્યમય યોજના છે. એ પ્રતીકની શોધમાં એમને બહુ દૂર જવું પડતું નથી. યુવતીને ‘જોવનપોરનું બાજરિયું’ કહીને કવિ સન્તુષ્ટ છે. કાલિદાસની યક્ષપત્ની વિરહમાં ઉમ્બર પર પુષ્પો મુકીને દિવસ ગણતી. આ લોકસાહિત્યની નાયિકા આંગણામાં પારસ પીંપળો રોપાવીને તેનાં પાંદડાં ગણે છે. ચૈત્રમાં નવી કૂંપળ બેસે. નાયિકાને હૈયે વસતો પ્રેમ પણ પલ્લવિત થાય. પણ પાંદડાં ગણતાં ક્યાં આરો આવે! વિરહની અસહ્યતાનું આથી વધુ સચોટ આલેખન ક્યાં મળશે?

આ આરણ્યક સંસ્કૃતિના કવિઓ છે. ધરતી સાથેની એમની નાળ (Umbilical chord) હજુ ખરી પડી નથી. એવો વાલ્મીકિના વારસદાર છે. કાલિદાસ નગરસંસ્કૃતિના કવિ છે. વાલ્મીકિ સીતા અને રામને પણ વનમાં ખેંચી લાવે છે. રામને આપણે અયોધ્યાપુરીના સિંહાસન પર વધુ વખત જોતા નથી. વનશ્રીની વચ્ચે જ આપણને એમને વધુ વખત જોઈએ છીએ. વાનરોના આનન્દચિત્કારનું વર્ણન સાંભળવું હોય તો વાલ્મીકિની પાસે જવું પડે. કાલિદાસનું એમાં કામ નહીં. આપણી આજની કવિતા નગરસંસ્કૃતિની કવિતા છે, ને છતાં કવિઓ કદીક કદીક લોકબોલીની નજીક જવાની વાતો કરે છે ખરા! એ જાનપદી ભાષાનું ખમીર આ લોકસાહિત્યમાં જોવા મળે છે. ઉજળિયાતની સંસ્કૃતિ વધતા જતા આક્રમણને કારણે સીમાન્ત પ્રદેશમાં આશ્રય લઈને રહેલી આ પ્રજાનો કણ્ઠ હજુ રૂંધાયો નથી, ને તેથી જ તો વનરાજિના મર્મરનો લય હજુ આપણા કાન પારખે છે. એ સૂર કદી લુપ્ત ન થાઓ.

# ત્રણ

આશ્ચર્યનો અન્ત નથી. ખૂબ ખૂબ દુ:ખી થવાને કારણ છે. મને ખૂબ ચિન્તા થવી જોઈએ એવો મામલો છે. એક હિતેચ્છુ મિત્રને તો મારે વિષે ભારે ચિન્તા થાય છે, પણ મને ય આશ્ચર્ય થાય છે કે આટલી નફ્ફટાઈ મારામાં ક્યાંથી આવી? હું નિશ્ચિન્ત છું એમ કહું તો નકારાત્મક વલણ થયું. હું પ્રસન્ન છું. ચિન્તાની છાયા ક્યાંથી ય પ્રવેશી ન શકે એવી નીરન્ધ્ર પ્રસન્નતા અનુભવું છું. ચૈત્રની બળતી બપોર ને મ્લાન ચાંદનીવાળી રાતોમાંથી સ્રવતો આહ્લાદ માણીને પ્રાણ પ્રફુલ્લ છે.

ને આ પ્રસન્નતા! પ્રફુલ્લતા માટે ટ્રાન્સ ઍટાલાન્ટિક ક્લીપરમાં ઉડ્ડયન કરવું પડ્યું નથી. હસ્તામલકવત્ આનન્દ પ્રાપ્ત થયો છે. બડભાગી છું. નાનકડા ઘરની પાછળના નાના શા જમીનના ટૂકડામાં પ્રસન્નતાનું વાવેતર કરું છું ને પ્રસન્નતા લણું છું. દસેક દિવસ પર ઉપેક્ષિત મુમૂર્ષુ ગુલાબ (જયદેવ સ્થલપદ્મ કોને કહે છે?)નો છોડ જોયો. એની આ દશા સહેવાઈ નહીં. એને લાવીને અમારા નાના શા વનસ્પતિપરિવાર વચ્ચે મૂકી દીધો. તે દિવસથી ભારે કુતૂહલથી એને રોજ જોયા કરું છું. પહેલાં તો એ નવા વાતાવરણમાં સંકોચ પામીને સાવ અતડો અતડો રહેવા લાગ્યો. મને કિશોરાવસ્થાના દિવસો યાદ આવ્યા. પિતામહની વાત્સલ્યભરી છાયા નીચે વિશ્વસ્ત બનીને અમે ભણતા હતા. ભણતા હતા તેનું ભાન સરખું ન રહે એવી રીતે ભણતા હતા. ધરાઈ ધરાઈને જીવતા હતા. દરરોજ સવારે નજર સામે ખડો થતો સોનગઢનો કિલ્લો અદ્ભુત રસનો અખૂટ ભણ્ડાર હતો. એ વનસ્પતિ-આક્રાન્ત કિલ્લાને ખૂણે ખૂણે પરાક્રમના પ્રસંગો હતા, ઘટાદાર વૃક્ષોની છાયામાં કલ્પનાને છુટ્ટી મૂકવાનું પ્રલોભન હતું, વીરરસના ઉદ્દીપન વિભાવની પણ ખોટ નહોતી. આ પરિવેશ વચ્ચેથી ઊખેડીને વધુ અભ્યાસ માટે અમને

એક નવા જ વાતાવરણમાં રોપી દીધા. એ નિર્વાસનની સ્મૃતિ ભૂંસાઈ નથી. ત્યારે હું ય આમ અતડો અતડો રહેતો, વૈશાખમાં ગણ્યા ગણાય નહીં વીણ્યા વીણાય નહીં એટલા ફૂલથી તારાખચિત આકાશને પડકારતા (હાસ્તો, કારણ કે તારાઓ આકાશ પાસે અગણિત છે, પણ તારકપુષ્પની સુવાસ કોઈ કવિએ વર્ણવી જાણ્યામાં નથી – કાલિદાસે ય નહીં ને! – મારી ભૂલ થતી હોય તો કહેજો.) એ મોગરાને મનમાં સ્મર્યા કરતો, – સુગન્ધમાં કદાચ સ્મૃતિને ઉજ્જીવિત કરવાની સૌથી વિશેષ શક્તિ હશે? ન જાને!

બાજુની લીમ્બોઈએ એની નાનકડી ડાળી ગુલાબના અનુનય માટે લંબાવી છે. કેળ પણ એના નવા ફૂટેલા પાનની છાયા કરીને એને રીઝવી રહી છે, પણ ગુલાબનો ચહેરો એવો ને એવો મ્લાન છે. હું જોયા કરું છું. સવારે ઊઠીને તરત ગુલાબનું મન બદલાયું કે નહીં તે જોવા દોડી જાઉં છું. થોડા દિવસ તો ભારે ચિન્તામાં ગયા. સાચું કહું છું, હું ભારે ચિન્તાતુર હતો. ગુલાબે મને આત્મીય તરીકે સ્વીકાર્યો નો'તો. એના મનમાં હજુ દ્વિધા હતી. કોઈ કે અધીર બનીને કહ્યું પણ ખરું: આને ઊખેડીને ફેંકી દો ને! હું જિંદગીમાં ઉખેડાઈને ફેંકાયો છું, ને જક્કી બનીને ફરી જડ નાંખતો રહ્યો છું, એટલે હું ગુલાબ વિષે ચિન્તાતુર હતો, પણ સાથે સાથે આશાવાદી પણ હતો. આ એક ભારે આશ્ચર્યજનક વસ્તુ છે. પાછલી નિરાશાઓ જ્યારે એની છાયાઓ સમેટી લે છે ત્યારે જ આપણને ખબર પડે છે કે એ નિરાશા કોઈ આશાને સેવવા પૂરતી આવીને જ બેઠેલી. એ હિરણ્મય અણ્ડ ફોડીને આશાનો પ્રાદુર્ભાવ થાય છે ત્યારે આપણે ચકિત થઈ જઈએ છીએ. અહો બત કિમાશ્ચર્યમ્!

એટલે હું અધીર નો'તો. ને આજે સવારે જોઉં છું તો ગુલાબ કુમળાં કુમળાં પાંચેક પાંદડાંના ગુચ્છ (ગુચ્છ જરા ભાર પડે એવો શબ્દ છે – જરાક નાજુક હળવો શબ્દ જોઈએ.)નો સમ્પુટ બનાવીને બાલસૂર્યની આતપધારાને પી રહ્યું છે. એની આ સ્વીકૃતિ આજની એક મહાન ઘટના છે. આજે નકશામાં જેનું આજ પહેલા જાણીતું નહોતું ને હવે પછી સદાને માટે ભૂંસાઈ જવાનું છે એવા, કોઈક સ્થળે જિગીષુઓ હાઈડ્રોજન બૉમ્બ છાનામાના ફોડવાના હશે, પણ એના કરતાં ય આ મહાન ઘટના છે. હું કૃતજ્ઞ છું. અમારા મનનો મેળ સધાઈ ચૂક્યો છે. માનવી માત્ર એકલો અટૂલો નિર્વાસિત, સેન્ટ હેલેનામાંના નેપોલિયનની જેમ, દ્વૈપાયન બનીને જીવી રહ્યો છે. આ પરિસ્થિતિમાં ક્યાંય સેતુબન્ધ

શક્ય બને, સીતાનો ઉદ્ધાર કરીને રામ અભિરામ બને બસ... બસ, આટલેથી અટકવું ઠીક છે.

આ પ્રવૃત્તિ, આ પ્રસન્નતાનું સામાજિક દૃષ્ટિએ શું મૂલ્ય? એ સમાજને હિતકર ખરી? એને અસામાજિક ન શા માટે કહેવી? ને જો એમ હોય તો આવા માણસને દિવાસ્વપ્નમાં રાચનાર નિષ્ક્રિયને એ જ કારણે સમાજદ્રોહી શા માટે ન કહેવો? જોયું ને, ક્યાંથી ક્યાં સુધી આપણે પહોંચી ગયા! દિવાસ્વપ્ન કે નિશાસ્વપ્ન-સર્જકના ચિત્તનું પરમભોજ્ય એ જ છે એમ કહેવાની ધૃષ્ટતા કરવી જેવી છે. આપણે નવી દુનિયામાં જીવીએ છીએ, સત્યયુગનાં પાપ આપણે કરતા નથી. દરેક યુગ પોતાનાં નવાં પાપ સરજાવી લે છે. આંબાનાં કુમળાં પાંદડાંમાંથી પસાર થઈને આવતો સવારનો તડકો જુઓ, ઊંડા કૂવાની અંદર ઈંટોની વચ્ચેથી ફૂટેલી લીલી ધરો જુઓ. ચૈત્રવૈશાખના આકરા તાપમાંથી માધુર્યને સારવી લેતી આંબા પરની કેરીઓ જુઓ કે પૂનામાં આજુબાજુની ટેકરી પર સાવ અનાવૃત પડીને આતપસ્નાન માણતો કાળો પથ્થર જુઓ (કોણ જાણે કેમ એ પથ્થરોને જોતાં શાકુન્તલના કણ્વના તપોવનના ઇંગુદીતૈલચિક્કણ મસ્તકવાળા બ્રહ્મચારી યાદ આવી જાય છે)ને કોણ જાણે શા કીમિયાથી સત્ય અને સ્વપ્ન વચ્ચેની સીમારેખા એકાએક ભૂંસાઈ જતી લાગશે! રવીન્દ્રનાથે બે પ્રકારના સત્યની વાત કહી છે : સત્ય અને આરો સત્ય, એટલે કે સવાઈ સત્ય. સ્વપ્નને સવાઈ સત્ય તરીકે જોઈ શકાય. પણ એમ કરવું એ અસામાજિક કૃત્ય લેખાતું હશે, એ આપણા યુગમાં પાપ લેખાતું હશે. પણ માણસ વિચિત્ર પ્રાણી છે. એ એક સાથે સત્ય, દ્વાપર, ત્રેતા ને કલિયુગમાં જીવતો હોય છે. એને કયા યુગના માપથી માપશો? ને માપવાનો દુરાગ્રહ શા માટે?

The Twentififth Hour નામની રૂમાનિયન લેખક વર્જિલ ઘોર્ઘ્યુની નવલકથામાંથી તન્ત્રગ્રસ્ત માનવીની અવદશાનું સમર્થ આલેખન છે. માનવીની માનવતા એ દેવોને માટે પણ પરમ કામ્ય વસ્તુ છે. એ માનવતાનું સર્જન ઇશ્વરનું પરમ ગૌરવ હતું. સેતાને જાણે એ માનવતાનો કાંકરો કાઢી નાંખવા તન્ત્રની કરામત રચી. જ્યાં જ્યાં તન્ત્ર ત્યાં ત્યાં સરમખુત્યાર એવા પ્રમેયમાં અતિવ્યાપ્તિનો દોષ હવે કાઢી શકાય એમ નથી. એ તન્ત્રજાળમાં પડેલા માણસને મોઢે ‘સ્વતન્ત્રતા’ શબ્દનો સંકેત સમૂળગો બદલાઈ ગયો છે. હવે ‘શાન્તિ’ શબ્દની પણ એ જ દશા થઈ છે. શાન્તિનો મન્ત્રજાપ બેયોનેટને મુખે સાંભળીએ ત્યારે સ્વપ્નમાં છીએ કે જાગૃતિમાં તેની ફરી એક વાર ખાતરી કરવી પડે છે. આપણો જમાનો દરેકે દરેક વસ્તુને સંહારશસ્ત્રમાં પલટી નાખવાની અજબ કળા

સિદ્ધ કરી ચૂક્યો છે. શબ્દ પણ કેવું કારમું શસ્ત્ર બની શકે છે તે જોવાની હિમ્મત હોય તો પાણિનિને અહીં આવવાનું નિમન્ત્રણ છે. મન સમક્ષ એક વિચિત્ર દૃશ્ય ખડું થાય છે : સરમુખત્યાર (આ શબ્દ નહીં રુચતો હોય તો 'મહામાનવ', 'અતિમાનવ' – ગમે તે વાપરો) મોટા જનસમૂહને સમ્બોધી રહ્યો છે. એના દર્શન માટે બધા ઊભા થઈ ગયા છે. પવનમાં વનવૃક્ષની શાખાઓ ડોલે તેમ ટોળું ડોલી રહ્યું છે. બધા ઊભા થઈને આગળ વધે છે. ભારે ભીડ છે. માણસ માણસને ભીંસે છે. એક વાર મહેરામણમાં પડયા પછી ઊગરવાનો આરો નથી. એમાંનો એક ઊભો ઊભો જ રૂંધાઈને મરી જાય છે. પણ એને ભૂમિશય્યા પ્રાપ્ય નથી, તસુમાત્ર જગ્યા ખાલી નથી. આથી એ મરેલો છતાં ટોળાંની સાથે આગળ વધે છે. પાસેના એક માણસના પર એનો ભાર ફેંકાય છે. (ને મરેલો માણસ જીવતા કરતાં ભારે હોયછે)ને એ ચિઢાઈને બોલી ઊઠે છે : ભાઈ, જરા જોઈને તો ચાલો. ત્યાં એકાએક એની નજર પેલાની ફાટી પડેલી આંખો તરફ પડે છે. એને પોતાને વિશે પણ શંકા જાય છે : હું યે મરેલો છતાં આની જેમ આગળ તો નથી ધસ્યો જતો ને!

જે ખરેખર જીવતો હોય છે તેને દિવસમાં દસ વાર પોતે મરી તો નથી ગયો ને એની ખાતરી કરવાના પ્રસંગો આવે છે. મર્યા પછી મરી ચૂકેલાના અધિકાર ભોગવવાની પણ બંધી છે.

બીજી એક વાત યાદ આવે છે. (ઘણું કરીને સમરસેટ મોમની): પરપીડનમાં જ જીવનરસ પ્રાપ્ત કરી શકતા એક માણસનું એમાં ગજબનું આલેખન છે. એ પરપીડનના ચક્રમાં એવો તો ફસાય છે કે પરપીડનની નવી નવી તરકીબ શોધવાની પ્રવૃત્તિ જ આખરે એને ભરખી જાય છે – એ આપઘાત કરીને મુક્તિ પામે છે. પરપીડન આખરે આત્મપીડન જ નથી? પણ આવા સાવ સીધાસાદા સત્યના સાક્ષાત્કાર માટે બહુ મોટું મૂલ્ય ચૂકવવું પડે છે.

ફ્રાન્ઝ કાફ્કાની એક નીતિકથા પણ કહી દઉં : માણસોના નેતાને એકાએક મધરાતે સૂઝ્યું કે માનવીનું કીર્તિમંદિર રચવાનું મુહૂર્ત આવી પહોંચ્યું છે. બસ, હુકમ થતાં જ વાર – બધા માનવીઓ ઊમટી પડયા. સંગેમરમરના શ્વેત શિલાખણ્ડ હાથ લાગ્યા. સ્તૂપ રચાવા લાગ્યો. પ્રભાત થાય તે પહેલાં તો ઈમારત ખડી થઈ ગઈ. પ્રભાતના પહેલા કિરણને અજવાળે માનવીઓના નેતાએ એ ઈમારતના પર નજર કરી જોયું તો પથ્થરે પથ્થરે માનવીનાં કાળાં કરતૂતની કથા કોઈએ ટાંકી દીધી હતી! આખરે એ વાત જ અમર થઈ ગઈ!

આ ઘટનાઓ-કથાઓ આપણા યુગની દ્યોતક છે. માનવજાતિના કલ્યાણને માટે પ્રવૃત્તિ આદરવી જોઈએ. મારામાં જે માનવ વસે છે તેને જો એક મુહૂર્ત માટે પણ તૃપ્ત કરી શકું તો એ માનવજાતિના કલ્યાણનું કાર્ય કહેવાય કે નહીં તેની ખબર નથી. પણ એમ કરવાથી કશીક કૃતાર્થતાના રોમાંચ થાય છે. તમે કહેશો: એ તો આત્મપ્રવંચના! હું કહીશ : પ્રવંચના કરવા જેટલો ય આત્મા મારી પાસે બચ્યો છે ને!

જવા દો એ વાત. એક વાતનું આશ્વાસન છે, આશ્વાસન શા માટે, આનન્દ છે કે આવતી કાલે બીજાં વધું પાંદડાં પ્રકટાવી ગુલાબ મને ચકિત કરી દેશે.

એ પાદપશિશુને પોશેપોશે સૂર્ય (પૂષન્) સવારે પ્રાશન કરાવશે. એ આતપપ્રાશનસંસ્કારમાં હાજર રહેવાનું તમને હાર્દિક નિમન્ત્રણ છે.

એક વાત કહેવી રહી ગઈ : સવારે માથામાંનો ધોળો વાળ જોઈ ને ચિરંજીવીએ સાવ સહજ રીતે પૂછ્યું : ‘આ તમારો વાળ ધોળો કેમ થઈ ગયો?’ જીવનમરણનો પ્રશ્ન હતો. મેં જવાબ વાળ્યો : ‘તું મારી પાસે સૂએ છે ને તને રોજ રૂપાંપરી રાતે આકાશમાં રમવા ઉપાડી જાય છે. એની રૂપેરી પાંખની રજ જરાક ખરી ગઈ તે મારા વાળને લાગી.’ શિશુએ ખુશ થઈને કહ્યું : ‘તો તો હું પરીને કહીશ કે મારા મોટાભાઈનું આખું માથું રૂપેરી કરી નાંખો.’

# ચાર

બારી પાસે બેસીને જોઉં છું: ઝરમર ઝરમર તડકો વરસે છે. પાસેની મધુમાલતીની ઘટાએ શીતળતાનો નાનો શો દ્વીપ રચ્યો છે. ત્યાં મધમાખીઓએ આશ્રય લીધો છે, અને મધપૂડાની રચના કરવા માંડી છે, ભારે ધમાલ છે. આમ જુઓ તો નરી નિસ્તબ્ધતા બધે છવાઈ ગઈ છે. બપોરની અલસમન્થર વેળા સાપે ઊતારી નાંખેલી કાંચળીની જેમ પડી રહી છે. એમાં ક્યાંય કશો સંચાર નથી. ફૂલ તરફ જોઉં છં. કશુંક આનન્દના દ્રુત લયથી એકી શ્વાસે બોલી નાંખ્યા પછી બાળકનું મોઢું શ્વાસ લેવા ખુલ્લું રહી ગયું હોય તેવી એ ફૂલોની મુદ્રા છે. એ હમણાં જાણે કશુંક કહેશે એવી ભ્રાન્તિથી કાન સરવા રાખીને સાંભળવાને ઊભા રહી જવાય છે... ત્યાં એકાએક મધુમાલતીની બાજુમાંથી જ અવાજ આવે છે – બજરની દાબડી ખૂલીને બંધ થતી હોય તેવો – ને જોઉં છું તો પાંદડાંના ગુચ્છાની આડશે એક કાચીંડો સ્થિર દૃષ્ટિએ અવિક્ષુબ્ધ અચલાસને બેઠો છે. કૂટસ્થ, નિર્લિપ્ત, એને જાણે કશી ખબર નથી. એક મધમાખી મધપૂડા પરથી ઊડે છે, ને તરત ‘ડબ’ દઈને અવાજ આવે છે, વળી આંખો સ્થિર થઈ જાય છે. અચલાસને પ્રતિષ્ઠિત થઈ ને દૂરની ક્ષિતિજના રહસ્યને તાગતો કાચીંડો પાંદડાંના ગુચ્છની આડશે, યથાવત્ બેસી રહે છે. મધના સ્વાદની એને ખબર છે કે નહીં તે તો કોણ જાણે! ગીતામાંની ભગવાનની વાણી યાદ આવે છે : કાલોસ્મિ લોકક્ષયકૃત્પ્રવૃત્તઃ

આ જ જોયું તે નગ્ન બુભુક્ષા નહોતી. એનું એક વિશિષ્ટ રૂપ હતું. આહાર, નિદ્રા અને મૈથુન તો પ્રાણીમાત્રને છે, પણ એને રૂપ આપીને મનુષ્ય જાણે એની સ્થૂળ પ્રાકૃતતામાંથી છૂટી જવા ઇચ્છે છે. એણે આ રૂપો સરજવાનો પ્રપંચ ભારે વિસ્તાર્યો છે. આરોગવા બેસે ત્યારે લીલીછમ કેળનાં પાન, આજુબાજુ રંગોળી, ધૂપસળી, વાનીઓ રંગબેરંગી, એના

સ્વાદની સાથે એની સોડમ, એને પીરસવાની છટા, એને પીરસનાર – જોયું ને, કેટલો બધો પ્રપંચ!

આથી જ, રૂપ એ આપણો મુખ્ય આશ્રય છે. નિરાકારને ય આકાર આપીએ એટલે ભય નહિ. જો આકારનું આશ્વાસન ન હોય તો માણસ કદાચ ટકી જ ન શક્યો હોત. દક્ષિણનાં મન્દિરોનાં ઊંચાં ગોપુરમ્‌ને જોઈએ છીએ ત્યારે નિરાકાર આકાશની સામે આકારના વિજયોને એ દર્પપૂર્ણ તર્જનીસંકેતય હોય એવું લાગે છે. પણ રૂપનું સર્જન એ પણ એક અજબનો કીમિયો છે. એ રૂપના આશ્રયે રહીને અરૂપનો મહિમા દેખી શકીએ ત્યારે જ એ રૂપ સાર્થક ઠરે. રૂપ પોતાને પ્રકટ નથી કરતું, પ્રકટ થવા જતાં જ એ અપ્રકટતા સિદ્ધ કરે છે. એ પ્રકટતા વન્ધ્ય નથી, કારણ કે પ્રકટતાની બારીમાંથી આપણે એને જોઈ છે.

કહે છે કે પવન પહેલાં આંધળાની જેમ અટવાતો ફરતો હતો,એને પોતાને જ એની ગતિવિધિની કશી ખબર નહોતી. પછી એક વાર ધૂંઘવાતો ધૂંધવાતો એ વાંસના વનમાં થઈને ફૂંકાયો, ને વાંસના પોલાણમાંથી ભરાઈને એ બહાર નીકળ્યો તો એ સૂરમાં ફેરવાઈ ગયો. એને રૂપ મળ્યું. પછી તો માનવી આવ્યો. એણે તો શ્વાસને રમાડીને અનેક રૂપો સરજ્યાં. પણ એ અદેહી પવન રણના વિશાળ વિસ્તાર પર વિરાટ પગલી પાડતો ચાલે છે. ત્યાં એનો રોષ વરતાય છે કારણ કે ત્યાં એને રૂપ આપનાર કોઈ નથી. માણસના બે હોઠના બીબામાં એનું રૂપ ઢળાય છે. સાગરના અફાટ વિસ્તાર પર ઊછળતાં મોજાં પણ રોષે ભરાયેલા પવનનાં જ પગલાં છે.

પવન કવિને પડકારે એવું એક તત્ત્વ છે. આમ જુઓ તો એનાં કેટલાં રૂપ છે! દીપની સ્થિર જ્યોતને ભેટતો પવન, લજ્જાળ યુવતીના પાલવમાં ભરાઈને એને સઢમાં ફેરવી નાખતો પવન, બંધ કરેલાં દ્વારની ફાડમાંથી અંગને સંકોચીને ચોરપગલે દાખલ થઈ જતો, પવન, અવાવરુ વાવના અંધારાના લેપવાળા પાણી પરની લીલની ઝૂલને હલાવી જતો પવન, બે મૂઢ પ્રેમની વચ્ચે ઘૂઘવાતો પવન, સૂકાયેલાં પાંદડાં વચ્ચેથી સાપની જેમ સરરર સરી જતો પવન, આકાશની નીલ જવનિકાને ઊડાડતો પવન, ઘણી વાર બેઠા બેઠા આ પવનને જોયા કરવાનું ગમે છે.

પણ ઘણી વાર એ જોયું જીરવ્યું જતું નથી. આપણે સ્પર્શેન્દ્રિયને લગભગ જૂઠી કરી નાખી છે. ઋતુઋતુએ, દિવસને જુદે જુદે સમયે પવનના સ્પર્શ માણવા જેવા હોય છે. લાંબે ગાળે બહારથી આવીને ઘર ખોલીએ ત્યારે બારણું ખૂલતાંની સાથે જ

આપણને ઘસાઈને ત્વરાથી બહાર છટકી જતો પવન, મુંબઈ જેવા શહેરના અંધારિયા ને ભેજવાળા ભોંયતળિયે આળસુ થઈને પડ્યો રહેતો પવન, ફેંકી દીધેલા કાગળના ટૂકડા સાથે પકડદાવ રમતો શિશુપવન, ઐતિહાસિક ઈમારતના ખંડેરમાં ઘૂમરાઈને કોઈ મહાકવિના આખ્યાનકી અનુષ્ટુપમાં ભૂતકાળના સર્ગબદ્ધ મહાકાવ્યનો પાઠ કરતો પવન, પ્રિયતમાના મુખમાંથી સખીના કાનમાં ચોરી છૂપીથી સરી જતા પ્રિયતમના પ્રથમ નામોચ્ચારના ઉષ્ણ ઉચ્છ્વાસ રૂપ પવન, નીલિમાના કપોલને છેડીને એના આનન્દવિહ્વલ સ્પર્શના રોમાંચથી આપણા લોહીમાં ભરતી રેલાવી દેતો પવન…

બસ, પવન જોડે હરીફાઈમાં નહીં ઉતરાય. આપણા કાવ્યસાહિત્યમાં પવનને રૂપ આપતી કવિતા કેટલી છે વારુ?

માગશરના ઠંડીના દિવસ છે. ઘરમાં તાપણું કર્યું છે. સળગતા લાકડાની ઝાળ ભીંત પર બિહામણા પડછાયા પાડે છે. દાદીમા જે રાક્ષસની વાત કરી રહ્યાં છે તેની ‘માણસની ગંધ આવે, માણસ ખાઉં’ કહીને લપકારા મારતી જીભ જ જાણે! ભયનો રોમાંચ પણ માણવા જેવો હોય છે. દાદીમા વાત શરૂ કરે : ઘોર અંધારું વન છે, સૂરજદાદાને ય પેસવા નહિ દે એવું – ને પછી દાદીમાનો મન્દ કમ્પવાળો અવાજ કેટલાય અવાજોની સૃષ્ટિ ઊભી કરી દે છે – વનનો રાક્ષસી વીંઝણો વીંઝાય તેનો અવાજ, તમરાંનો અવાજ, રાજકુંવરીના ઝાંઝરનો અવાજ, રાજકુમારના પુરપાટ દોડ્યે જતા નીલપંખ ઘોડાના દાબડાના અવાજ, ને વાતાવરણ રચાઈ જતું, રજાઈની હૂંફમાં સુખથી ઢબુરાઈને અજાણ્યા ભયથી ફફડી ઊઠવાની શી લિજ્જત હતી! ઝાડની ડાળી હાલે ને જાણે રાક્ષસે હાથ લંબાવ્યો. બારીમાંથી પવન સૂસવાટો કરતો વાયને જાણે ઊંઘતા રાક્ષસના નસકોરાં બોલ્યાં, બા બારણાની સાંકળ ચઢાવે ને જાણે રાજકુંવરીના ઝાઝર રણક્યાં! વૃદ્ધાવસ્થાની એક નિશાની કદાચ એ છે કે આ અવાજની સ્મૃતિની તાદશ્યતા ઝાંખી થતી જાય છે ને બાળક? એને તો એમ જ થયા કરતું હોય છે : પતંગિયું થાઉં તો, મોર થાઉં તો, વાદળ થાઉં તો! – ને આખરે એ ક્યાં અટકે તે જાણો છો? – હું ભગવાન થાઉં તો! આપણને બધાંને તો જીવવાની ટેવના બખિયા મારીને કોઈએ સીવી દીધાં છે. બાળકને હજુ કોઈ એવા બખિયા ભરી શકતું નથી. જીવનથી એવું તો ફાટું ફાટું થઈ રહે છે કે એને કોણ બખિયા મારવાની હિંમત કરે? કોઈ વાર અધરાતેમધરાતે ચન્દ્રકિરણની આંગળીઓ આપણા આ બખિયાને ઉકેલી નાખે છે ને ત્યારે ઘણા વખતથી આપણામાં પૂરાઈ રહેલો પેલો શિશુ ‘એન ઘેન’ ‘રમવા જમવા’ છુટ્ટો થઈ જાય છે.

આવી તિથિઓ પંચાંગમાં નોંધાતી નથી. પણ જીવનમાં આવે છે ખરી. ને ત્યારે શિયાળાની ઠંડી રાત પ્રાત:કાળ તરફ વળતાં એની નાડીમાં જે ક્વોષ્ણ કમ્પનો આછેરો સંચાર થાય છે તેમાં ભળી જવાનું મન થાય, અન્યમનસ્ક બનીને આંગળીને ટેરવે સાડીનો છેડો વીટાળ્યા કરતી મુગ્ધાની દૃષ્ટિના દોરમાં ગૂંથાઈ જવાનું મન થાય, સ્થિર પાણીમાંથી એકાએક ઉછળી આવતી માછલીની આર્દ્ર રૂપેરી કાયા પર સહેજને માટે સૂર્યકિરણ બનીને ચમકી ઊઠવાનું મન થાય, ઉનાળાની બપોરની ઉષ્ણ નિસ્તબ્ધતાને અર્કરૂપે સારવી લઈને ઘૂઘવતા હોલાને કણ્ઠે ઘૂઘવી ઉઠવાનું મન થાય, શિશુના નાનકડા મુખમાં ન સમાતાં રેલાઈ જતી દૂધની ધાર બનવાનું મન થાય...

ઊંઘના ભારને અળગો કરીને શરીરને વળી ટટાર કરીને સવારે આપણે ઊભા થઈ જઈએ છીએ, કેમ જાણે કશં જ બન્યું નથી. પણ એક દિવસે એ ભાર અળગો કરી શકાતો નથી, ત્યારે આ કાયાને કોઈ સંકેલી લઈને ચાલતું થાય છે, ત્યારે બાળપણની પેલી પાંખાળી સોનાપરી કદાચ ફરી મળતી હશે., પણ એના નાજુક ખભા પર આપણો ભાર ટકી શકે ખરો? પણ ત્યારે કદાચ આપણને ય નાજુક થવાનો કીમિયો હાંસલ થતો હશે. ને તેથી જ જૂઈની કળી બનીને એકાદ દિવસ પૂરતું ખીલી જવાનું આપણે મંજૂર રાખતા હોઈશું.

# પાંચ

ગ્રીષ્મની બપોર. માર્ગો નિર્જન છે. સૂર્યના હજાર હાથના આશીર્વાદ મસ્તકે ઝીલવાની કોઈની મગદૂર નથી. સમય પણ જાણે પોતાની પગલી ભૂંસીને ક્યાંક સરી ગયો છે. એવામાં ક્યાંકથી, કોઈક ઘૂઘવે છે. ગ્રીષ્મની આ નિસ્તબ્ધ બપોરના ઉજ્જ્વલ રહસ્યને એણે જાણે એના કણ્ઠમાં સારવી લીધું છે. ચોમાસામાં દેડકાંનો એકધારો અવાજ એવી જ રીતે વર્ષાના હાર્દને પ્રકટ કરે છે. વિદ્યાપતિએ તેથી જ તો એનાં પદમાં દેડકાંને અમર કરી દીધાં છે. પાસ્તરનાકની નવલકથા ડૉ. ઝિવાગો વાંચો તો તેમાં રશિયા એના સમસ્ત પ્રાકૃતિક વ્યક્તિત્વ સહિત આપણી આગળ ખડું થાય છે. પણ નગર અને અરણ્ય વચ્ચેનું અંતર વધતું જાય છે, આથી નાગરિકનું અને આરણ્યકનું જીવન પણ જુદું બનતું જાય છે. આની અસર સાહિત્ય પર પણ થવાની જ, નગરસંસ્કૃતિની વન્ધ્યતા Waste Landમાં એલિયેટે આલેખે., એનું બીજું રૂપ ડૉ. વિલિયમ્સે પેટર્સનમાં આલેખ્યું. પણ અરણ્યના પર્ણ-મર્મરનો પેલો આદિ લય હજુ આપણી નાડીમાં છે નગરમાં પણ મનુષ્ય અરણ્ય સરજ્યાં છે. એની આંધળી વાસનાનો વ્યાકુળ ઉચ્છ્વાસ એના જીવનને માટેનાં વલખાં અને કારમી બુભુક્ષા આ બધાંની પણ એક જટિલતા છે. આ જટિલતાનું સમગ્ર દર્શન હજુ આપણી કવિતાએ તો આપવાનું છે. એ જે જટિલતાની વાત કરે છે તે તો બીબાંઢાળ, જેની વાત કરવી ફાવે એવી, જટિલતા છે, એની વાત કરતાં ભાષાને પોતાનું આખું ક્લેવર બદલવું પડયું હોય, એમ કરતાં જે મુશ્કેલી નડી હોય તેનો ખ્યાલ આ કવિતા વાંચતા આવતો નથી. આપણી નવલકથા પણ આ જટિલતાના મર્મ સુધી પહોંચી શકે એવી કવિતાવાળી બની નથી. અત્યારેતો 'ઇંધણ ઓછાં પડયાં' હોય એવું લાગે છે. આનું એક કારણ કદાચ એ છે કે આપણા

સર્જકમાં પૂરતી માત્રામાં અલગારી સ્વભાવ નથી. એ વધારે પડતી દોડધામમાં મચ્યો રહે છે. ગ્રીષ્મની નિસ્તબ્ધ બપોરના નિર્જન એકાન્તમાં પેલો હોલો જે અલગારીપણું ભોગવે છે તે હજુ એને સિદ્ધ થયું નથી. એની પાસે બૌદ્ધિક સિદ્ધાન્તો (મોટા ભાગના ઉછીના લીધેલા), પોતાની રચનાને આધુનિક કે અત્યાધુનિક ઠરાવવાને માટેની તદબીર છે પણ એ બધા ઘોંઘાટથી પર રહીને, કશી ઘોડદોડમાં ઊતર્યા વિના આજુબાજુના વિરાટ જીવનને સ્થિર દૃષ્ટિએ જોઈને એના અર્ક સારવી લેવાની હામ કે ધીરજ કદાચ એનામાં નથી, આ મૂળ મુદ્દાની વસ્તુ ખોટ ફેશનપરસ્તી કે નવીનતાના જાદુથી પૂરી નહિ શકાય. જીવન સંકુલ છે – આજે જ એ સંકુલ બન્યું છે એમ નથી. વાલ્મીકિને ય એ એના જમાનામાં એટલું જ સંકુલ લાગ્યું હશે. પણ સંકુલને પ્રાંજલ બાનીમાં નિરૂપી શકાય. સંકુલ અને પ્રાંજલનો આ વિરલ યોગ પણ હજુ આપણી કવિતાએ સાધવાનો છે. ઊંડી મીમાંસા કે સમીક્ષા ખમી શકે એવી સમૃદ્ધિ હજુ આપણી કવિતા પાસે નથી. તમે બે ત્રણ વાતમાં એની બધી પ્રવૃત્તિને સમેટી લઈ શકો છો. આજકાલ લોકબોલીના લયની બોલબાલા છે, પદ્યકલ્પ ગદ્યની શોધ ચાલી રહી છે, પણ આ કેવળ એક પ્રતિક્રિયા રૂપે છે કે પછી ઊંડે ઊંડે વરતાવા માંડેલી કોઈ મૂળભૂત આવશ્યકતાનો અણસાર છે તે વિચારવાનું રહે છે. આપણા ત્રીસીના કવિઓ અને તેમની પછીની પેઢીના કવિઓની કાવ્યબાનીનો ઢાંચો તપાસવા જેવો છે. એનો અમુક લઘુતમ દઢભાજક બહુ સહેલાઈથી નીકળી શકે. કાવ્યબાની પર કવિના વ્યક્તિત્વની મુદ્રા હજુ અંકિત થયેલી દેખાતી નથી. કેટલીક વાર એમાંથી સંસ્કૃત કવિતાનું અનુરણન સંભળાય છે તો કેટલીકવાર પોતાના સમકાલીનોના પડઘા પણ ઊઠતા હોય છે. કવિતાનો જે નૈસર્ગિક ઉચ્છ્વાસ તો હજુ ક્યાંય આપણને સ્પર્શીને રોમાંચિત કરતી જતો હોય એવું લાગતું નથી. ઘણું ઘણું બહાર રહી જાય છે – કવિતાની એક પંક્તિની સાથે આપણા હૃદયમાં કાંઈ કેટલું બધું ચાલ્યું આવે, એથી આપણે મૂંઝાઈ મરીએ. આવું bafflement આપણી કવિતા કરાવતી નથી. એ સહેજમાં તો હતી ન હતી થઈ જાય છે. આ બધાંનાં કારણોની શોધ આપણા વિવેચને કરવાની છે. વિવેચન, દુર્ભાગ્યે, કેટલીક અપ્રસ્તુત વીગતોમાં અટવાયા કરે છે. કવિને શ્રદ્ધા છે કે નહીં તે શા માટે આપણી ચિન્તાનો વિષય બને? શ્રદ્ધામાં અશ્રદ્ધા એ પણ મૂલ્યબોધની અનિવાર્ય ભૂમિકા નથી? નહિ તો આપણાં મૂલ્યોને આમળો કોણ ચઢાવે? એને ટકાઉ કોણ બનાવે? શ્રદ્ધાનું રટણ કરીને માથું ધૂણાવનારમાં એક પ્રકારની કાપુરુષતા રહેલી છે, જે સાહિત્યને કોઈ કાળે ય ન પરવડે. સમકાલીનોનો નિર્ણય કાંઈ સાચો જ

હોય ને આખરી જ નીવડે એવું તો નથી, નિર્માણની પળે પોતાના નિઃશેષનો કબજો જો કૃતિએ લઈ લીધો હોય તો બસ. એમાં દિલચોરી ન પરવડે, વિષ્ણુપ્રસાદ કે ઉમાશંકરની દૃષ્ટિએ એ કેવી દેખાશે એ ય વિચારવાનું ન હોય. એ લોકો ય જો બધી શક્યતાઓ તરફ દૃષ્ટિ રાખીને નહિ ચાલે, અનુદાર, કૃપણ કે અસહિષ્ણુ બને તો કવિતાને ટૂંપી નાંખવા જેવું જ કરે. 'કુમારનું' પહેલું પાનું કે 'સંસ્કૃતિનું' ફલાણું પાનું કવિતાના બાલ્યકાળનું ક્રીડાંગણ કે ઘુંટણિયા કરવાનું સ્થળ ભલે બને, કવિતાનું આખું જીવન જો એટલી જ મર્યાદામાં જીવવાનું હોય તો જુલમ થઈ પડે. આપણાં સામયિકોની પણ પરીક્ષા ભવિષ્યનું વિવેચન કરશે. એમણે કઈ કસોટીએ કવિતાને ચઢાવી? કવિ લોકવ્યવહારની ભાષાની બને તેટલો નિકટ જાય, રોજિંદી વાતચીતનો લહેકો, લય – બધું પકડી લાવે, પરમ્પરાથી પણ અળગો ન બને તેમ છતાં એ જે અનુભૂતિનું નિરૂપણ કરતો હોય, એ અનુભૂતિને જોવાની એની જે દૃષ્ટિ હોય તે સહજગમ્ય ન પણ બને. એનો વાચ્યાર્થ આપણા ગામના રામા પટેલને પણ સમજાય, પણ એનો વ્યંગ્યાર્થ એટલો તો સમૃદ્ધ હોય કે જમાના સુધી એવી શોધખોળ કરતાં આપણે થાકીએ નહીં. વળી એકીસાથે અનેક સ્તર પર વિહરતી કવિતા આભાસી સરળતા ધારણ કરે છતાં એની ભૂમિ પર પગ મૂકતાં જ એ કેટલી દુર્ગમ છે તે તરત વરતાઈ જાય. એક કાળે કવિતાની સરળતા એ જ એની દરિદ્રતા એમ મનાતું હતું. પ્રસ્તુત અને અપ્રસ્તુત વચ્ચેનો સમ્બન્ધ આકસ્મિક અને ચમત્કારી હોય. સામ્ય અને વિરોધની ગૂંથણીનો કસબ અટપટો હોય, કવિની અંગત સૃષ્ટિના અગોચરના અન્ધકારનો એમાં સ્પર્શ હોય, ભાવસ્થિતિના ચટુલ આવર્તનો હોય તો જ કવિતા કંઈક ઊંચી કોટિની છે એવું એક મૂલ્ય સ્થપાયું હતું. હવે વળી પરિસ્થિતિ બદલાઈ છે. ગાંધીજીએ કહ્યું હતું માટે આપણે લોકબોલી તરફ વળ્યા નથી. એનું કારણ જુદું છે. સાહિત્યિક ભાષા જીર્ણ ને રેઢિયાળ થઈ લાગે. એ જીવતી ભાષામાંથી પોષણ મેળવતી અટકી ગઈ લાગે ત્યારે વળી સ્તન્યપાન માટે એ માતા તરફ વળે, આવું વલણ આજે ફરી દેખાય છે. અંગ્રેજી કવિતાની ગતિવિધિથી જે પરિચિત છે તેને ત્યાં જ પણ આ વલણ સ્પષ્ટ થતું જાય છે તેની ખબર હશે જ. ડોનાલ્ડ ડેવીએ રજૂ કરેલી કાવ્યવિભાવના આ સંદર્ભમાં જોઈ જવા જેવી છે. હવે કાવ્ય પ્રહેલિકાનું રૂપ ધારણ કરે તે સ્વીકાર્ય લાગતું નથી. કંઈક સુસંગત, ગદ્યના સીમાડા સુધી કશી ઈજા કર્યા વિના ખેંચી આણી શકાય એવું, કાવ્યનું હાર્દ હવે અપેક્ષિત છે. આ કારણે Larkin કે Betjeman નવા વલણના પ્રતિનિધિરૂપ કવિ ગણાતા થયા છે. જીવનના તથ્યનું કાવ્યના સત્યમાં રૂપાન્તર

કેવી રીતે સિદ્ધ થતું આવે છે, એની પ્રક્રિયા – એની સમસ્ત અવાન્તર સ્થિતિઓ સહિત – તપાસવાનું હજુ આપણા વિવેચને માથે લીધું જ નથી. ફલાણા કવિમાં જીવન પ્રત્યેની ભદ્ર દૃષ્ટિ છે, ફલાણો નિરાશાની વાત કર્યા પછી અન્તે તો ભાવીમાં શ્રદ્ધા પ્રગટ કરે છે – આવી આવી વાતો આપણે દોહરાવ્યા કરીએ છીએ. કૃતિના શબ્દે શબ્દની તપાસ, પરિશ્રમપૂર્વકની તપાસ, થવી જોઈએ, ‘આસ્વાદ’ કે ‘પરિશીલન’ને નામે સ્વૈરવિહાર કરવાનું સરળ પડે, કવિતાને બાજુએ મૂકીને યથેચ્છ મનોભૂમિની સહેલગાહે જવાનું વધુ ફાવે, પણ એથી કાવ્યને લાભ ન થાય.

# ૬૭

ગ્રીષ્મના મોગરા અને શિરીષની અત્યુક્તિ હવામાં સંભળાયા કરે છે. પછી ચૈત્ર તરફથી વૈશાખ તરફ ઢળતાં આ અત્યુક્તિનો ઘેરો રંગ ગુલમોરમાં ઘૂંટાઈને લાલચટ્ટક બનશે. વર્ષામાં થનારા પૃથ્વી અને આકાશના ગાઢ પરિરમ્ભણની કુંકુમપત્રિકા ગુલમોરની લિપિમાં લખાઈ જશે. શીમળાના ફૂલની રતાશ પણ એવી પ્રગલ્ભ છે. પણ શીમળો રેશમ જેવા રૂની સાથે પોતાનાં સ્વપ્નોને જાણે ઉડાવે છે. મહુડાની મદિર સુગન્ધ પણ ગ્રીષ્મના પાત્રમાં ઘૂંટાય છે. ગ્રીષ્મ આવે છે ને મન ઝાલ્યું રહેતું નથી. શૈશવ અને કૈશોર્યનું સંગી પેલું ગુજરાતની પૂર્વ સરહદના તાપી કાંઠાનું, અરણ્ય યાદ આવે છે ને મન ઝૂરે છે, તરુણ વાંસની હરિતપીત ક્રાન્તિ યાદ આવે છે, તાપીના જળનો કલનાદ યાદ આવે છે. વૈશાખ અને જેઠમાં ફૂંકાતા વાયરાના તાલ સાથે તાલ મેળવી ઝૂકતી લ્હેકતી અરણ્યની વનરાજિ દૃષ્ટિગોચર થાય છે. ત્યાં જાણે જીવનના એક અંશનું કાળરૂપી રાવણ હરણ કરી ગયો છે. એને ફરીથી પ્રાપ્ત કરવાને માટેનો સેતુબન્ધ બાંધવાનો પુરુષાર્થ હજી ય કરવો બાકી રહ્યો છે. અરણીની શાખાઓ ઘસાવાથી ડુંગરેડુંગરે દીપમાળા પ્રકટશે. વાઘની બુલંદ ત્રાડ સંભળાશે ને ધૂળની ડમરી વચ્ચે ચકરડી ઘૂમતી ડાકણ દેખાશે અદ્‌ભુત અને ભયાનકોનો એ સીમાપ્રાન્ત, એના દુર્ગમ ઘાટ અને ડુંગરબારીઓ, (યાદ આવે છે : એકનું નામ વાઘબારી, એટલી સાંકળી નેળ કે એમાંથી વાઘ જ કૂદીને જઈ શકે) એકે એક વાંસ, નહિ જવા દઉં, કહીને આડો હાથ ધરીને ઊભો હોય! એ પ્રદેશમાંથી થયેલી હદપારીનો વ્રણ આ ગ્રીષ્મ ઊખેળી મૂકે છે! મન ઝૂરે છે, ઘણું ઘણું યાદ આવે છે : પેલી વિમલા, આંખો પટપટાવતી આંબાની ડાળે ઝૂલતી હોય; વાતવાતમાં ‘ધાર કે જાણે હું દમયન્તી હોઉં,’ ને જંગલમાં ભૂલી પડી હોઉં, ધાર કે જાણે

હું આ હોઉં, તે હોઉં, એમ કહીને બોલવાની ટેવ. બસ ઊડું ઊડું કરતી ચરકલડી! ઘણે વર્ષે એને જોઈ ત્યારે પેલી ‘ધાર કે જાણે’ની તરલ કાન્તિ એની આંખોમાં શોધવાની હામ નહોતી રહી. અમારી વચ્ચે અનેક દિવસોનું જંગલ ઊભું હતું.

# સાત

આ ઉનાળાની સવારનો તડકો, એનું પોત કેવું ઘટ્ટ હોય છે! એ જાણે વિધાતાની ઝોળીમાંથી અસાવધાનતાને કારણે પડી ગયેલો કોઈકના ભાવી સુખનો ખણ્ડ ન હોય! એને ચોરીછૂપીથી સંતાડી મૂકવાનું મન થાય છે. પણ વિધાતાની અસાવધાનતા કાંઈ ઝાઝી વાર ટકતી નથી, તરત જ કોઈ એને સંકેલીની પાછી લઈ જાય છે, ને મન એની પાછળ રઝળે છે. પછી તો મબલખ તડકો જ તડકો – લૂંટાય એટલો લૂંટો. મનના લોભને ક્યાં થોભ છે. અષાઢના અંધારા દિવસોમાં કામ આવે એટલા માટે આ ચૈત્ર-વૈશાખના તડકાનો સંચય કરી રાખવાનો લોભ જાગે છે, પણ મેદુરતાની ય અજબ માયા હોય છે! કેટલી ઊર્મિઓને મેદુરતાને ખોળે જ રમાડી શકાય છે. વિરહને ઐશ્વર્યની જેમ ભોગવવો હોય તો આષાઢની મેદુરતાની આબોહવા જોઈએ.

# આઠ

પ્લાસ્ટર જેના પરથી ઊખડી ગયું છે એવી આ ભીંત પર સવારનો કૂણો તડકો અને મધુમાલતીની લતા – આ બે મળીને એક સુન્દર ભાત ઉપસાવે છે. એની સાથે ભળે છે મધુમાલતીનાં ફૂલની સુવાસ અને સવારના તડકાની માફકસરની હૂંફ. રોજ સવારે આટલું તો ભોગવવાનું મળવાનું જ એ જાણીને મન હરખાઈ ઊઠે છે. શૂન્ય અવકાશમાંથી આવતી વાયુની અશરીરી લહર ક્યાંયથી જાણે કશોક સંદેશો ગૂઢ સાંકેતિક લિપિમાં લઈને આવે છે. એ સંદેશ જાણે એ પુષ્પોની પાસે ઉકેલાવવા જાય છે. બે પાંદડીની વચ્ચેની મુલાયમ શીતળતામાંથી પસાર થઈને એ ગૂઢ સંકેત સુવાસના ઇંગિતે પ્રકટ થઈને સર્વત્ર વ્યાપી જાય છે. રોજ હું આ સંદેશ ઉકેલવાની રમત જોયા કરું છે, ને ત્યારે મને લાગે છે કે આવી જ કશીક ગૂઢ લિપિ લઈને આખું વિશ્વ આપણી આગળ આવીને ઊભું રહે છે. હૃદયના એ ધબકારા વચ્ચેના વિરામની નિસ્તબ્ધતામાં સ્થિર થઈને એનો ભેદ ઉકેલી શકાતો હશે. ગતિના બે છેડાની વચ્ચેની આ સ્થિતિ અને દૃઢતાનો આપણને ઘણો ખપ છે. કાવ્યમાં શ્રદ્ધા, દર્શન વગેરે તત્ત્વોની અપેક્ષાની આપણે વાતો કરીએ છીએ ત્યારે વાત સહેજ અટપટી બની જાય છે. શ્રદ્ધા તે શેની શ્રદ્ધા? અનુભવના પરિઘના બધા જ અંશોને સ્પર્શવાની અશક્તિને તો આપણે આ શ્રદ્ધાને નામે ઢાંકતા નથી? કવિને કે સર્જકને શ્રદ્ધા હોય તો તે માત્ર એટલી જ કે આ સૃષ્ટિમાં અનુભવોનાં અનેક રૂપ ઘડવાનો પૂરો અવકાશ છે, એનું રહસ્ય અખૂટ છે. આ રૂપનું સર્જન અને એ રૂપના નિર્માણથી જ બૃહત્ અરૂપની વ્યંજના-ચાલ્યા જ કરશે. એનો અન્ત નહિ આવે, આ વિશે સર્જકોને શ્રદ્ધા હોય તો જ એ કશાકનું નિર્માણ કરવા પ્રેરાય. દર્શન તો કૃતિમાંથી નિષ્પન્ન થાય. સૃષ્ટિ પહેલાં, પછી દૃષ્ટિ. દૃષ્ટિથી જ જો સૃષ્ટિ

નિયન્ત્રિત થતી હોય તો એમાં ભૌમિતિક વ્યવસ્થા આવશે, પણ નૈસર્ગિક સ્વયંભૂતા નહિ આવે. દૃષ્ટિ ઘડાય છે કૃતિના અંગની અંદર રહીને, એની બહાર નહિ. જ્યાં દૃષ્ટિને અનુસરીને સૃષ્ટિ ચાલે છે ત્યાં એમાં કશુંક રહસ્ય રહેતું નથી, બધું અત્યન્ત પ્રકટ બની રહે છે, ને અમુક નિયમની ફલાણી કલમ લાગુ પાડીને એનો હવાલો આપી શકાય છે. પણ એ તો જુદી જ દુનિયાની વાત થઈ. વિવેચન પણ જ્યારે આવો હવાલો આપવા બેસે ત્યારે એ સાહિત્યની દુનિયામાંથી આપણને દેશનિકાલ કરવાનો જુલમ ગુજારે છે.

# નવ

વાત કાંઈ નવી નથી. પાંદડાં ખરે છે, વૃક્ષની શાખાઓ નગ્ન થતી જાય છે. ખરેલાં પાંદડાંને પવન હાંકી જાય છે. એનો એ પ્રકારનો અવાજ રહી રહીને સંભળાયા કરે છે. આ પાનખરનો સૂર છે. ઋતુઓના સંગીતના સાજમાં એનું પણ સ્થાન છે. આજકાલ એ સૂર સંભળાયા કરે છે, રસ્તે ચાલતા હોઈએ ત્યાં પાછળથી ઉતાવળિયો પવન ખરેલાં પાંદડાંઓને દોડાવતો, આપણને સહેજ હડસેલીને ચાલ્યો જાય છે. ખરેલા પાંદડાંઓના પુંજ વચ્ચે રહીને નાની શી કુંપળને ફૂટવાનું કેટલું મોટું સાહસ કરવું પડતું હશે! પણ એ કુંપળ ફૂટે છે. કૂણી તામ્ર કાન્તિથી વૃક્ષ પરિમણ્ડિત થાય છે ને ચૈત્ર સુધી પહોંચતાં તો પેલાં પાંદડાની વાત ભૂલાઈ જ જાય છે.

પણ ખરતાં પાંદડાં ચાલ્યાં જાય છે તે દિશા તરફ આપણી દૃષ્ટિ રહી રહીને વળે છે. જે જીવનમાંથી ગયું તે બીજે રસ્તે થઈને સ્મૃતિમાં સંચિત થયું. અનાગતને પણ એ ઘડે છે. આપણું જીવન જ આ ત્રણે કાળનો ત્રિવેણી-સંગમ છે, જે અનુભવમાં આ ત્રિવેણીસંગમની વ્યંજના રહી હોય તે જ અનુભવ સાર્થક થયો કહેવાય. કવિની પ્રતિભા અનસૂયા જેવીછે, એ ત્રણે ય કાળને બ્રહ્મા, વિષ્ણુ કે શિવની જેમ પોતાને ખોળે રમાડે છે. કોઈ પણ ભાવ કે અનુભૂતિનો વિરુદ્ધ છેડો, એનો શક્ય વિસ્તાર અને એની અન્તર્નિહિત અપ્રકટ શક્યતા – આટલાનું એમાં સૂચન હોય જ. તો જ એને પૂર્ણતા પ્રાપ્ત થઈ કહેવાય, નહીં તો એ અપંગને વિકલાંગ બની રહે, જે કોઈ કવિ કે સર્જકે નવું પ્રસ્થાન કર્યું હશે તે આ સ્વરૂપની પૂર્ણતાની દિશામાં જ કરેલું દેખાશે. આજની આપણી કવિતાની સૌથી મોટી મર્યાદા જ આ છે. એમાં એકાદ અંગના પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. સર્વાશ્લેષી સમગ્રતાનો એ અનુભવ કરાવતી નથી. હમણાં સહમણાં એમ કહેવાતું

સંભળાય છે કે આજનો કવિ છન્દ અને લય વિશે વધુ સભાન બન્યો છે. વારુ, એવી સભાનતા તો કવિ બનતાંની સાથે એણે કેળવી લીધી જ હોવી ઘટે. પણ એને પરિણામે શું સિદ્ધ થયું તે તપાસી જોઈએ. સંસ્કૃત વૃત્તોને આપણે સાવ છોડયાં તો નથી જ, ને નવાં અર્થાનુસારી આવર્તનો કે લય ઉપજાવવાને માટે ગુલબંકી, હરિગીત કે ઝૂલણાનાં પરમ્પરિત રૂપોથી આગળ આપણે કેટલેક વધ્યા છીએ વારુ? આનો પણ એક ચીલો પડી ગયો. પણ સાથે એક વૃત્તિ દેખાવા લાગી. બુદ્ધિની કુશાગ્રતા(!)થી કશુંક સ્થાપી આપવાનો પ્રયત્ન, પંક્તિઓને તોડીને એને અમુક આકારમાં કેમ ગોઠવી? (ડિલન ટોમસ કરતો હતો તેથી નહિ કે ઇ. ઇ. કમિન્ઝ એવી રમત રમે છે માટે તો અલબત્ત, નહિ જ!) કૌંસનો ઉપયોગ હમણાં હમણાંનો શા માટે વધ્યો? (એક પ્રમુખ કવિએ પીઠ થાબડીને કહ્યું : કેટલાક કવિઓ કૌસમાં ઘણું ઘણું કહી જાય છે.' તેથી પ્રોત્સાહન પામીને તો નહિ જ!) ફલાણા કાવ્યસંગ્રહનું ફલાણું નામ શા માટે રાખવામાં આવ્યું! – આ બધું સમજાવવામાં મુગ્ધ અને વિદગ્ધ નહીં એવા ભોળા રસિકોને તરેહ તરેહની તર્કગુલાંટના ખેલ બતાવીને ચકિત કરી દઈ શકાય. પણ આ ચાકચિક્ય ક્યાં સુધી ટકશે વારુ? કવિ સહસ્રબાહુ હોવો જોઈએ. જુદા જુદા હજાર હાથે એ નવી નવી ભણિતિભંગી પ્રકટાવતો હોવો જોઈએ. કૌંસની ગણતરી અને એનો ખુલાસો, પ્રતીક નહિ હોય ત્યાં પ્રતીકની પધરામણી અને એનું માહાત્મ્યગાન, કાવ્યસંગ્રહના નામનો કોથળો છોડીને એમાંથી જાદુ કરતા હોઈએ તેમ 'જુઓ છોકરાઓ ખેલ બતાવું છું' કહીને એક પછી એક ચાતુરીના ખેલ બતાવીને ભોળા લોકોને ચકિત કરી દેવાની વૃત્તિ પેલા કવિને તો હાનિ કરશે જ, પણ વિવેચનના માર્ગમાં પણ એ એક અન્તરાય બની રહેશે. કવિ નીવડેલો માલ પૂરો પાડવાની ખટપટમાં પડી જશે, એના નવસેં નવ્વાણું હાથ એક ઝાટકે છેદાઈ જશે. વિવેચન ફેશનનો પ્રચાર કરતું થઈ જાય, સર્જકોને તારસ્વરે એ ફેશનના ફાયદા સમજાવતું થઈ જાય ત્યારે ઉપકારક બનવાને બદલે અપકારક જ નીવડે. આને જ પરિણામે ઉમાશંકર-સુન્દરમ્ પછીની નવી પેઢીની કવિતા હવે એ રગશિયે ચીલે ચઢી ચૂકી છે એવું લાગવા માંડયું છે. પ્રતીક અને Image વગર કવિને ન ચાલે. કવિ તર્કના પ્રમેયો ગોઠવતો નથી, પ્રતીક અને Image રચે છે. કવિતામાં વાક્ય અને વાક્યનો અન્વય હોતો નથી. પણ પ્રતીક અને પ્રતીક વચ્ચેનો, Image અને Image વચ્ચેનો અન્વય હોય છે. જો એમ ન હોયતો પછી કાવ્યનો આશ્રય લેવાની જરૂર જ શી હતી? પણ કેટલીક નવી કવિતા વાંચતાં એવી છાપ પડે છે કે એ પ્રથમ ગદ્યમાં ઘડાઈ ને પછી એણે ખોળિયું બદલ્યું. આનાં

કારણો છે. પ્રતીકનું વજન ઝીલે એવું કાવ્યનું કાઠું ઘડાયું હોવું જોઈએ; એ પ્રતીક કાવ્યની અંદર જીવતું થઈ શકે એવો ભાવસંદર્ભ, એવી ભાવની આબોહવા કાવ્યમાં ઉપજાવેલી હોવી જોઈએ. નાનું સરખું ફૂલ ઉપર આખા ખુલ્લા આકાશના વિસ્તારની બાંહેધરી પામીને ખીલી શકે છે, તે મુજબ કાવ્યની અંદર પણ પ્રતીકની વ્યંજનાના વિસ્તારને માટેનો પૂરતો અવકાશ હોવો જોઈએ. આ બધું ન હોય તો પછી એનો અભાવ તર્કની કુશાગ્રતાથી કે વિદગ્ધતાથી પૂરી ન શકાય. કવિતા એક જ પગલું ભરે તે ન ચાલે, એણે ત્રણે પગલાં ભરવાં જોઈએ. જ્યાં વિભાવનાઓનાં ચોકઠાં બંધાયાં નથી, જ્યાં તૈયાર સંજ્ઞાઓથી ભાવને ઓળખી શકાતો નથી એવા અનુભૂતિના અગોચર સ્તરને તાગવાનું સાહસ હજી આપણી કવિતાને કરવું બાકી છે. જ્યાં સુધી એનો સમાવેશ થશે નહિ ત્યાં સુધી અનુભૂતિનાં અનેક પરિમાણો સિદ્ધ થશે નહિ. કાવ્યને અપ્રસ્તુત એવી ઘણી વીગતો ચર્ચવાની છોડીને તારસ્વરે થતો પ્રચાર અટકશે નહિ. ‘કવિલોક’નો છેલ્લો અંક જોતાં તો એમ લાગે છે કે હવે કવિતાનો કૌંસમાંથી ઉદ્ધાર કરવાને જ કોઈએ ક્રાન્તિ કરવી પડશે! કાલિદાસ, ભવભૂતિ કે વાલ્મીકિની કવિતાની પણ યથાસ્થાને કૌંસ મૂકીને સુધારેલી, નવી આવૃત્તિઓ, તૈયાર કરવાનું કોઈ કૌંસ-પ્રેમી કવિ ઉત્સાહમાં આવીને બીડું ઝડપે તો નવાઈ નહિ.

# દસ

ઊડતાં પંખીની પાંખમાંથી ખરતું પીંછું જોયું ને એણે હવામાં, ખરતાં ખરતાં, જે અદૃશ્ય રેખાઓ આંકી તે વડે જાણે નિરાકાર ઇશ્વરનું જ ચિત્ર અંકાઈ ગયું, બોલતાં બોલતાં, બોલવાના આવેગમાં જ બોલવાનું ભૂલી જઈને આંખોને વિસ્મયથી વિસ્ફારિત કરીને જોઈ રહેલા શિશુને જોઈને ઇશ્વરના રૂપની ઝાંખી થઈ; ગુલાબની પાંખડીઓની ગોઠવણીમાં ઇશ્વરના અંગુલિસ્પર્શનો અનુભવ થયો. ના, આ સૃષ્ટિ મને નાસ્તિક થવા દે તેમ નથી.

# અગિયાર

સંસ્કૃત કવિઓ કહેતા કે નાયિકાના પદાઘાતથી બકુલ પ્રફુલ્લ થઈ ઊઠતું, માઘથી ફાગણની દિશા તરફ વળેલી સૃષ્ટિને પણ આવી જ કોઈ નાયિકાના પદાઘાતનો ધન્ય સ્પર્શ થયો લાગે છે. ચારે બાજુ બધું મુકુલિત થઈ ઊઠયું છે, ને અહીં હૃદયના અન્ધ અગોચર નેપથ્યમાં પણ પ્રકટી ઊઠેલાં મુકુલની સૌરભના ભારે બધું ફાટું ફાટું થઈ રહ્યું છે. આ નથી સહેવાતું – અહીં આનન્દ અને વેદનાના છેડા એકબીજામાં ભળી જાય છે, અહીં ભાષાનો પ્રવેશ પૂરો થાય છે. જીવનમાં બે ચાર ક્ષણ પણ જો આ ભાષાથી અસ્પૃષ્ટ એવી કુંવારી ધરતી પર આવીને ઊભા રહેવાનું મળે તો! કવિતામાં શબ્દોનું રૂપ પણ કાંઈક આવું જ હોવું ઘટે. એ શબ્દનો તર્જનીસંકેત મૌનની દિશામાં હોય, એ શબ્દને અનુસરીને જતાં આપણે મૌનમાં ઓગળી જતા હોઈએ એવું લાગવું જોઈએ. અર્થની અને અર્થના સંક્રમણ (કે અભિનયન?)ની બધી રકઝક ને ખટપટ, એના વાદ-પ્રવાદ, એનું વ્યાકરણ – આ બધા જટાવિસ્તારની પછી કશી જરૂર ન રહે. ઘણી ઊંચા પ્રકારની કવિતાનો આસ્વાદ લેતા હોઈએ છીએ ત્યારે નિ:શેષ લુપ્ત થવાનો અનુભવ થાય છે. સાચી કવિતાની કદાચ આ પણ એક કસોટી હોય – એણે આપણા કેટલા શબ્દોના કોલાહલનો મૌનમાં મોક્ષ સાધી આપ્યો, ન જાને!

પણ માઘના અન્તના દિવસો નથી જીરવાતા, આ માઘની સૃષ્ટિને જોતાં એને ફરી આષાઢની મેદુરતાનો સંસ્પર્શ થયો હશે એ માન્યામાં આવતું નથી – એટલું બધું સોનું છૂટે હાથે વેરાયું છે. સુગન્ધનો એવો તો ફુવારો ઊડે છે, ને આ હવા જાણે કોઈ પ્રગલ્ભા પોતાના પાલવમાં પ્રિયતમને સંગોપીને ભગાડી લઈ જવા અધીરી બની હોય તેમ ચારે

બાજુથી આવીને આપણને લપેટી લે છે. આવા જ દિવસે વૃદ્ધ આન્દ્રે જિદ અકળાઈને બોલી ઊઠ્યો હતો :

'The last four days have been more beautiful than one can say; more beautiful than I could endure. A sort of call to happiness in which all nature conspired in a miraculous swoon, reaching a summit of love and joy in which the human being has nothing further to wish for but death. On such a night one would love to kiss the flowers, cares the tree trunks, embrance any young and ardent body whatever or prowl in search of it till dawn. Going off to bed alone as I have nevertheless to decide to do, seems impious.'

# બાર

ધૂંધળા ધુમ્મસનું આછું પરિવેષ્ટન પૃથ્વીના મુખને ઢાંકે છે. વાતાવરણમાં જ અન્યમનસ્કતા છે. ગમે તે લાગણી કે વિચારને વળગી સ્થિર રહેવાનો પ્રયત્ન કરીએ ત્યાં આપણે જાતે જ કશાક દ્રાવણમાં ઓગળીને બાષ્પરૂપ થઈ ને આ ચારે બાજુથી ધૂસરતામાં ખોવાઈ જઈએ છીએ. પછી હિંમત કરીને સૂર્ય બહાર આવે છે, એનાં કિરણો ખન્તપૂર્વક ધૂસરતામાં લુપ્ત થયેલા આપણા નકશાની બધી રેખા શોધી આપે છે, ને આપે ફરી વ્યવસ્થિત થઈ જઈએ છીએ. સૂર્યને હાથ આમ ફરીથી આકાર પામવાની મજા માણવા જેવી છે. પણ કોઈ વાર રાત્રિના દ્રાવણમાં આપણે નિ:શેષ ઓગળી જઈએ, આપણી ટેવના અસ્થિની આજુબાજુ ફરીથી આપણને ગોઠવી દેવાનું સૂર્યથી પણ નહીં બને ત્યારે? ધૂસરતામાં જ આપણે નિર્વાણ? ધૂસરતાને ખોળે જ સૂર્ય જન્મે છે એવું આશ્વાસન લેવાની સગવડ વિજ્ઞાન કદાચ ભવિષ્યમાં કરી આપે તો નવાઈ નહિ.

પણ એ દિવસે સૃષ્ટિનું એવું રૂપ જોઈને શકુન્તલા યાદ આવી. દુષ્યન્ત એ દિવસે ગયો છે, ને નમતે પહોરે એ અન્યમનસ્ક, દિશાઓના છેડા તરફ જોતી છતાં કશું ન જોતી, બેઠી છે. આંખ પર, નહિ સારેલાં છતાં જામેલાં, આંસુની આછી ઝાંય છે ને ત્યાં અયમહં ભો: – આ હું આવ્યો છું, કોઈ છે કે? – કરીને ક્રોધની ઝાળ જેવા દુર્વાસા આવી પહોંચે છે શાપ લઈ ને. શિશિરને છેડે પહોંચ્યા પછી દૂરથી આવતા પેલા દુર્વાસા જેવા ઉનાળાના ભણકારા હવામાં સંભળાય છે, પણ પૃથ્વી આજે કશું સાંભળતી નથી, જોતી નથી. એ અન્તર્મુખ થઈને બેઠી છે. નક્ષત્રમંડળના પિયરની કશીક સ્મૃતિ સળવળી ઊઠી છે. ને હવે દઝાડતા ગ્રીષ્મનો શાપ આવ્યો જ જાણે! પણ એ તાપ વેઠતાં વેઠતાં જ જેમ શકુન્તલાએ ચક્રવર્તી ભરતને પોતાની કૂખમાં સેવ્યો તેમ એ ગ્રીષ્મમાં જ આંબા ડાળે

આમ્રફળમાં મધુરતાનો સંચય થાય છે, વર્ષાના વાદળ બંધાય છે ને આખરે ધનધાન્યથી પૃથ્વીનો ખોળો ભર્યો ભર્યો થઈ રહે છે. પણ અત્યારે તો 'અરે એ તે ક્યારે?' – એવો જ પ્રશ્ન મનમાં થાય છે.

પણ ગ્રીષ્મ પહેલાં છે વસન્ત. કવિઓ બિચારા મુશ્કેલીમાં છે. આ વસન્તે શું લખવું? ને નહીં લખીએ તો લોકો ભૂંડા એમ કહેવાના કે વસન્ત જેવી વસન્ત આવી ને અમારા જેવાને કંઈકનું કંઈક થઈ જાય છે ને તમને કશું થતું નથી, તો તમે તે કવિ છો કે પછી... ચાલો, પ્રયત્ન તો કરી જુઓ : ગીત સહેલાં થઈ પડશે. ફાગણ, કેસૂડાં, કોઈ ગોરી, એની લાલ ચૂંદડી, થોડા પ્રાસ, રાધાકૃષ્ણ તો બિચારાં તૈયાર બેઠાં છે, એમને લાવો. ગીતો પૂરતી સંખ્યામાં તૈયાર થઈ જશે. આ વસન્ત પૂરતું તો કામ ઉકલી જશે. પછી વળી જોયું હશે!

કાલિદાસ જેવો વિલાસી કવિ કહેશે કે રતિક્રીડામાં પ્રિયતમના ગાઢ પરિરમ્ભણતી નખક્ષત અને દન્તક્ષતને કારણે પૃથ્વીને અંગે જે ટશર ફૂટી છે તે જ આ કેસૂડાં! વાલ્મીકિ, રામાયણના વસ્તુસંદર્ભને ધ્યાનમાં રાખીને, કહેશે કે રામ અને વાલી જેવા બે બળિયા યુદ્ધમાં લડતા ઘવાય ને એમના અંગોમાં જે લોહીની ટશર ફૂટે તેના જેવાં આ કેસૂડાં છે. કવિઓ જ્યારે રીઢા થાય છે, કુતૂહલ અને આશ્ચર્યની માત્રા ઘટતી જાય છે ને ડહાપણ વધતું જાય છે ત્યારે એમની ઉત્પ્રેક્ષા અર્થાન્તરન્યાસ તરફ વળે છે. કાલિદાસનો દુષ્યન્ત પ્રેમ કરતાં કરતાં ય કેવી ગણતરી કરે છે, કેટલા હડાપણભર્યા અર્થાન્તરન્યાસ બોલ્યે જાય છે! કદાચ એને માટે આ રતિ તે નવાનુરાગ નથી, એ હંસપદિકા અને વસુમતીનો સ્વામી છે. સ્વામી બની ચૂક્યા પછી પ્રિયતમ બનવાનું શક્ય હશે જ પણ...

સાચું કહું, આજે કાલિદાસ મનનો કબજો લઈ બેઠો છે. એ માણસ જરા છે જ ખરાબ. ને ખરાબને દુનિયા જલદી ભૂલતી નથી. કાલિદાસ ઇન્દ્રિયનું લાલનપાલન કરનારો કવિ છે. સ્પર્શેન્દ્રિયનુ સુખ ચોખાલિયા સમાજનો કવિ વર્ણવવાની હિંમત ન કરે. આપણા સાહિત્યમાં તો એ ઇન્દ્રિય સાવ જૂઠી જ થઈ ગઈ છે. એમ કહીએ ખોટું નથી, પણ ભવિષ્યમાં દુષ્યન્તની નિષ્ઠુરતાને કારણે (રાજદરબારના કવિએ રાજાને બચાવવા શાપની યોજના ભલેને કરી! ને ડાહ્યાઓ ને પણ્ડિતો શકુન્તલાને દુર્વાસાની જેમ ભલેને શાપે, નિષ્ઠુરતા તે નિષ્ઠુરતા) શકુન્તલા પર જે વીતવાનું છે તેનું સંવિધાન કાલિદાસે કુશળતાથી કર્યું છે. શકુન્તલાના ભાવી દુ:ખથી યોજના ભારે કાળજીપૂર્વક કરી છે. પ્રથમ પ્રણય નિવેદન કરવાને પત્રલેખનની તૈયારી ચાલે છે. પત્ર શેના પર

લખવો! શુકોદર સુકુમાર નલિનીપત્ર પર લખવો એમ પ્રિયંવદા સૂચવે છે. પોપટના પેટની સુંવાળપ કાલિદાસ જાણે છે. એવા સુકુમાર પત્ર પર એથી ય સુકુમાર પ્રણયની લાગણીનું નિવેદન કર્યું તેનું કેવું કઠોર ને નિષ્ઠુર પ્રત્યાખ્યાન! વળી ચોથા અંકમાં જે પ્રભાત પ્રકટ્યું – શકુન્તલાના વિદાયના દિવસોનું પ્રભાત – તે સૌ પ્રથમ બોરડી પર ઝીલાયેલા ઝાકળબિન્દુ તરફ આંગળી ચીંધીને કાલિદાસ બતાવે છે. પ્રકૃતિ આપણા અન્તરમાં હવે આટલો પ્રવેશ પ્રવેશ પામતી નથી.

ને ‘કુમારસંભવ’માંની પેલી પંક્તિ શૈલાધિરાજતનયા ન યયૌ ન તસ્થૌ– એ જે ચિત્ર આંકી દે છે તે આંખ સામેથી ભૂંસાય એવું નથી. કવિતાના સ્વરૂપનો ખ્યાલ કરું છું ત્યારે મારા મન:ચક્ષુ આગળ કવિતાની પણ આવી જ છબી ખડી થાય છે. મહાદેવને જ મુખે મહાદેવની નિન્દા સાંભળતી પાર્વતી, એમને સાચે રૂપે ઓળખતી ન હોવાથી ભાવી વરની નિન્દાને સહી ન શકવાથી રોષમાં છણકો કરીને ચાલી જવા ઊભી થઈ છે, એક પગ ઊંચક્યો પણ છે, ત્યાં મહાદેવ પોતાનું સાચું રૂપ પ્રકટ કરે છે ને એ ન તો ગઈ કે ન તો ઊભી રહી! કવિતા પણ જાણે ભાવનો છદ્મવેશ સરી જતાં આમ જ ન યયૌ ન તસ્થૌની મુદ્રામાં જ આપણને દેખાય છે. એમાં ગતિ નથી ને છતાં ગતિ છે – આવા બિન્દુની જ્યારે ઉપલબ્ધિ થાય ત્યારે ભાવમાં કાર્યક્ષમતા પ્રગટ થઈ ગણાય. દૈનન્દિનીય વ્યવહારમાં ઢંકાયેલી ભાવના, રહસ્યની કાન્તિ આમ એકાએક પ્રકટ થઈને ચકિત કરી દે, તેનો વિસ્મય, તેનો ન યયૌ ન તસ્થૌ છન્દ, કવિતામાં રણકી ઊઠે. ભાવને પ્રથમ વાર સાક્ષાત્ કર્યાનો વિસ્મય અને તેથી પ્રગટતી કાલી કાલી વાણીની નિર્વ્યાજ મધુરતા એ ઊંચા પ્રકારની કવિતાનું અનિવાર્ય લક્ષણ છે. રૉબર્ટ ફ્રૉસ્ટ જેવો કવિ વૃદ્ધાવસ્થાને આરે ઊભો રહીને ય શિશુસહજ વિસ્મયની કાલી કાલી વાણી બોલી શકે છે. વધારે પડતું Sophistication, ચટુલ વિદગ્ધતા, કુશાગ્ર બુદ્ધિના તર્કના બુટ્ટા કવિતાની આ નૈસર્ગિક કાન્તિને ઝાંખી પાડી નાખે છે. પણ સહજ ઉદ્રેકનું સ્થાન કૃત્રિમ આયાસ લે ત્યારે કરામત જ નવીનતાનો પર્યાય બની રહે. પ્રસ્તુત અને અપ્રસ્તુત. પ્રકૃત અને સમ, ઉપમેય અને ઉપમાન વચ્ચેનો સમ્બન્ધ દુરાકૃષ્ટ ને ઉચિત સન્દર્ભયોજનાથી પરિપોષ પામ્યા વિનાનો, આકસ્મિક, રચીને ચોંકાવી દે એવી બૌદ્ધિક ચમત્કૃતીની યોજના કરવી – આટલામાં જ નવીનતા સમાઈ જતી હોય તો આપણી કવિતા વિશે ચિન્તા કરવા જેવી સ્થિતિ ઊભી થાય.

કોઈ વાર ઉશ્કેરાઈને આવી ઉત્પ્રેક્ષાઓનો ગંજ ખડકી દેવાનું મન થાય છે – એમ બતાવવા કે એમાં સાચું કવિકર્મ રહ્યું જ નથી!

જુઓ, થોડા નમૂના કરી આપું : એનો હાથ-રેફ્રિજરેટરમાંથી કાઢેલા આઇસ્ક્રીમના જેવો ઠંડો, સ્નિગ્ધ ને સ્વાદુ : વાચાળ પ્રિયાના મુખમાંથી નીકળતા શબ્દો-સ્લોટ મશીનમાંથી નીકળતી ટિકિટ જેવા; હું તને જોયા કરીશ, નિર્નિમેષ, – રાતે તું સૂતી હોય છે ત્યારે તારી પાસેના ટેબલ પરના એલાર્મ ક્લૉકના રેડિયમ ટીપ્ડ કાંટાઓ તને જુએ છે તેમ, વાદળાં ખસતાં સવારનું ફિક્કું આકાશ આછું દેખાયું – મીણબત્તી પર ઉંદરે પાડેલા નખના આંકા જેવું; શિશિરનો વિવર્ણ તડકો-મસળીને ફેંકી દીધેલા મસોતાના જેવો; ફૂલ-કોઈ અભિનવ આઈન્સ્ટાઈનના મગજમાં સ્ફુરેલી વિશ્વરહસ્યની નવી ફોર્મ્યુલા જેવાં; અમારા બેનું મિલન-પાણીના ટીપામાંના પ્રાણવાયુ અને આર્દ્રવાયુના સંયોગ જેવું; પાનખરનાં ખરતાં પાંદડાં – મહાકાવ્યના છેલ્લા શ્લોકો જેવા; શ્રાવણની આછી ઝરમર – અમદાવાદની કોઈ મિલમાં વણાતી શરબતી મલમલના તાણાવાણા જેવી; વૈશાખની બપોરનો તડકો-સંસ્કૃત નાટકના પ્રણયી ધીરોદ્ધત નાયકના પ્રલાપ જેવા; હેમન્તની સુરખી ભરી સવાર – કાલિદાસની કાવ્યપંક્તિના જેવી; નીરસ દિવસ-દળદાળ પુસ્તકની વચ્ચે દબાઈને ચપટ થઈ ગયેલી કીડીના જેવો; અમાસની રાતે તારાખચિત આકાશ-યતિ વિનાની છન્દોરચના જેવું... બોલો, ક્યાં સુધી આગળ વધવું છે? વિજ્ઞાનની પણ અસર ઉત્પ્રેક્ષામાં છે. અત્યાધુનિકતામાં છે, કહો તો થોડી કૌંસમાં મૂકી આપું, પછી છે કાંઈ?

ત્રણ અકસ્માત : બારણું બંધ કરવાનું રહી જવાથી એક માણસ ઘર છોડીને બહાર નીકળી ગયો; ઘરે એની વહુ દીકરા રાહ જુએ, પણ ધૂનમાં ધૂનમાં એ ઝાડ નીચે બેસી રહ્યો. ખાધાપીધા વિના મરવા પડયો. કહે છે કે એક ભરવાડણે દયા લાવી દૂધ પાયું. હવે સ્થિતિ સુધારા પર છે. એનું નામ પૂછતાં ગૌતમ બુદ્ધ એમ કહે છે.

લાગતાવળગતાએ ઘટતી તપાસ કરી એ વ્યક્તિનો કબજો લઈ લેવો.

સાંજને વખતે ટેકરી પર ઊભા કરેલા થાંભલા પર ચઢીને એક માણસ કશુંક જોવા ગયો. એ શું જોવા ગયો હતો તે વિશે કશી આધારભૂત માહિતી જાણવા મળી નથી. પણ અંધારામાં નીચે ઉતરવા જતાં એ ખીલામાં ભેરવાયો ને એ જ દશામાં મરણ પામ્યો. એનું નામ ઇસુ એમ કહેવામાં આવે છે. પોલિસને સમ્બન્ધ વિશેની ખાતરી આપતાં મૃતદેહનો કબજો સોંપવામાં આવશે.

બે બંદૂકની ગોળી સાંજને વખતે સહેજ લટાર મારવા નીકળી હતી. કોઈ ‘રામ રામ’ બબડતો ધૂની માણસ દેખતો છતાં ન દેખતો એ ગોળીના માર્ગમાં આડે આવવાથી ગોળીના માર્ગમાં અન્તરાય ઊભો થયો. એનું નામ મોહનદાસ હતું એમ કહેવાય છે. આવા ગાફેલ આમ બેધ્યાન બનીને ફરે છે તેથી આવા અકસ્માત થાય છે. એ વિશે ભવિષ્યમાં કાળજી રાખવી.

# તેર

મારી ત્રણ વર્ષની કન્યાને જોઉં છું ત્યારે ‘અદૃષ્ટ’ નામે ઓળખાતી પેલી ગેબી વસ્તુની મને ઝાંખી થાય છે. એ મારાથી નહિ દેખાય એવું એના જીવનમાં છૂપાવીને આવી છે. મારા સૂર્યાસ્તના સામે એના સૌરભ મહેકતા મધ્યાહ્નને હું જોઈ શકીશ કે કેમ, ન જાને! એનામાં જ મારું અદૃષ્ટ છે. પેલા એક અમેરિકન કવિની કવિતા મને યાદ આવી : પિતા પોતાનાં બાળકોને લઈને ફરવા નીકળ્યો હતો. પિતાના પડછાયા પર પગ મૂકીને નાચતાં બાળકો હરખાય ને પિતાને કહે : જુઓ, અમે તમારા માથા પર નાચીએ છીએ, કેવા નાચીએ છીએ! બાપને સમજાયું : હા, એ જ મારું અદૃષ્ટ છે!

# ચૌદ

એક નાના શા ઓરડામાં અમે ખીચોખીચ બેઠા હતા. ઘોંઘાટ ભારે હતો. થોડા વખત તો મારા કાન એ ઘોંઘાટથી ત્રાસી ઊઠ્યા. મને શોપેનહોવરની પેલી સંસ્કારી માણસની વ્યાખ્યા યાદ આવીઃ જે થોડા સરખા અવાજને પણ નહિ સહી શકે તે સંસ્કારી, જે ગમે તેવા ઘોંઘાટથી પણ ન અકળાય તે અસંસ્કારી. શોપેનહોવરની આ વ્યાખ્યાની મદદથી મારી સંસ્કારિતા સ્થાપવાના આનન્દે થોડી વાર સુધી ઘોંઘાટને ભૂલાવી દીધો; પણ તે થોડી વાર જ! ત્યાં મને એક વિચિત્ર અનુભવ થયો. આ ઘોંઘાટની ભીંસ વચ્ચેથી સાંકડો રસ્તો શોધી કાઢી ને છટકી જવા મથતી શાન્તિનું ચિત્ર મારી આગળ તાદૃશ ખડું થઈ ગયું. દર્શનાર્થીઓની ભીડ વચ્ચેથી કોઈનો પોતાનો સ્પર્શ ન થાય એ રીતે રસ્તો કાઢતી એ કુલવધૂ ન હોય જાણે! હું ઘોંઘાટને ભૂલીને શાન્તિના આ રૂપને જોઈ રહ્યો, ને મને યાદ આવ્યું કે કોઈ વાર કાવ્યમાં પણ આવો અનુભવ થયા છે. ઝડઝમક પ્રાસાનુપ્રાસ રણત્ઝણત્કારનો ભારે ઘોંઘાટ મચ્યો હોય, આપણું મન એ બધાંમાંથી દૂર છૂટી જવા તરફડતું હોય, ત્યાં એકાએક પંક્તિ પંક્તિની વચ્ચેના, શબ્દ શબ્દ વચ્ચેના કવિએ રાખેલા અવકાશ તરફ આપણી નજર પડે, અને એકાએક આપણને જાણે નવો સાક્ષાત્કાર થાય કે અરે, કવિની કવિતા તો શબ્દોમાં નથી, પેલી એણે આ બધાંની વચ્ચે રાખેલા મુક્ત અવકાશમાં છે. તારાખચિત આકાશ સુન્દર લાગે છે. પૂર્ણિમાના આકાશથી ય સુન્દર, એનું કારણ કદાચ એ હશે કે તારાઓની વચ્ચેનો અન્ધકાર પણ આપણી દૃશ્યસામગ્રીમાં ઓતપ્રોત થઈને ભળી ગયો હોય છે. પૂર્ણિમાની રાત અન્ધકારનો એવો ઉપયોગ કદાચ કરી શકતી નથી, એનું નિગરણ કરે છે, ને તેથી અન્ધકાર લેખે લાગતો નથી. જે કવિતામાં શબ્દની સાથે શબ્દનો અભાવ પણ કવિએ

લેખે લગાડયો હોય તેનો સ્વાદ કંઈ ઓર જ હોય! ફ્રેન્ચ કવિ માર્લામને આવો અવકાશ કાવ્યમાં ઇષ્ટ હતો. શબ્દોના સંઘટનને કારણે જે સ્ફોટ થાય તેને પરિણામે કાવ્યમાં આવો અવકાશ અવતરવો જોઈએ. એ અવકાશની વ્યંજકતાની માત્રાને કોઈ પહોંચી શકે નહીં. રવીન્દ્રનાથે પણ, કદાચ આથી જ, અવકાશરસને રસોનો ચક્રવર્તી ગણ્યો છે ને કવિને અવકાશરસનો રસિયો કહીને ઓળખાવ્યો છે. સ્પેઈનનો કવિ યેમેનેઝ પણ કવિને Great friend of space કહીને ઓળખાવે છે તે સૂચક છે. શબ્દે શબ્દે આપણે પવનનો નવો ઘાટ ઘડીએ છીએ, ને એની સાથે સાથે અવકાશનાં પરિમાણો પણ બદલતાં રહે છે. ઓચિંતા દર્દને કારણે નીકળી જતો પ્રલમ્બ નિ:શ્વાસ, એ દર્દની દૂરપ્રસારિતા ને ઉત્કટતા, એના અવકાશમાં થતા વિસ્તારથી સૂચવે છે, કાવ્ય શ્રાવ્ય છે તે આ અર્થમાં. સૌ પ્રથમ એને અવકાશના પરિમાણમાં થયેલા રૂપાન્તરોની દૃષ્ટિએ જોઈ લેવું જોઈએ. એ વગર કાવ્યનો લય પકડાય નહીં. કાવ્યનું ફલક મોટું હોવું જોઈએ, એના વિષયો ઉદાત્ત હોવા જોઈએ, એમ કેટલાક કહે છે. કવિ આપણા અવકાશ જોડે શું કરે છે તે પણ એને મૂલવવાની એક કસોટી કેમ ન બની રહે વારુ!

આ વાત મને બીજી રીતે ય સાચી લાગે છે. જેને હોવાની, અસ્તિત્વનો થાંભલો દાટી રાખવાની, જડ ટેવ પડી ગઈ છે તે મરણને આશ્રય આપે છે. જે લોકો તાળો મેળવી શકાય એવી વાસ્તવિકતા અને પ્રતીતિકરતાનો આગ્રહ રાખે છે તેઓ આવી સ્થિતિને મોટો ગુણ લેખે છે. પણ અલંકારનું સ્વરૂપ વિચારીશું તો એમ લાગશે કે પ્રસ્તુતનો અપ્રસ્તુતને હાથે થતો સંહાર, અને એ સંહારની ક્રિયાને અન્તે રહેતો શુદ્ધ અવકાશ જ આપણા આસ્વાદનો સાચો વિષય છે. માટે તો મમ્મટ ‘વિગલન’ શબ્દ વાપરી ગયો. પ્રસ્તુત અને અપ્રસ્તુત આવું રમ્ય કાવતરું રચીને આપણને સદી ગયેલી વાસ્તવિકતાનો આમ છેદ ઉડાવે નહિ ત્યાં સુધી સ્વાદ લેવા જેવું ટેવજડ માણસોને શું મળવાનું હતું? કળાની કૃત્રિમતા કે કળાની ભ્રાન્તિ તે વાસ્તવિકતાના આવા સંહારમાં રહેલી છે. બ્રહ્મા સરજે, હોવાની સ્થિતિમાં મૂકી આપે; વિષ્ણુ પોષે, થાંભલો દૃઢ કરે ને શિવ અથવા મૃત્યુંજય આવીને સંહાર કરે ત્યારે આપણે મૃત્યુના પાશમાંથી છૂટીએ. સર્જનની પ્રક્રિયામાં પણ આવો પ્રલય આનન્દની પૂર્વાવસ્થારૂપે અનિવાર્ય છે. દરેક સર્જકને આવું શિવકૃત્ય કરતા આવડવું જોઈએ. ઇતિ શિવમ્!

# પંદર

મેદુરતાનો લેપ હવે બધે થઈ ગયો છે. હવે આપણા હૃદયના ભાવની કાન્તિ પણ આ મેદુરતાથી ફરી ગઈ છે. મારા મનમાં હું આ મેદુરતાને જયદેવથી જુદી પાડી શકતો નથી. આષાઢના પ્રથમ દિવસે વિરહને કારણે થયેલા વલયભ્રંશથી રિક્તપ્રકોષ્ઠવાળો યક્ષ યાદ આવે છે, તેમ મેઘથી મેદુર અમ્બર તરફ જોઈને તમાલદ્રુમથી શ્યામ બનેલી પેલી વનરેખા યાદ આવે છે ને કશાક અજાણ્યા ભયથી વિહ્વળ બનીને આપણું હૃદય તે દિવસની વાણીનો પડઘો પાડી ઊઠે છે. રાધે ગૃહં પ્રાપય! વિચાર કરું છું તો લાગે છે કે આ ભયનું એક મોટું કારણ છે. આ મેદુરતાનું પોતું આપણા નામચિહ્નિત અસ્તિત્વને ભૂંસી નાખે છે, સ્વ-પરને ભૂંસી નાખે છે, લંગર તોડીને નાવડી પેલા Rimbaud ની 'Drunken Boat'ની જેમ સાહસે જાય છે ત્યારે કાંઠા પરની કુંજમાં લઈ જનારી રાધાને આપણું મન શોધે છે.

'આ આ છે' એવી જડ નિશ્ચિતતાનાં મૂળ સુધી આ મેદુરતા પહોંચીને એને હલાવી નાખે છે. ક્ષિતિજે આ મેદુરતામાંથી આર્દ્રતાની ઝાંય વરતાય છે ને આપણી દૃષ્ટિની ક્ષિતિજ પણ એ ઝાંયથી ધૂંધળી બને છે. આપણી આંખને કિનારે આંસુ ઝમ્યું હોય છે ત્યારે એ આંસુને કારણે દૃશ્ય પદાર્થોની એકની ઉપર બીજી એમ, બે બે છબિઓ ઉપસી આવે છે. જાણે દૃશ્ય પદાર્થની એક સાથે અનેક શક્યતાઓને કોઈ પ્રકટ કરી આપે છે. આ મેદુરતા પણ કાંઈક આવી જ રમત આપણા મન:ચક્ષુ સાથે કરે છે. પરિચિતતાનો ખૂંટો કોઈ ઉખેડી નાખે છે ને ત્યારે 'રાધે, ગૃહ પ્રાપય' સિવાય ચારે બાજુથી બીજું કશું સંભળાતું નથી. કવિચિત્તની આવી મેદુરતાવૃત્ત દૃષ્ટિથી ભાવજગતની અનેક છબિઓ દેખાય છે. ને તેને વ્યક્ત કરવાને જ ઉત્પ્રેક્ષા જેવા અલંકારની જરૂર પડે છે. આંખે

આંસુની ઝાંય વળી હોય ત્યારે એક વસ્તુના એકને સ્થાને બે કે તેથી વધારે રૂપો આપણને દેખાય છતાં જે દેખાય છે તેની દઢ વ્યાખ્યા બાંધી શકીએ એટલી સ્પષ્ટતા એમાં ન હોય. તો આવી તરલ સહોપસ્થિતિમાં જ અલંકારનો ઉદ્‌ગમ છે. ત્યારે જ આપણે વ્યાકરણ કે તર્કની વ્યાખ્યાના સામ્રાજ્યમાંથી સ્વેચ્છાએ હદપાર થઈને મુખ અને ચન્દ્ર વચ્ચે રમણીય આસ્વાદ્ય ગોટાળો ઊભો કરવાની છૂટ પામીએ છીએ. પણ આવાં અલંકારો છુટ્ટા વેરેલા ન હોય, એનાં મૂળ આવી મેદુરતામાં જડી આવવાં જોઈએ. પણ 'સિન્થેટિક' મેદુરતાથી આપણે કોઈ છેતરી ન શકે. આથી જ તો અલંકાર સહિત કાવ્ય લખવાં સહેલાં છે, અલંકાર રહિત કાવ્ય લખવાં અઘરાં છે. માટે મમ્મટે કહ્યું હશે 'ક્વચત્ અનલંકૃતિ!' અલંકારોની ક્વચિત્તા જ ઇષ્ટ છે. કાવ્યમાં અલંકારો હોય એના કરતાં કાવ્ય પોતે જ એના સમસ્ત સહિત અલંકાર બની રહેતું હોય તે ઇષ્ટ પરિસ્થિતિ છે. પછી બ્રહ્મની જેમ એનું વર્ણન કરીને કહી શકીએ: એ જેટલો આદિમાં છે તેટલો જ મધ્યમાં છે ને એથી સહેજ પણ ઊણો અન્તમાં નથી. પણ કેટલાક શબ્દોની આજકાલ ભારે દુર્દશા થતી જાય છે, દરેક જમાને અમુક શબ્દો મરવા પડે છે. હમણાં હમણાં 'પ્રતીક' શબ્દની આવી દશા થતી જાય છે. સાપ મરી જાય પછી તો કીડીઓ પણ એને ખેંચી લઈ જાય, તેમ આ આ મરવા પડેલા પ્રતીકને ઘણાં ખેંચી લઈ જઈ રહ્યાં છે. પ્રતીકની આ દુર્દશા એક કરુણ પરિસ્થિતિ છે. પણ કોઈ વાર કીડીઓને ય પરાક્રમ કર્યાનું આશ્વાસન તો પ્રાપ્ત થવું જોઈએ!

# સોળ

ભારે રસિક ચર્ચા જામી હતી. હું ઉત્સાહપૂર્વક દલીલ કર્યે જતો હતો. સહેજ થંભી જઈને મેં મારા અવાજનું અનુરણન સાંભળ્યું ને મને એમાં કોઈક અજાણ્યાનો અવાજ ભળી ગયેલો લાગ્યો. મારા અવાજમાં ભારે ચાલાકીથી, બખોલ પાડીને, કોઈક એનો ઉચ્છ્વાસ ભેળવી દેતું હતું. આથી મારો અવાજ સહેજ વધુ ફૂલેલો, સ્ફીત, લાગતો હતો. એના કાકુઓના મરોડને આ ઉચ્છ્વાસ સહેજ બરડ બનાવી દેતો હતો. ઉદ્ગારને છેડે આવતો કંપ એને કારણે ખોખરો બની જતો હતો. આથી મને વહેમ ગયો. મેં સામેના આયનામાં જોયું. મારું શરીર પણ મને સ્ફીત લાગ્યું. એમાં હું એકલો નહોતો, એમાં કોઈક બીજું, હળવેથી પ્રવેશીને ધીમે ધીમે પોતાનું વિસ્તારતું હતું. એને કારણે પેલી બાળપોથીની વાર્તામાંની ચોમાસાની દેડકીની જેમ મારી કાયા ફૂલેલી લાગતી હતી. મારો વહેમ દૃઢ થયો. મેં મારી પાસે પડેલા ફૂલને સ્પર્શ કરી જોયો. મને લાગ્યું કે જાણે હું ફૂલને સીધું સ્પર્શી શકતો નહોતો. એ સ્પર્શ મને એક બીજા સ્પર્શના માધ્યમથી થતો હતો. એ માધ્યમનું વ્યવધાન મારા બધા જ સ્પર્શસુખને પરોક્ષ બનાવી દેતું હતું. દૃષ્ટિનું પણ એવું જ લગભગ પારદર્શી આવરણ દૃષ્ટિની આડે છવાઈ ગયું હોય એમ લાગ્યું. જાણે મારી આંખ બીજી કોઈક આંખમાં જોઈને જ દુનિયાને જોઈ શકતી હતી. પછી મેં મારા ઉચ્છ્વાસને સાંભળ્યો, બે ઉચ્છ્વાસની વચ્ચે એક અજાણ્યો થડકાર વરતાયો. વાત પાકી થઈ. કોઈ વણનોતર્યું આવીને ભરાઈ ગયું છે. એ કોઈ કોણ તે વિશે મનમાં લવલેશ શંકા નથી; ને એથી જ એનું નામ હોઠે આણવું જરૂરી ગણતો નથી.

# સત્તર

આ જમાનામાં મારા જેવા જીવને ભારે આફત છે. ચન્દ્રને જોઈનો મોહી પડાય નહીં. બુદ્ધિએ રચેલા તાબૂતમાં પધરાવ્યા વિના કશાની વાત થાય નહીં. ફૂલની શોભાથી ચકિત થઈ ને બે લીટી લખવા જઈએ કે તરત સાંભળવા મળે : છોડો આવા ટાગોરવેડા! એમ તે કંઈ ટાગોર થવાતું હશે! આ જમાનાને એનો આગવો ટાગોર જોઈશે, પણ તે પેલા જૂના ટાગોરના ભૂતમાંથી નથી સરજાવાનો. થઈ રહ્યું! કવિ રૉબર્ટ ગ્રેવ એક નિબન્ધમાં ફરિયાદ કરે છે : Poetry ceases to be seldom thinking of the poem itself, but worrying how to provide interesting material for critical discussion. And it also seems to me that because critics are seldom thinking of the poems they are supposed to assess, but only of the art with which they will write their criticism – they, rather than the poets, have become the happy creators. રૉબર્ટ ગ્રેવે એના દેશની સાહિત્યિક પરિસ્થિતિનું કરેલું આ નિદાન આપણે માટે ય વિચારવા જેવું છે. દુર્ભાગ્યે આપણો અગ્રણી કવિ કે આપણો અગ્રણી વિવેચક એવા ખમીરવાળો નથી કે આ ગતાનુગતિકતામાંથી પણ કાંઈક સંગીન ઉપજાવી આપે. અનુભૂતિને ગ્રહણ કરવાની ને એના સર્જનાત્મક પ્રતિભાવોને અભિવ્યક્ત કરવાની ધાટી જડ બનતી જાય, કાવ્યબાનીમાં એકસૂરીલાપણું આવે એને પરિણામે કાવ્યમાં જે મુક્ત બૃહત્નો અનુભવ લેવા જાય તે છેતરાઈને વીલે મોઢે પાછો ફરે. આથી કેટલાકનું અહમ્ સંતોષાય, પણ સર્જન એ આવી અહમિકાના કંડૂયનની પ્રવૃત્તિ નથી.

એટલે કહું છું ને કે અરણ્યમાં વરસતા વરસાદની વાત કરવા જાઓ અને કહો કે ક્ષિતિજને છેડેને પેલી નિરાકાર નીલિમા આજે વરસાદને ટીપેટીપે પોતાના રહસ્યનું સર્ગબદ્ધ મહાકાવ્ય આપણને સંભળાવી રહી છે તો એ આજની કવિતાના બજારમાં ઊંચા દરનો માલ નહીં ગણાય. પૂનમની સાંજે બાવળનાં ઝાંખરાં વચ્ચેથી ચન્દ્ર પ્રગટ થતો જોઈને એમ કહી બેસીએ કે દાદીમાના કરચલીથી ભરેલા મુખમાંથી બાળકો આગળ પ્રકટ થવાને આતુર એવી પરીકથાના પ્રથમ ઉચ્ચારનો આ ઉચ્છ્વાસ છે તો મોઢું ફેરવીને બધા માંડ હસવું ખાળી રાખ્યાનો ડોળ કરવાના. આમ આપણા જમાનાની કવિતાનાં, જન્મતાં પહેલાં જ, નાકકાન વીંધાઈ ગયા હોય છે. પણ આવી બધી આળપંપાળને આપણું મન ગાંઠતું નથી. સ્મૃતિના ધૂંધળા આભાસમાં માયાવી નગરીના જેવી પડેલી, આપણા જ ભૂતકાળની, પેલી સૃષ્ટિ પદે પદે વર્તમાન સાથે રાસાયણિક સંયોગ સિદ્ધ કરી અનનુભૂત સંવેદનાઓથી આપણને સદા મૂંઝવતી રહે છે. એને માટે આપણે હિઝરાતા હોઈએ છીએ. કવિતામાં આ હિઝરાવાનો પણ સ્વાદ ભરેલો હોય છે. કાંજી કરેલા અસ્ત્રીબંધ કપડાંનું અક્કડ કડકપણું Crispness જ હમેશા રુચે એવું નથી. પવનમાં ખભા પરથી સરી જઈને ફરફરતો શિથિલ પાલવ નથી ગમતો એમ કયો કવિ જીવ છાતી પર હાથ મૂકીને કહી શકશે? એકાધારાપણું, એકસૂરીલાપણું ટાળવું હોય તો કોઈકે ગાળ ખાઈ લઈને, હડધૂત થઈને પણ ‘ટાગોરવેડા’ કરવાનું માથે લેવું જોઈએ. ટાગોરે ‘કાલિદાસવેડા’ નથી કર્યાં? ને કાલિદાસે ‘વાલ્મીકિવેડા’ નથી કર્યા. વધુ માટે પૂછો એલિયેટને.

# અઠાર

રવીન્દ્રનાથની એક પંક્તિ છે : કત અજાનારે જાનાઈ લે તુમિ, કત ઘરે દિલો ઠાંઈ – તે કેટલા ય અજાણ્યાને ઓળખાવ્યા, તેં કેટલાય ઘરમાં મને આશ્રય આપ્યો, આ બદલની કૃતજ્ઞતાથી મારું હૃદય ભરાઈ ગયું છે. ખરે જ આ સૃષ્ટિમાં કશું પારકું લાગતું નથી, હૃદય સહેજ મુંઝાય છે ને સૂર્યને જોતાં એમ થાય કે આ સૂર્ય તો અમારા બધાનો એક જ છે ને! ને એના કિરણને સ્પર્શે આત્મીયતાની હૂંફ સિંચાય છે. વર્ષામાં પ્રવાસ કરવા જેવો છે. સહેજ ડહોળાઈને ધૂળિયા રતાશ પકડતાં પાણી, એના ઉપરના મેઘાચ્છાદિત આકાશની ઝળુંબેલી છાયા ને એ બંનેને જાણે પોતાના તન્તુથી ગૂંથી લેતી એ પાણીમાં રોપેલા ડાંગરના ધરુની હરિત ત્રાંસી સળીઓ – આ વણાટ મુગ્ધ બનીને જોયા કરવાનું મન થાય છે. આ ઋતુમાં કોઈ વાત માંડીને કહેવાથી નથી. દાદુરના એકસરખા અવાજની જેમ આપણું મન જાણે એક જ વાત ફરી ફરી રટયા કરે છે. શબ્દ અને શબ્દ વચ્ચેના, વાક્ય અને વાક્ય વચ્ચેના, લાગણી અને લાગણી વચ્ચેનો, અન્વય પેલી એકસરખી વરસ્યે જતી જલધારામાં જાણે લુપ્ત થઈ જાય છે. હૃદયની અંદર ઘણી ભેખડો ધસી પડે છે; એક વેગથી વહેતા પ્રવાહને સ્પર્શ અણુએ અણુમાં નવો સૂર જગાડી જાય છે. ઘરના નિભૃત અન્ધકારમાં એ સૂર જડો દષ્ટોદષ્ટ માંડી બેસી રહેવાના આ દિવસો છે.

# ઓગણીસ

બધાં માત્ર સૂઈ ગયાં નથી, ઊંઘી ગયાં છે. તોત્સુકાની ઢીંગલીઓ અને હું માત્ર ઉઘાડી આંખે પડયાં છીએ. ઢીંગલીઓ કદાચ સપનાં જોતી હશે. ઢીંગલીઓની દુનિયામાં બાળલગ્ન જ વધારે પ્રચલિત હોય એમ લાગે છે. અથવા એમની દુનિયામાં વય જેવું જ કશું નથી કે પછી એક જ વય છે, ને તે એમની જોડે રમનારની વય! એમની દુનિયામાંથી બહિષ્કૃત થયાનું આટલું દુ:ખ આ પહેલાં નો'તું થયું. પણ દરેક સૃષ્ટિમાં પ્રવેશવાને વિશિષ્ટ અધિકાર જોઈએ. ઢીંગલીની સૃષ્ટિમાં શી રીતે પ્રવેશી શકાય? પારિજાતની કેસરી દાંડીમાં થઈને સૂરજચન્દ્ર જોડેલા રથમાં બેસીને જવાય? ટીપે ટીપે ટપકતાં પાણીની સીડીએ ચઢીને જવાય? કહે છે કે વહેલી સવારે પવન જે મન્ત્ર ખીલતી કળીના કાનમાં ફૂંકી જાય છે તે જો સાંભળી લઈએ, ગુલાબના હાસ્યમાં એકદંડિયા મહેલમાં રહેતી અણમાનીતી રાણીનું આંસુ ઘૂંટીને, ઊડતા ઘોડા પર સવાર થઈને આવતા રાજકુમારની રાહ જોતી રાજકુંવરીના ઉષ્ણ ઉચ્છ્વાસની આંચ આગળ એને ધરીએ ને પછી ઝાકળની દાબડીમાં એને મૂકી દઈને સૂરજ આથમતા સાથે પેલો મન્ત્ર બોલીને દાબડીને ખોલી દઈએ તો એ સૃષ્ટિમાં પહોંચી જવાય. પણ એ તે હવે શી રીતે બનવાનું હતું? આથી ઘરમાં એકાએક પૈસા ખૂટી જાય ત્યારે પૈસા સંતાડવાની બધી જગ્યા એક વાર ફરી ફંફોળી જોઈએ તેમ બાળપણમાં વધેલી ઊંઘ જ્યાં ત્યાં સંતાડી રાખી હતી ત્યાં ત્યાં એને શોધવા મંડી પડું છું. બાળપણમાં ઘણી બધી ઊંઘ વધતી. મોટેરાંઓ થાકના પોટલાં લાદીને સૂતાં હોય, એ બધાં પોટલાં ઉતારતાં એમને તો ખાસ્સી વાર લાગે; પણ શિશુ તો હળવા ફૂલ જેવું. પંખીના પહેલા ટહુકારની લહર અડતાં એ ઉડવા માંડે. ખોબેખોબા ઊંઘ બાકી રહેવા દઈને એ જાગી પડે. આજે વિચારું છું; ક્યાં ગઈ એ ઊંઘ?

સોનગઢના કિલ્લાની એ અષ્ટકોણ વાવની બખોલમાં, જેની છાયામાં થઈને રોજ નિશાળે જતા તે વડદાદાની જટામાં, વાડામાંના આંધળા કૂવાની આંખોમાં એને સંતાડી રાખી હતી. આજે એને કોણ પાછી લાવી આપે?

# વીસ

સરુનાં વૃક્ષોની વચ્ચેથી સમુદ્ર દેખાય છે. વાડીમાંના ઝાડ ભૂવાની જેમ ધૂણે છે. દૂર અન્ધકારમાં સમુદ્રની ફેનરેખાથી શુભ્રતા કોઈ ડાકણના અટ્ટહાસ્ય જેવી દેખાય છે. પવન કાળના હાડપિંજરના એકેએક અસ્થિને હલાવીને હૃદયને ફફડાવી મૂકે છે. બારી આગળ એક કન્યા આંખને અણિયાળે અન્ધકારને વીંટતી બેઠી છે. અન્ધકારનો કાળો દોરો ક્યારે પૂરો થયો ને તડકાનો સોનેરી દોરો ક્યારે શરૂ થયો તેની એને ખબર પડવાની નથી. એ અન્યમનસ્ક છે. અન્ધકારને વીંટીને એ પોતાની જાતને ઉકેલવા મથે છે. પણ એ ક્યાંય એવી તો ગૂંચવાઈ ગઈ છે કે કશાક મન્ત્રની મદદ વિના એનો છૂટકારો થાય એમ લાગતું નથી. પણ અહીં મારા હૃદયમાં તો ભયનું ટોળું વળ્યું છે: અનેક સમયનાં, અનેક પ્રકારના ભય: બાળપણમાં એક શિયાળાની રાતે પવનથી બારી ખૂલી જવાની સાથે ઓરડામાં પેસી ગયેલા થરથર ધ્રૂજતા અન્ધકારના સ્પર્શથી થયેલો ભય, કિશોરવયમાં ગણિતના દાખલા રકમ વચ્ચે પહેલીવાર હૃદયનો આંકડો ખોઈ બેઠા હતા તે વખતનો ભય; યૌવનની શરૂઆતમાં ઓચિંતાની કોઈકની સચકિત દૃષ્ટિ સાથે ઠોકરાઈ પડતાં લાગેલો ભય; ને આજે ક્ષણ ક્ષણ વચ્ચેનાં પોલાણમાં ઘુવડની જેમ નિષ્પલક આંખે બેઠેલો ભય – આ એકબીજાથી અજાણ્યા ભય એમની અપરિચિતતાના ભારથી મારા હૃદયને રૂંધી નાખે છે.

# એકવીસ

સમુદ્રના ઊછળતાં મોજાં સાથે પવન પોતાનો પ્રાસ મેળવે છે. એના સ્રગ્ધરા છન્દની બધી યતિ ઊડી ગઈ છે. એના પ્લવંગમ લય સાથે આપણો લય જાળવવો અઘરો થઈ પડે છે. એ આપણાં બધાં પોલાણ શોધીને એમાં ભરાઈને સૂસવાઈ ઊઠે છે ને આપણને બિવડાવી મારી છે. પવન બે વ્યક્તિ વચ્ચે આલાપસંવાદ ચાલવા દેતો નથી; એ બધી સન્ધિઓ છૂટી પાડી દે છે; એક્કેય સમાસ ટકી રહેતો નથી; ઉપસર્ગો ને પ્રત્યેયો ક્યાં ને ક્યાં ઊડી જાય છે. આજુબાજુ અસ્પૃશ્યતાના કોટકિલ્લા રચીને આપણી જોડે ચાલતી કોઈ સંકોચશીલ ભીરુ કન્યાને પવન એના કોટકિલ્લા તોડીને સ્પર્શની સીમામાં ખેંચી લાવે છે. સાફસુથરી ગોઠવી રાખેલી આપણી રોજિંદી વાસ્તવિકતાને એ એની જાદુઈ હૂંફથી પલકવારમાં ઉડાડી મૂકે છે. આપણી લાગણીના વિન્યાસને પણ એ અસ્તવ્યસ્ત કરી મૂકે છે. ઉપેક્ષાનું અવળું પડ સવળું બનીને પ્રતીક્ષારૂપે દેખા દે છે. ઘણી વાર જિન્દગીનાં કેટલાં ય વર્ષોનો પુંજ આ પવન ભેગો ઊડી જાય છે, ને ત્યારે આપણે એટલા તો હળવા બની જઈએ છીએ કે આપણે આપણાપણાને ય બાઝી રહી શકતા નથી.

# બાવીસ

રાતે એકધારો વરસાદ ટપકે છે – પૃથ્વી ટચૂકડી બાળા હતી ત્યારે ભગવાન એને વાતો કહેતા હશે તેની ધારા જેવો. હમણાં જ પ્રગટેલી આ કૂંપળ – હજુ તો એણે પોતાનું અંગ સુધ્ધાં પૂરું ઉકેલ્યું નથી – એના પરથી હાથ પસારીને એક પછી એક બિન્દુ સરી જાય છે, એ સાંભળીને ટચૂકડી કૂંપળ ડોકું હલાવીને હોંકારો પૂરે છે તે હું બેઠો બેઠો સાંભળ્યા કરું છું. એ વખતે મારા મનમાં સહેજ સરખી અદેખાઈ નથી હોતી એમ કહેવાની અપ્રામાણિકતા હું નહીં વહોરી લઉં. તારા પરથી સીધી લીટીએ ટીપાં સરે છે – જાણે હવા મણકા સેરવીને આંક શીખવા બેઠી છે. પણ આમલીઓ આખા ઉનાળાની ધૂળ ખાઈને મેલી થયેલી પોતાની ઘટા ધોવા બેઠી છે. વડ જટામાં ગંગા ઝીલતા હોય એવી અદાથી શિવના પાઠમાં ઊભા છે. પગ નીચે તૃણનાં બીજના પાંખોનો ફફડાટ સંભળાય છે.

# ત્રેવીસ

કલકત્તાનો Smog હજી ફેફસાંમાં છે; એકઠી થયેલી ઊંઘ બંને આંખો નીચે નાની નાની કોથળીઓમાં ભરી રાખી છે. ને Ephidrineના પ્રાચુર્યનું વિષ હજી લોહીમાં સંતાઈ રહ્યું છે. અવાજમાં પેઠેલી પરુષતા નીચે ઊતરીને છેક હૃદય સુધી પારાની જેમ ઊતરવા માંડી છે. અનિદ્રાની તેજાબી તીક્ષ્ણતા આંખમાં ઝમે છે ને હૃદય સુધી ટપકીને અંદરના અન્ધકારમાં દવ લગાડી બેઠી છે. ઘણાં પશુઓએ નાસભાગ કરી મૂકી છે.

અહીં જોઉં છું તો શીમળો દિગમ્બર થઈ બેઠો છે ને એને ઉન્મત્ત અનુરાગની ટશરો ફૂટવા માંડી છે. કેસૂડામાં વસન્તની પગલીઓ ખોવાઈ ગઈ છે. અવકાશનું માત્ર પંચમ સૂરથી છલોછલ ભરાઈ ચૂક્યું છે. લીમડા પર મંજરી બેઠી છે – ઝીણા ઝીણા અક્ષરે કોઈ નિશાળિયો પાટી ભરી દે એવી ખીચોખીચ. ચન્દ્ર દેખાય છે ને મૌનના સાગરમાં ભરતી આવે છે, કશીક અક્રમ જલ્પના હવાને મુખે છે. માલવિકા-બકુલિકાના અંચલ હવામાં ફરક્યા કરે છે, ને એમના કપાળ પરથી ઊડી આવેલા કુંકુમની રજ મિથ્યાવાદનું ઘૂર્ણીચક્ર ઊભું કરી દે એવી વાતાવરણમાં ભીતિ છે. સવાર વેળાની સુરખીમાં ચાર હોઠના દાબ વચ્ચેની ભીની ઊષ્મા છે, ને ક્ષિતિજના અર્ધ નિમીલિત ચક્ષુમાં કામવિહ્વળ કપોતીની આંખની રતાશ છે.

કોઈનો દૃઢ બલિષ્ઠ વન્ય અસંયત પેશલ અનુરાગ જો પોતાના તરફ મને ખેંચે નહીં તો શીમળાના રૂની જેમ અહીં તો મારું બધું ઊડી જવા બેઠું છે. કશાનો હિસાબ રાખી શકાતો નથી. ડાબું જમણું થાય છે ને જમણું ડાબું. જમાઉધારની ઉલટાસુલટી એવી તો અટપટી થઈ ગઈ છે કે શ્રીપુરાંત કાઢતાં મુશ્કેલી ઊભી થવાની છે.

સમુદ્રોત્થિતા ઉર્વશીના જેવી બધી ક્ષણો અવતરતી જાય છે ને ઉર્વશી ભેગું જન્મેલું

એક રત્ન-વિષ-પણ આટલામાં ક્યાંક હશે એવો અણસાર વરતાય છે. વિષનો દાહ નિત નવાં મર્મસ્થાનોને શોધી કાઢે છે ને એને સંરક્ષવાના ઉધામા વધી પડે છે. ઉર્વશી અને વિષ –બંને સહોદર તો ખરાં જ ને!

સરોવરના નિષ્પન્દ નીરમાં પોતાની પવિત્રતાને અશેષ ઓગાળી નાખતા તુષારબિન્દુના જેવી મગ્નતા પોપચે ઝમે છે ને એ આંખને અણિયાળેથી હમણાં ટપકી પડશે એમ લાગે છે. બાળપણની એક સ્મૃતિ જાગે છે. આખા ઘરથી નિર્લિપ્ત થઈને, પોતાના એકાન્તથી જ લપેટાઈને રહેતા દાદા ઉનાળાની સવારે અમને પાસે બોલાવીને કેળનાં પાંદડાં પર ઝીલાયેલા તુષારબિન્દુને પોતાનાં ટેરવાં પર લઈને અમારી આંખોમાં આંજી દેતા. એ ભંગુર મૃદુતાનું સ્નિગ્ધ અંજન હજી આંખમાં છે.

જીવનાનન્દ દાસની કાવ્યસૃષ્ટિના ફાગણનો નિબિડ રોમશ અન્ધકાર નજીકમાં જ હાંફતો બેઠો છે. એની સન્નિધિમાં જે મુખ દેખવાનું છે તેની રેખાઓનો અણસાર ફૂટતો જાય છે. એ રેખાઓને ભૂંસી નાખવાને કેટલો ગુલાલ જોઈશે?

અક્ષાંશરેખાંશની જાળમાંથી છટકીને શુદ્ધ ભોંય ક્યાંક પોતાનું કૌમાર્ય રક્ષવા મથી રહી છે. કોઈ ધીવર કાંઠે ઊભો એ જાળ ખેંચ્યા જ કરે છે. કાંઈ કેટલીય શકુન્તલા હાથમાંથી સરી પડેલી મુદ્રાઓનો ભાર એમાં લદાયો છે. સાથેસાથે ભાવીમાં થનારા પ્રત્યાખ્યાનનો ને કઠોર ગર્ભનો પણ ભાર ખરો સ્તો!

પરિચયનાં પડ જેમ જેમ ખૂલતાં જાય છે તેમ તેમ પારદર્શી અપરિચિતતા ઊઘડતી આવે છે. અભિજ્ઞાનનો તો ક્યાંય અણસાર સુધ્ધાં દેખાતો નથી. પણ પારદર્શકતાનો અવગુણ એ છે કે એ અવકાશના આભાસને વિસ્તારે છે. સત્ય જ્યારે આભાસની છીપમાં મોતીની જેમ બંધાય છે ત્યારે જ કાન્તિ ધારણ કરે છે એવું શંકરાચાર્યે કહ્યું હતું કે નહીં તે યાદ આવતું નથી.

કોઈ દાનવીર રાજાના જૂના તામ્રપત્ર જેવો આંબે આંબે મોર છે. એમાં જ ક્યાંક મરકત મણિઓનો ઢગલો છૂપાયો છે. થોડા દિવસ જવા દો. કોઈ ખોબે ખોબે એને વેરી દેશે. એના સ્વાદની અમ્લપર્યવસાયી કષાયતા કોઈ અજ્ઞાતાનો અજાણતાં હાથ અડી જતાં જે રોમાંચ થાય છે તેમાં રહેલી કષાયતાની સગોત્ર છે.

નામને ઊંડે ઊંડે દાટી દેવાના આ દિવસો છે. અલબત્ત, એનો પાછો ફણગો તો ફૂટવાનો જ. પણ ત્યારે હવા બદલાઈ ગઈ હશે. અપકીર્તિનો લૂણો લાગવાથી નામના પોપડા ખરે એવું જ કાંઈ નથી. જો ઝાઝા ઊંડે ઊતરી જાઓ તો સૂર્યની પ્રસિદ્ધિના

પરિઘની બહાર અણમાનીતિ ઈતરાનો એકદંડિયો મહેલ મળી આવે ખરો. બાળપણમાં સીતાફળને પાકવા માટે સંતાડતા તેમ નામને હવે પાકવા માટે ક્યાંક સંતાડી દેવાના દિવસો આવ્યા છે. ઉચ્ચે:શ્રવા કીર્તિના જ્યાં પગલાં પડતાં ન હોય ત્યાં જવું જોઈએ.

સ્પર્શનાં ચક્ષુ ખોલવાના આ દિવસો છે. ઉપસી આવેલી પુષ્ટતાની ધૃષ્ટતા એ દૃષ્ટિનો વિષય છે? દૃષ્ટિ જોઈને શું જોવાની હતી? સ્પર્શ અને દૃષ્ટિ વચ્ચેના અબોલા આ ઋતુમાં જ શરૂ થતા હશે.

અર્થનો ધાગો શબ્દમાંથી ખેંચી કાઢીએ તો શબ્દતંતુઓ વચ્ચે જે અવકાશ ઊભો થાય છે તે કવિતાનું લીલાક્ષેત્ર છે. હું તો કાન માંડીને બેઠો છું : કોઈ નિરર્થક પ્રલાપ કરવાની હામ ભીડે છે ખરું? ચન્દ્રના નાળચામાં કોઈ સૂર્યનો પોટાશ ફોડે, શિરાઓના મધપૂડાને લૂંટાવી દેવા સોનેરી ડંખવાળી મધુમક્ષિકાઓને કોઈ ઉડાડી મૂકે, કઠપૂતળીનાં રાજારાણીનો ઢંઢેરો કોઈ વાંચી સંભળાવે –

# ચોવીસ

રાત્રિને જુદે જુદે પ્રહરે અન્ધકારનાં બદલાતાં જતાં રૂપ અને પોત જોયાં કરું છુ. બાળપણમાં કેવળ તાવની ઉષ્માથી લપેટાઈને નિર્જન ઓરડામાં સૂઈ રહેતા ત્યારે બંધ કરેલી આંખોની અંદર રૂંધાઈને જે અન્ધકાર ઘૂઘવતો હતો તેનું રૂપ કોઈ વાર આજે દેખાય છે; વાઘની ત્રાડના બખિયા ભરેલો અન્ધકાર પણ ક્યારેક ફરી નજરે ચઢે છે તો કોઈક વાર મોગરો, આંબાનો મોર અને લીમડાની મંજરીની સુવાસના ત્રણ તન્તુના ઝીણા શરબતી મલમલના વણાટવાળો અન્ધકાર પણ દેખાય છે. ટીસ્યુ પેપર જેવા અન્ધકારમાં બીજા દિવસના સૂર્યને લપેટીને કેપ્સ્યૂલની જેમ ગળી જવાનું મન થાય છે. બે શબ્દો વચ્ચે અન્ધકારનું પાતળું અસ્તર મૂકીને સીવી લેવાનું મન થાય છે. અન્ધકારના ખરલમાં ઘૂંટેલા મૌનની સહસ્ત્રપુટી ભસ્મનાં સવાર થતાં પહેલાં પડીકાં બાંધી લેવાનો લોભ જાગે છે. કાજળની આંખના અણિયાળાં સુધી લંબાયેલી તનુલેખા અને એમાં ભળી જતો કાળી પાંપણનો કાળો પડછાયો – આ બેના સન્ધિસ્થાને જે અન્ધકાર જન્મે છે તે એવો તો અસહાય હોય છે કે એને ક્યાં સંતાડવો તે સૂઝતું નથી. અશ્રુના સ્ફટિકની દાબડી સિવાય બીજે ક્યાં સંતાડીએ? ધૃતરાષ્ટ્રની આંખનો જરઠ બરડ અન્ધકાર ઘણના ઘા કરીને તોડીએ તો રાત્રિના પ્રહરો ગાજી ઊઠે.

સવારે આંખો ખોલતાં અન્ધકાર ચાલી ગયો તેથી છેતરાઈ ગયા જેવું લાગે છે. પણ તરત જ દિવસના વ્યવહારના શબ્દે શબ્દે, સ્પર્શે સ્પર્શે, આલિંગનમાં ખાલી રહી ગયેલા અવકાશમાં, શૂન્યમનસ્ક દૃષ્ટિના પોલાણમાં અન્ધકાર છતો થાય છે. મારા દરેક શબ્દોના માદળિયામાં આ અન્ધકારને ભરી રાખું છું જેથી કોઈથી નજરાઈ ન જવાય.

# પચીસ

અમુક ફૂલછોડ અમુક આબોહવામાં જ ઊગે, વળી ગુલાબ ઇરાનનાં જુદાં ને હિન્દુસ્તાનનાં જુદાં. આપણા ચિત્તને જુદી જુદી આબોહવાનો સ્પર્શ થતો રહે તો એ ભાવના નવાં નવાં રૂપ ખીલવી શકે. સર્જકને સમશીતોષ્ણ કટિબન્ધમાં પડયા રહેવું ન પાલવે. ઉષ્ણ કટિબન્ધના સૂર્યનું પ્રખર પ્રાચુર્ય અને શીત કટિબન્ધનો આકારની દૃઢ રેખાઓ બાંધી આપતો હિમસ્પર્શ પણ એને થતો રહેવો જોઈએ. આ અર્થમાં કવિ યાયાવર છે, ચલિષ્ણુ છે. કાવ્યપ્રવૃત્તિની પાછળ રહેલા ‘સ્થિર, દૃઢ, ધ્રુવ’ તત્ત્વની મીમાંસા કરનારાઓને પાછળ મૂકીને એ તો સદા સ્થાનાન્તર કરતો જ રહે છે. આ અર્થમાં કવિતા માત્ર યાત્રાનું વર્ણન બની રહે છે. કવિતાનું આ યાત્રાતત્ત્વ જ્યારે લુપ્ત થવા લાગે ત્યારે કવિતાને પદચ્યુત કરીને બીજું કશુંક એનું સ્થાન પચાવી પાડીને ઠસી બેઠું છે એવી શંકા સાચા વિવેચકને થયા વિના રહે નહીં. એવે વખતે વિવેચક કાવ્યના પ્રાણસંચારક તત્ત્વને ક્રિયાશીલ બનાવવાની આબોહવા સર્જવાનો પ્રયત્ન કરવાને બદલે, નિરાંતનો દમ ખેંચીને બેસી પડે, કવિતાના ‘દર્શન’ ને ઓળખાવવા બેસે તો આખી એક પેઢી સાચી કવિતાથી વંચિત્ રહી જાય. વિવેચન કવિને સારો કવિ બનાવી શકે કેમ તે તો કોણ જાણે, પણ કવિને વામણો પંગુ બનાવવાનું પાતક વિવેચને કદી વહોરવા જેવું નથી.

# છવ્વીસ

અમુક ફૂલછોડ અમુક આબોહવામાં જ ઊગે, વળી ગુલાબ ઇરાનનાં જુદાં ને હિન્દુસ્તાનનાં જુદાં. આપણા ચિત્તને જુદી જુદી આબોહવાનો સ્પર્શ થતો રહે તો એ ભાવના નવાં નવાં રૂપ ખીલવી શકે. સર્જકને સમશીતોષ્ણ કટિબન્ધમાં પડયા રહેવું ન પાલવે. ઉષ્ણ કટિબન્ધના સૂર્યનું પ્રખર પ્રાચુર્ય અને શીત કટિબન્ધનો આકારની દૃઢ રેખાઓ બાંધી આપતો હિમસ્પર્શ પણ એને થતો રહેવો જોઈએ. આ અર્થમાં કવિ યાયાવર છે, ચલિષ્ણુ છે. કાવ્યપ્રવૃત્તિની પાછળ રહેલા 'સ્થિર, દૃઢ, ધ્રુવ' તત્ત્વની મીમાંસા કરનારાઓને પાછળ મૂકીને એ તો સદા સ્થાનાન્તર કરતો જ રહે છે. આ અર્થમાં કવિતા માત્ર યાત્રાનું વર્ણન બની રહે છે. કવિતાનું આ યાત્રાતત્ત્વ જ્યારે લુપ્ત થવા લાગે ત્યારે કવિતાને પદચ્યુત કરીને બીજું કશુંક એનું સ્થાન પચાવી પાડીને ઠસી બેઠું છે એવી શંકા સાચા વિવેચકને થયા વિના રહે નહીં. એવે વખતે વિવેચક કાવ્યના પ્રાણસંચારક તત્ત્વને ક્રિયાશીલ બનાવવાની આબોહવા સર્જવાનો પ્રયત્ન કરવાને બદલે, નિરાંતનો દમ ખેંચીને બેસી પડે, કવિતાના 'દર્શન' ને ઓળખાવવા બેસે તો આખી એક પેઢી સાચી કવિતાથી વંચિત્ રહી જાય. વિવેચન કવિને સારો કવિ બનાવી શકે કેમ તે તો કોણ જાણે, પણ કવિને વામણો પંગુ બનાવવાનું પાતક વિવેચને કદી વહોરવા જેવું નથી.

# સત્યાવીસ

સાચો સહૃદય તો સાહિત્યનો રાજભોગ આરોગે, માંદા માણસની પથ્યાપથ્યની ચૂંધી એને ઝાઝી ન નડે. આથી કેટલીક વાર કોઈક સ્વદેશાભિમાની કે પ્રાંતાભિમાની વકરીવિફરીને એમ કહે છે કે આપણું તો કશું તમને ગમતું જ નથી, પરદેશનું જોઈને મોહી પડો છો, ત્યારે એ રોષથી ખૂબ દાઝી જવાય છે. એ રોષમાં નરી ગરમી છે, પ્રકાશ જરાય નથી. આપણા સાહિત્યના ઇતિહાસને આ તબક્કે સાહિત્યના ઉત્પાદનનું પ્રાચુર્ય દેખાય છે, પણ સમૃદ્ધિ વધી નથી. ઉમાશંકર-સુન્દરમ્‌ના જમાનામાં કવિતા લખાતી તેથી વિશેષ કવિતા આજે લખાય છે, નવલિકાની તો વાત જ ના પૂછશો! મૂછનો દોરો સરખો ન ફૂટયો હોય તે પહેલાં ત્રણ ત્રણ નવલકથાઓ નામે ચઢાવી બેઠાં હોય એવા લેખકો ય છે. આ પરિસ્થિતિનું નિદાન વિવેચને કરવું જોઈએ. મને લાગે છે કે સાહિત્યની સાહિત્ય તરીકે સાધના આ મોટાભાગના લેખકો કરતા નથી. એમને ગોવર્ધનરામની, કેથેરીનની એન. પોર્ટરની યાદ અપાવવાનો કશો અર્થ નથી. આપણે જે લખીએ તે લખાણ બને, સાહિત્ય હમેશા ન પણ બને એટલી સાદી વાત સમજવા બેસવા જેટલી પણ ધીરજ એમનામાં નથી.

પણ આ નવા લેખકોને જ શા માટે દોષ દેવો? સાહિત્યને સાધનાને બદલે વ્યવસાય બનાવી દેવાનો અપરાધ કાંઈ એ લોકોએ જ કર્યો છે એવું નથી. પ્રતિષ્ઠિત નવલકથા લખનારાઓ, એવું જ નથી કરી રહ્યા? વર્તમાનપત્રો ભારે ખાઉધરાં હોય છે. એઓ ઘણી વાર આખા ને આખા સર્જકોને ભરખી જાય છે. સર્જકને અઢળક દ્રવ્યનો થોથર બાઝે છે. એ પોતાના વૈપુલ્યની સીમામાં જ કેદ થાય છે. પોતાની જ ચરબીની કેદમાં પુરાઈને મન્દપ્રાણ બની જનાર સ્થૂળકાય વ્યક્તિના જેવી એની દશા થાય છે. આબોહવાનાં સૂક્ષ્મ

પરિવર્તનો એ નોંધી શકતો નથી. આથી એ વર્તમાનને છોડીને ભૂતકાળ તરફ વળે છે જીવનને છોડીને ઇતિહાસનો આશ્રય લે છે. રૂઢિસિદ્ધ પાત્રોનું આલમ્બન લે છે. એની મૌલિકતાને ઝાઝો અવકાશ રહેતો નથી. એનું લહિયાપણું ઝાઝું લેખે લાગે છે. એના આ લખાણનો સરવાળો એની ચેકબૂકમાં ચાર કે પાંચ આંકડાની રકમથી મંડાય છે.

પ્રતિષ્ઠિતો આ માર્ગે વળી ચૂકે છે ત્યારે બીજું એક અનિષ્ટ ઊભું થાય છે. પોતાની નિર્બળતાનો બચાવ કરવા માટે એઓ નવા લેખકોનો દોષ કાઢી શકતા નથી, એટલું જ નહીં, કેટલીક વાર એમને સામે ચાલીને થાબડે પણ છે. ધીરસ્તત્ર ન મુહ્યતિ – આવી સ્થિતિમાં પણ ધીર રહી શકે એવા વિવેચકની ખાસ જરૂર વરતાય છે. પ્રતિષ્ઠિતોની પ્રતિષ્ઠા બરડ બની ચૂકી હોય છે ત્યારે એને ટકોર મારવાનું સાહસ કોઈ કરતું નથી. એમનો ભ્રૂભંગ ને વાણીના રોષપુરુષ કાકુ જે જીરવી શકે તે જ આવી પરિસ્થિતિમાં કશુંક કરી છૂટે.

# અઠ્યાવીસ

પ્રચલિત શિષ્ટસંમાન્ય નીતિની ફૂટપટ્ટીએ સીધી લીટી દોરીને સુરેખતાનો આગ્રહ રાખનારો ભદ્રલોકોનો એક વર્ગ હમેશા વિવેચનાના ક્ષેત્રમાં વગ ધરાવતો હોય છે. સુરેખતા એ જ એમને મન સૌથી મોટું મૂલ્ય છે. જે સુરેખ ન બને તેને શિષ્ટ સુરુચિના રબરથી ભૂંસી નાખવું એ પવિત્ર ફરજ છે. પણ જીવનના અક્ષાંશરેખાંશ સુરેખતાની મર્યાદા સાચવીને ચાલતા નથી. ગમે તેવી સમાન્તર સીધી રેખાઓ આખરે તો દૂર જતાં વંકાઈને ભેગી થઈ જાય છે. સીમિત છે તે જ અમુક નિશ્ચિત માપ જાળવીને ચાલી શકે છે, તમે એને દૂર સુધી પ્રસરવા દો કે તરત જ ઘર આંગણેનાં માપતોલને એ ઉલ્લંઘી જાય છે. આથી જીવનને ઉપાદાન તરીકે સ્વીકારીને સર્જક એનું રૂપાન્તર કરે ત્યારે એ metamorphosisને distortion કહીને ભાંડવાની અસહિષ્ણુતા જે લોકો બતાવે છે, તેમને જો એમની આ અસહિષ્ણુતાની વક્રતા-સુરેખતાનો અભાવ-બતાવીએ તો વળી વધારે વંકાઈ જાય! સર્જન માત્ર જીવનાલમ્બી છે, જીવનાશ્રયી છે એ તો સાચું, પણ જે આલમ્બન કે આશ્રય લે છે તે અન્તરાયરૂપ નથી બનતું. જેને અમુક વર્ગ 'જીવન', 'વાસ્તવિકતા' કહીને ઓળખાવે છે તેની સાથે પદ ગોઠવીને ચાલવાની જવાબદારી સર્જકને માથે વિવેચન ઠોકી બેસાડે ત્યારે સર્જનમાત્ર ક્રાન્તિ બની રહે એવી અનિવાર્યતા ઊભી થાય છે. જીવન સાથેનો સાહિત્યનો સમ્બન્ધ તપાસવાની પદ્ધતિની ઘટતી મીમાંસા થતી નથી. 'જીવન'વાદીઓના કેટલાંક ગૃહીતો પડકાર્યા વિનાનાં રહી જાય છે. રિલ્કે જેવા તો એમ કહેતા હતા કે જીવનની સાર્થકતા એ સાહિત્યના ઉપાદાન લેખે પોતાને ખપાવી દે તેમાં જ રહી છે. જે સાહિત્યમાં જીવન આ રીતે ખપી જતું નથી તે અકૃતકાર્ય-અકૃતાર્થ બની રહે છે.

# ઓગણત્રીસ

સાહિત્ય માનવવ્યવહારની એક સામગ્રી-ભાષાનો ઉપયોગ કરે છે માટે માનવવ્યવહારને નામે એની પાસેથી થોડીક વિશિષ્ટ સ્વરૂપની અપેક્ષાઓ રાખવામાં આવે છે. માણસ ભાષા વાપરે છે, રંગ પણ વાપરે છે. એમ છતાં ચિત્રકળામાં રંગના ઉપયોગમાં એ જેટલી સ્વતન્ત્રતા ભોગવે છે તેટલી સ્વતન્ત્રતા ભાષાના ઉપયોગમાં ભોગવી શકતો નથી. આનું શું કારણ? સાહિત્યનાં સ્વરૂપોમાં પણ આ જાતનો વર્ગભેદ કામ કરતો લાગે છે. કવિતામાં તમે વાસ્તવિકતા જોડે જેટલી છૂટ લઈ શકો તેટલી નવલિકા કે નવલકથામાં નહિ લઈ શકો. કવિતાને માનવવ્યવહાર જોડે ઘનિષ્ઠ સમ્બન્ધ નથી? નવલિકા-નવલકથા માનવવ્યવહારને નિરૂપે તે અંગે કોઈ ખાસ શરતો મૂકવાની જરૂર શા કારણે ઊભી થાય છે? સાહિત્યના ઇતિહાસના જે તબક્કે વિવેચન આવી આળપંપાળ વિશેની સભાનતાને વધુ ઉગ્ર બનાવે છે તે તબક્કે સર્જનને હમેશા સહન કરવાનું આવે છે. તત્સમવૃત્તિ (Conformism) ધરાવનાર સર્જકોને તો શિષ્ટોની માન્યતા પ્રાપ્ત કરવામાં આ પરિસ્થિતિ સગવડરૂપ બની રહે છે, પણ એવી જેને ખેવના નથી તેવા સર્જકોનું શું? સમકાલીનોની ઉપેક્ષાને એ પોતાની સર્જકપ્રવૃત્તિનો ઉદ્દીપન વિભાવ ગણે તે જ ઠીક.

ભાષા સિવાયનાં માનવવ્યવહારનાં અન્ય સાધનો જ્યાં વધુ વપરાતા નથી ત્યાં ભાષાને માથે વધુ પડતો ભાર આવી પડે છે. ત્યાં અનેકવિધ જરૂરિયાતો પૂરી પાડવાનું કામ માથે આવી પડવાથી ભાષા ખેંચાઈને લપટી પડી જાય છે. ચિત્ર, શિલ્પ, સંગીત વગેરેના સપ્રમાણ વિકાસ સિદ્ધ થયો હોય તો માનવ વચ્ચેના અન્તરંગના સમ્પર્કના સાધન તરીકે ભાષા આ સાધનો પૈકીનું એક સાધન બની રહે છે. તો એના પર ઝાઝો

જુલમ ગુજારાતો નથી, એના પર અણઘટતી શરતો ઠોકી બેસાડવામાં આવતી નથી. આપણે ત્યાં પ્રજાજીવનમાં સંગીત, ચિત્ર, શિલ્પ આદિ કળાઓ ન્યૂન જ ભાગ ભજવે છે, આથી ભાષા પાસેની અપેક્ષાઓનું સ્વરૂપ બદલાય છે. આ જ રીતે નવલકથા જેવા સાહિત્યસ્વરૂપને ‘જીવન’ની અડોઅડ રહીને ચાલવું પડે તેનું પણ આ જ કારણ નહિ હોય? સાહિત્ય સાથે અન્ય લલિત કળાઓનો સપ્રમાણ વિકાસ થત રહે તે પ્રજાના સંસ્કારજીવનને માટે અત્યન્ત મહત્ત્વનું છે. ભાષા સિવાયનાં અન્ય માધ્યમોની ઉપેક્ષા સંસ્કાર-જીવનની અલ્પસત્ત્વતાની દ્યોતક બની રહે છે.

# ત્રીસ

સમર્થ સર્જકો પોતાના જમાનાની સાહિત્યિક આબોહવાને ઘડવામાં સૌથી મોટો ફાળો આપે છે. એ આબોહવા ખૂણે પડેલા, ઉપેક્ષિત, ઉદાસીન સર્જક સુધી પહોંચી જઈ શકે એવી વ્યાપકતા ધરાવતી હોય છે. એને બદલે પ્રમુખ શિષ્ટમાન્ય ધુરિણો પોતાના વર્ચસ્નો ઉપયોગ પોતાની રુચિને અનુકૂળ કોષ્ટકોમાં સર્જકોને પૂરી દેવામાં કરે તો કદાચ એમનો કોઈ હાથ નહીં પકડે, પણ એમ કરતાં વારનાર બળ એમના પોતાનામાં જ રહ્યું હોવું જોઈએ. આ વિષે એઓ સદા જાગૃત રહેવા જોઈએ. નવીન સર્જકોની મોટાભાગની શક્તિ પરમ્પરાનો ભાર ઝીલવામાં, સમકાલીન કાલજ્યેષ્ઠોને માનની ખંડણી ભરવામાં, એમણે આંકેલી સુરેખતાની સીમાને ઉલ્લંઘી ન જવાની તકેદારી રાખવામાં જ, ખરચાઈ જતી હોય તો એ અત્યન્ત કરુણ પરિસ્થિતિ બની રહે.

# એકત્રીસ

હવે પરિષદોનો ને સંવિવાદોનો જમાનો આવ્યો છે. આપણામાંના કેટલાક બડભાગી સાહિત્યકારો દુનિયાનું મોઢું સુધ્ધાં જોઈ આવ્યા છે. પણ આ બધાને અન્તે જે ઉષ્માભર્યો જીવન્ત માનુષી સમ્પર્ક સર્જક સર્જક વચ્ચે સિદ્ધ થવો જોઈએ તે ક્યાં છે? આત્મીયતાનું આરોપણ કરી શકાય નહીં, એ તો સહજ જ સિદ્ધ થઈ રહેવી જોઈએ. આપણા સમ્પર્કો થોડા શિષ્ટાચારમાં જ ખરચાઈ પૂરા થાય છે. પરિષદો ને સંમેલનો, આવી પરિસ્થિતિને પરિણામે, આપણે એકબીજાથી કેટલા તો વિખુટા છીએ તેનું દુ:ખદ ભાન કરાવે છે; એથી અભિમાનીઓના અભિમાનને તોછડાઈભર્યા અતડાપણાની ધાર ચઢે છે. બે શબ્દ હોઠે લાવતાં પહેલાં જ સામી વ્યક્તિની ઉદાસીનતાની ઝાપટ વાગતાં બેસુધ થઈ જવાય છે. આત્મીયતાની આ ઝંખના જ રોગિષ્ઠ મનોદશાનું લક્ષણ ગણાય છે. એકબીજાને ટાળતા રહેવાની દક્ષતા જેટલી વધુ માત્રામાં તેટલા તમે વધુ સંસ્કારી!

# બત્રીસ

નાનું ઘર હોવાના અનેક ફાયદા છે. એ ઘનિષ્ટતાને અનિવાર્ય બનાવી મૂકે છે. માંદા પડયા હાઈએ ત્યારે ય આઠે પહોરના કર્મક્ષેત્રમાંથી હદપાર થઈ જતા નથી. એકાન્તનો લાગ જોઈને ઘેરું ઘૂંટાઈ જવા મથતું કોઈ દુ:ખ એવી કશી તક પામતું જ નથી. વળી સ્થળસંકોચ આપોઆપ વ્યવહારને પારદર્શી બનાવી દે છે. ઘરનો અસબાબ (બેઠક અને શય્યાની ભેગી ગરજ સારતો ને પહોળો થઈને પડેલો ખાટલો, સ્થૂળકાયને વગર બોલ્યે મના કરતી 'આરામ' ખુરશી, પુસ્તકોથી ઠાંસેલાં કબાટ, અરાજકતાના અત્યાચારને વહન કરતું ટેબલ, પંતુજીના વ્યવસાયનાં બે એક સાધનો) પણ આત્મીયતા સાધી શકે એવી અનુકૂળ પરિસ્થિતિ એ રચી આપે છે. સાંજ પડે ને અન્ધકારથી ઘરની શિરાઓ ફૂલવા માંડે, વસ્તુઓના આકારને જાણે સોજા ચઢે, વિદ્યુતની શલાકાથી નસ્તર મૂકીને અસલ રૂપ પાછું લાવીએ તો ય રાતે ઘર બીજું જ રૂપ ધારણ કરે. સવારે મધુમાલતીની સાથે ગેલ કરતો પવન એની હળવી અંગુલિ ફેરવીને પદાર્થોને એનાં સાચાં પરિણામ સહિત ફરી સ્થાપે, સૂરજનો મુઠ્ઠીભર તડકો અહીં તહીં વેરાઈને આકારની રેખાઓને દૃઢ કરી જાય, બાળકોની પગલીઓ પડવા માડે, એના સ્પર્શે ખૂણે સોડિયું વાળીને બેઠેલો સમય આળસ મરડીને બેઠો થાય, ઘડિયાળના ચંદા પર ચક્કર ખાવા માંડે, ધૂમાડાની પહેલી સેર વિખરાઈને અલોપ થઈ જાય અને વળી એક વાર સૌ પોતપોતાનો પાઠ ઠાવકા બનીને ભજવવા મંડી પડે. અહીં કોઈનાય સહેજ સરખા સ્ખલનનું પરિણામ અન્ય સૌ કોઈને ભોગવવું પડે. ગોખલામાં બેઠેલો દેવ ને ચોપડીઓની થપ્પીની પાછળ બેઠેલો અન્ધકાર આ ઘરની દુનિયાને ગુપસૂપ જોયા કરે ને રાતે એ બે વાતો કરે તે માત્ર કંસારી સાંભળે. અહીં એક ડગલું ભરતાં સાથે નવ ડગલાં

કલ્પનાનાં ઉમેરવાના રહે. વાસ્તવિકતાનો સંકોચ જ કલ્પનામાં મોક્ષ પામવાની દિશા ચીંધે. બહાર કરીએ ત્યારેય બધી વસ્તુ, બધા અનુભવના પાયામાં ઘરનું આ પરિણામ અકળ રીતે કામ કરતું હોય છે. આ ઘરમાં વિરહને વિસ્તરવાનો પૂરતો અવકાશ નહીં રહે. પડખું બદલતાં જ મિલન! કોઈ મોટા ઘરના માણસ આવી ચઢે ત્યારે આ ઘરના પરિણામને અનુકૂળ થવાનો એમને પ્રયત્ન કરવો પડે તે જોઈને ક્લેશ થાય ને હસવું પણ આવે. નાનું ઘર દરિદ્રતાનું સૂચક ચિહ્ન ગણાય છે. એ દરિદ્રતા રખેને અંગે જાળાની જેમ બાઝી પડે એ બીકે કેટલાક ભદ્ર લોકો ઉમ્બર પર ઊભા રહીને જ કામ પતાવી લે. એમની એ અસ્વસ્થતા અવકાશને વધુ સંકોચે. પણ એમને ખબર નથી – એઓ બિચારા શી રીતે જાણે! – કે આ ઘરમાં બાલ્યકાળમાં જે વનને ખોળે ઉછર્યો છું તે આખું ય ગાઢ વન સમાઈ ગયું છે, અહીં પટેદાર પંદર પંદર ફૂટ લાંબા વાઘ નમતા પહોરના તડકા સાથે ફલાંગ ભરે છે, અહીંના અન્ધકારમાં સાતકાશીના વનના વાંસની જાળમાં અડ્ડો જમાવીને બેઠેલા અન્ધકારનો સ્વાદ છે, બાળપણમાં જોયેલા મૃત્યુનો અશ્રુભેજ આ ઘરની દીવાલના પોપડા ઉખેડી જાય છે. બહારથી આવીને બારણું ખોલું છું ત્યારે અમે બધાં એક સાથે ઘરમાં પ્રવેશીએ છીએ. રોષ અહીં વધુ ધૂંધવાઈ ઊઠે છે, કીર્તિ અહીં લાંબા પગ કરીને આરામથી પોઢી શકતી નથી, અપમાન દીવાલ સાથે માથું પછાડીને વટવાગળાની જેમ ચક્કર ખાય છે, અહીં ભાષા એક જ સ્તર પર વિહરે છે.

મોટા ઘરના લોકો એમને ઘરે આપણને બોલાવીને મનમાં ને મનમાં આપણું માપ કાઢતા હોય છે. આ ઘરમાં એમને હ્રસ્વ બનવું પડે છે. અહીં સમાસ અને સન્ધિપૂર્વક જીવવું પડે છે. કેટલાક વિવેકી સજ્જનો કહે છે : 'હું તો નીકળ્યો' તો તમારે ત્યાં જ, પણ...' આ 'પણ' પછીના વણઉચ્ચારાયેલા ભાગમાં મારા ઘરનો મહિમા પ્રસરી રહ્યો છે. ઉભયાન્વયી અવ્યયનો ખરચાળ અતિરેક અહીં પરવડતો નથી. પૂર્ણવિરામ સિવાય બીજા વિરામની સગવડ પણ નથી. ઘરમાં પ્રવેશતાં અમે સૌ થોડું થોડું આકાશ અંદર લેતા આવીએ છીએ, એથી અમારું નભ્યે જાય છે. કોઈ મોટા ઘરના માણસને ત્યાં જાઉં છું ત્યારે ઘરમાં બેસવા કરતાં ઝરુખામાં કે બારી આગળ ઊભા રહેવાનું જ મને ગમે છે. અવકાશ સહેજ સરખો વધારે હોય તો મારી નજર આગળ વ્યક્તિઓની રેખાઓ છેરણવેરણ થઈ જાય છે. વળી વૈભવની જીવતી જાહેરાત જેવાં માનવીઓને જોઈને મને ક્લેશ થાય છે. એવા ઘરનો અસબાબ માણસને અસબાબ તરીકે વાપરતો હોય છે.

આથી જ તો કહું છું કે નાનું ઘર મને ગમે છે. દરિદ્રતાને બડાશ મારવાની ટેવ હોતી નથી, તો દુરાચારને અંગ પ્રસારવા ઝાઝો અવકાશ જોઈએ.

# તેત્રીસ

હમણાં જ એક મુરબ્બીને મેં કહ્યું : 'આપણને એક વાતનું સુખ છે. આપણે સમકાલીન છીએ એટલે એકબીજાનું લખેલું વાંચવાની જવાબદારીમાંથી મુક્ત છીએ.' મારી આ સચ્ચાઈભરી સરળ નિર્વ્યાંજ ઉક્તિમાં એમને વ્યંગનો અનુભવ થયો! આપણો જમાનો જ એવો છે. ક્યાંકથી કશો ધક્કો વાગે છે ને સીધી લીટીએ ચાલતું સત્ય ઠોકરાઈને વ્યંગની વક્રતામાં સરી પડે છે. વિવેચકે આ ધક્કાના બળની બાદબાકી કરીને જે સત્ય છે તેને જોઈ લેવું જોઈએ. પણ એમ કરવા ખાતર એણે ધક્કાના બળનો તાગ કાઢવો જોઈએ. એની ઉપેક્ષા કર્યે નહીં પાલવે. આવી પરિસ્થિતિમાં વિવેચક મોઢું ચઢાવીને શોક પાળે તો કોઈનું કલ્યાણ નહીં થાય. હમણાં જ બુદ્ધદેવ બસુએ કહ્યું કે બંગાળમાં વિવેચન જ નથી. એવી નિર્ભીક પ્રામાણિકતા જો આપણને પરવડતી હોય તો આપણને પણ કદાચ એ જ કહેવાનું રહે. સાહિત્યરસિક એક મિત્રે ટકોર કરતાં કહ્યું : 'આજે આપણે ત્યાં બે પ્રકારના વિવેચકો છે : અજાતશ્મશ્રુ અને અજાતશત્રુ. આ પૈકી પહેલામાં સાહિત્યસૂઝ પૂરી ખીલી હોતી નથી, પણ સાહિત્યસૂઝના આ અભાવને એ નિર્ભીકતા અને ધૃષ્ટતાની હદે જતી પ્રગલ્ભતાથી પૂરી દે છે. બીજો વિવેચક બરડ થયાની હદે પહોંચે એટલો પાકો બની ગયો છે. એણે જૂનું તો પોતાની શક્તિ અનુસાર આત્મસાત્ કર્યું હોય છે, પણ કશુંક નવું નજરે પડતાં એ શંકાભરી નજરે જુએ છે. એનાથી ચેતીને ચાલે છે. પણ સ્વભાવથી ઉદાર અને તત્સમવૃત્તિનો હોવાને કારણે, એ આવા નવા પ્રયોગો પ્રત્યે ઉપેક્ષા સેવીને અટકી જાય છે; એને ભાંડવાની હદે જતો નથી. એની પેઢીના લબ્ધપ્રતિષ્ઠો જોડે એ સારો સમ્બન્ધ જાળવી રાખે છે, ને એ રીતે, અન્યોન્યની પ્રતિષ્ઠા જાળવી રાખવાનો ગુપ્ત કરાર તૂટતો નથી.'

આ મિત્રના કહેવામાં આક્રોશ હશે, પણ સત્ય રહ્યું છે એની ય ના કહેવાશે નહીં. અજાતશ્મશ્રુ વિવેચકો કોણીમાર શૈલીએ, 'ખસો, અમે આવી રહ્યા છીએ' એમ કહીને આક્રમણ લાવે છે. એમને કોઈની સ્થપાયેલી પ્રતિષ્ઠાનાં મૂળિયાં હચમચાવી જોવાની મજા પડે છે. એમના આ ઉત્સાહની સાથે સાહિત્યના સાચા વ્યાસંગ અને પરિશીલનને કારણે આવતી સાત્ત્વિક નમ્રતા (Holly sobriety) પણ ભળે તો પરિણામ સારું આવે. પણ સ્થિર પ્રકાશરૂપ બનવાને બદલે એ તડતડીને તણખો થઈને વેરાઈ જાય છે. છતાં પેલા અજાતશત્રુ વિવેચક કરતાં આપણે તો આ અજાતશ્મશ્રુ વિવેચક પર જ નજર માંડવાની છે. એ વધારે જાગ્રત રહે, શૈલીસુખને ખાતર કટાક્ષ, વ્યંગ વગેરે શસ્ત્રો વાપરવાની કૃતક યુયુત્સાને વશ નહીં થાય, તો આવતી કાલે આપણને એની પાસેથી જ સાચું વિવેચન સાંપડશે એમાં શંકા નથી.

અજાતશત્રુ વિવેચક તો વહેવારુ જીવ છે. એને તો સમ્બન્ધો નિભાવવાના છે. વિવેચક પરીક્ષણ કરે છે કૃતિનું, કર્તાનું નહીં. કૃતિ નબળી હોય તો કર્તા નબળો છે એમ અનિવાર્યતા બને નહીં. પણ કર્તા તરફ નજર મંડાયેલી હોય તો કર્તાનો પડછાયો જ કૃતિને ઢાંકી દે. આથી વહેવાર સાચવીને જ અટકી જવું પડે, કૃતિ સુધી પહોંચી શકાય નહીં. આવા 'વિવેચનો' અને 'પ્રવેશકો', દુર્ભાગ્યે, આપણા સાહિત્યમાં ઘણાં મળી રહેશે. ચલણી બનીને જડ થઈ જવાની હદે પહોંચેલી કૃત્રિમ ભાષામાં એવી તરકીબથી લખવું કે આખું લખાણ વિદ્વત્તા કે વ્યુત્પત્તિમત્તાની છાપ પાડે એવું લાગે, ને તેમ છતાં કૃતિ વિશે વિવેચનાત્મક દૃષ્ટિએ કશું જ કહ્યું નહીં હોય. આવા વિવેચકો, કોઈ વાર અંતરાત્મા પીડે છે ત્યારે, કોઈ નવીનના પર તૂટી પડવાની હિંમત કરે છે ને એમ કરીને નરસિંહરાવનો વારસો સાચવ્યાનો સન્તોષ લે છે. બનતાં સુધી સમકાલીનો વિશે એઓ બહુ ઓછું કહે છે. કહેવાનું આવે છે તો પવન કઈ દિશામાં વાય છે તેની ખાતરી કરીને જ કહે છે. બનતાં સુધી કૃતિનો પરિચય આપીને જ અટકી જાય છે, વિવેચન કરવાની જવાબદારી માથે લેતા જ નથી. સલાહના, ઉત્તેજનના, આશિષ કે શાપના બે બોલ કહીને ઇતિકર્તવ્યતા માને છે. આ 'વિવેચન' પ્રકારથી તો આજે આપણે સૌ સુપરિચિત છીએ.

વિવેચનમાં પ્રવર્તતી આ પરિસ્થિતિનાં શાં પરિણામો આવ્યાં? નવા સર્જકોને સાચી દોરવણીનો લાભ મળ્યો નહીં. વર્તમાનપત્રના સાહિત્યવિભાગનો 'વિવેચક' જ માત્ર બોલતો રહ્યો. એને એના ઉપરીનો આદેશ હોય: 'જો, જો નકામી તકરાર ઊભી કરશો

નહિ. સારગ્રાહી વિવેચન કરવું. સાઠમારી ઊભી કરવી નહીં.' આ ઉપરાંત લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર કે એવો કોઈક બીજો વિવેચક જો એ પાનું ચલાવતો હોય છે તો એને એના જૂથ પ્રત્યેની વફાદારીને વશ વર્તીને રહેવાનું હોય છે. એક વાર એક કવિએ પોતાના કાવ્યસંગ્રહનું વિવેચન એમના બીજા કવિમિત્ર પાસે તૈયાર કરાવીને જ સીધું મોકલાવી આપ્યુ હતું. આ જ રીતે જો કોઈ હરીફ જેવો લાગતો હોય તો બીજા કોઈક પાસે, અથવા તો પોતે જ બીજા કોઈ નામે (બનતાં સુધી સ્ત્રી નામે!) તેના પર હુમલતો કરી, કરાવીને તેને ધમકાવી નાખવાનું પરાક્રમ કરે ત્યારે જ આવા વિવેચકને જંપ વળે. એ લલિત સાહિત્યનો સર્જક હોવાથી એકદમ તમારા હૃદયનો કબજો લઈ લે, તમારી આંખને આંજી દે, તમને ભાવી જાય એવાં ચોટદાર શીર્ષકો યોજે; બે ચાર વિષયને અપ્રસ્તુત, ચાતુરીભર્યા ટુચકાઓ પરદેશી સાહિત્યમાંથી શોધી કાઢીને વાપરે, પેલા લેખકની ઠંડે કલેજે મજાક ઉડાવે ને પછી કહે ‘અમે તો એવા સૂક્ષ્મ કટાક્ષો યોજીએ છીએ કે લેખક બિચારો એમ માને કે એની પ્રશંસા થઈ રહી છે, જ્યારે અમારો કટાક્ષ તો એની કતલ કરી રહ્યો હોય છે.' કટાક્ષની ઝેર પાયેલી અણી એ એમના વેપારની મોટી મૂડી છે. સત્ય જોડે એમને ઝાઝી લેવડદેવડ નથી. ચાર ગોઠિયાઓ પીઠ થાબડીને પાણી ચઢાવે એટલે એ વીર વળી પાછો હુમલો કરવા તૈયાર! આથી ઇંગ્લેંડની અઢારમાં સૈકાની પેલી cyclic novelથી આપણી નવલકથા આગળ વધી નથી. કવિતા વિશેના વાદવિવાદ આપણે સિદ્ધાન્તચર્ચાની ઊંચી ભૂમિકાએ લઈ જઈ શકતા નથી; જડ પૂર્વગ્રહોની બુટ્ટી તલવાર અથડાવીને સન્તોષ માનીએ છીએ. આને પરિણામે કવિતાની બાનીમાં સજીવતા આવી નથી. બે ચાર વિશેષણોની નવાજેશ, બે ચન્દ્રકની લ્હાણ અને વાર્ષિક પારિતોષકના વિતરણમાં આપણા સાહિત્યની ઇતિ આવી જાય છે.

સામયિકોમાં વિવેચન ઝાઝું આવતું નથી. પ્રવેશકો છાપીને ઘણું ખરું સામયિકો સન્તોષ માને છે. આવા પ્રવેશકો ઘણી વાર તો વડીલશાહી પીઠ થાબડના પ્રકારના જ હોય છે. વાર્તાઓ થોકબંધ લખાય છે. ઈનામોનો વરસાદ વરસે છે, આજે લખેલું શાહી સૂકાય તે પહેલાં તો છપાઈને ફોટા સાથે પ્રગટ થાય છે, યશ સસ્તો થયો છે.

આ બધામાંથી સાચા વિવેચને માર્ગ કાઢવાનો છે. સાચું વિવેચન શૈલીસુખ માણવા લખાતું નથી, સત્યની સેવા કરવા લખાય છે. એ કટાક્ષના બાણથી ખેલવાનું સમરાંગણ નથી, સાહિત્યના સ્વાધ્યાય અને પરીક્ષણનું પવિત્ર કાર્ય છે. અલ્પજીવી કૃતિઓના

ઉકરડામાંથી એકાદ બે રત્નો હાથ લાગે તો એ શોધવાનો શ્રમ એણે કરવાનો છે. અજાતશ્મશ્રુ અજાતશત્રુ બનતા અટકે તો સારું.

# ચોત્રીસ

ક્રોમિયમ પ્લેટેડ સૌજન્યનો ચળકાટ નથી સહેવાતો. એવા સજ્જનોના શબ્દે શબ્દે એન્ટિસેપ્ટિક ડિસઈન્ફેક્ટન્ટની ગન્ધ આવે છે. એમની અસ્ત્રીબંધ કકરી સુઘડતા હૉસ્પિટલના ઑપરેશન થિયેટરની યાદ આપે છે. હમણાં જ ચમકતા ચીપિયા અને તીક્ષ્ણ ધારવાળી નસ્તર મૂકનારી છરી દેખા દેશે એવી ભીતિથી હૃદય ફફડી ઊઠે છે. એમના સ્મિતમાં ઇથરની શીતળતા હોય છે. એવા 'સજ્જન'ની સમક્ષ ખડા થવાનું આવે છે ત્યારે મને તો માથે મોત ભમતું લાગે છે. એમના મોભાનું વજન એઓ આપણી પાસે મજૂરની જેમ ઉપડાવે છે. એમની કીર્તિને આપણે ખાંધ આપવી પડે છે; ને તે ય આપણો ચહેરો સાવ ભૂંસી નાખીને! એવા સજ્જનોનો દીર્ઘ સહવાસ જેમના નસીબમાં લખાયો હોય છે તે અન્તેવાસીઓનું શું થતું હશે! ખરેખર, મનુષ્યના જેવું મનુષ્યભક્ષી પ્રાણી બીજું ભાગ્યે જ હશે! બહાર બેઠેલા ચપરાસીના હાથમાં આપણું નામ લખીને ચબરખી અંદર મોકલાવીએ, આપણી આગળ આપણા નામની ચબરખી ચાલે, પછી થોડી ક્ષણો કે કલાક સુધીની અકળાવી મૂકનારી પ્રતીક્ષા, પછી અંદરથી આવતો 'બઝર'નો તુમાખીખોર કર્કશ અવાજ, પછી આપણો પ્રવેશ, અસબાબના કોટકિલ્લા વચ્ચેથી તીક્ષ્ણ દૃષ્ટિએ તમને માપી લેતી બે આંખો, દવાની શીશીમાં ખડકેલી એકસરખા આકારની ટીકડી જેવા એમના મુખમાંથી ગબડતા શબ્દો, ધીમે ધીમે બહાર નીકળતા નહોર, લબકારા મારતી જીભ – તમે બહાર નીકળો ત્યારે એમની દાઢ વચ્ચે પૂરેપૂરા ચવાઈને જ નીકળો. એમના સુદર્શન ચક્રે તમારો પીછો પકડ્યો જ હોય. એમના આ કૃષ્ણકૃત્યનો મહિમાભાર શેષનાગને ક્યારેક ચળાવશે ને?

# પાંત્રીસ

તાવની આંચથી દૃષ્ટિને એક પ્રકારની દાહક તીક્ષ્ણતા પ્રાપ્ત થાય છે. આનો એક લાભ છે. બીજાઓ જ્યારે નિદ્રાધૂસર દૃષ્ટિથી માંડમાંડ સૃષ્ટિને નવેસરથી ઓળખવા મથતા હોય છે, ત્યારે અનિદ્રાને કારણે પ્રાપ્ત થયેલી અકલુષિત તીક્ષ્ણતાતી એકેએક પદાર્થને સ્પષ્ટ કોતરીને એનું રૂપ હું આસાનાથી જોઈ શકું છું. પદાથૌનાં રૂપો કોતરવાની પ્રવૃત્તિ દરરોજ સવારે એકસરખા ઉત્સાહથી કરવી ગમે છે. આ સૃષ્ટિની નવી નવી 'લીનો-કટ' છબિ તૈયાર થતી જ રહે છે. આથી પદાર્થનું ને વ્યક્તિનું એક શુદ્ધ રૂપ જોવા મળે છે. કોઈ પણ વસ્તુ કે વ્યક્તિને આપણે જોતા હોઈએ છીએ ત્યારે એની આજુબાજુનો પરિવેશ, અન્ય વસ્તુઓ ને વ્યક્તિઓ, અવકાશ અને સમય સુદ્ધાં એની સાથે અગોચરરૂપે ભળી જઈને મૂળ રૂપને આવૃત્ત કરી દે છે. આ આવરણમાં થઈ ને જ પદાથૌ જોવાને આંખ ટેવાઈ જાયછે. પણ કોઈક વાર આ આવરણ આપણને અકળાવી મૂકે છે. સૃષ્ટિનું અનાવૃત્ત રૂપ જોવાને આંખ અધીરી બને છે. એ જ્યારે શક્ય બને છે ત્યારે જાણે ફરીથી એક નવા જ વિશ્વમાં આપણો જન્મ થતો હોય એવું લાગે છે.

# છત્રીસ

ઘણી વાર આ અસ્થિપિંજરની અંદર પુરાઈને બેઠેલું કોઈક ક્યાંકથી કશોક અણસાર પામીને નાસી છૂટવા બધું હચમચાવી નાખે છે. કશું અકબંધ રહેતું નથી, બધું આઘું પાછું થઈ જાય છે; કેટલુંક તો એવું ક્યાંક તળિયે દબાઈ જાય છે કે ઘણી શોધાશોધ કરતાં ય હાથ નથી આવતું. મારી આ સ્થિતિ ખુલ્લી પડી જતાં પરિચિતો આશ્ચર્યથી પૂછે છે : 'કેમ, આજકાલ આ શું માંડયું છે?' અંદર પુરાઈને રહેલાના ઉધામા ને ઊના નિસાસા મનની આબોહવાને બદલી નાખે છે. ક્યાંય કરાર વળતો નથી. કશી જવાબદારી ઉપાડી શકાતી નથી. રજેરજ વિચારોને ખંખેરી નાખું છું. ઝરણાંને તળિયે રહેલા કાંકરાની જેમ પડયા રહીને કાળના પ્રવાહને ઉપરથી વહ્યે જવા દઉં છું. જીવનમાં આવતી આવી તિથિઓનો પુરુષોત્તમ માસ કેવળ મારા જ પંચાંગમાં હોય છે તેથી જ તો આફત ઊભી થાય છે.

# સડત્રીસ

ઉમ્બર પર કોઈકનો પડછાયો દેખાય છે. એ તરફ કોઈનું ધ્યાન નથી. એ બીજાને દૃષ્ટિગોચર નહીં હોય! પણ હું એ પડછાયા પરથી દૃષ્ટિ ખસેડી શકતો નથી. વાતચીતમાં મારું ધ્યાન નથી, વાક્યો તૂટે છે. એ પડછાયાની સંકોચશીલ ભીરુતા મને અસ્વસ્થ કરી મૂકે છે. હું એની સાથેનો પરિચય તાજો કરવા મથું છું ને યાદ આવે છે : દીવાની ઝાળથી કાળી બની ગયેલી ચીમની, ઊંઘના ભારથી લચી પડેલી પાંપણો ને સ્થિર થવા આવેલાં નિદ્રાના જળને ડહોળી મૂકતાં અકારણ હીબકાં, છાતીએ ભરાઈ આવેલો ડૂમો, બાલ્યવયનું એ નવજાત દુ:ખ આ બધાં વર્ષો દરમિયાન મારાથી અગોચરે ઉછરતું રહ્યું છે. આજે હવે એ એક જ ખોળિયામાં ભેગું રહેવા આવ્યું છે. હવે એકાન્ત શક્ય નથી. એનો સહવાસ છૂટે એમ નથી. હાસ્યને અન્તે એનો ઉચ્છ્વાસ સંભળાય છે. દૃષ્ટિની આડે એ ઝાંયની જેમ છવાઈ જાય છે. રાતભર સો સો છિદ્રોમાંથી ઉઘાડા પડી જતા એના વ્રણને ઢાંકવા એ અન્ધકારનાં થીંગડાં માર્યા કરે છે. એની સોયના ટાંકાનો અવાજ મને જંપવા દેતો નથી. સવારે મારાં સૂજેલાં પોપચાંને ખોલીને એ સૂર્યની આડે ઊભું રહી જાય છે. પ્રત્યેક પળે એના અન્તરાયને વીંધીને સૃષ્ટિને જોવાનો શ્રમ આંખને ભીની કરી દે છે.

# અડત્રીસ

આછી ઝરમર-પ્રેમીઓની અક્રમ જલ્પના જેવી; માફકસરની હૂંફ શોધવાને વિહ્વળ બનાવે એવી સુખદ ઠંડી ને આપણી નક્કરતાને ભેદીને આરપાર જતાં જાદુગર વાદળો. આજુબાજુ અને ઉપરનીચેનું બધું જ ભૂંસાઈ ગયું હતું. શુદ્ધ વર્તમાનનું સૂચ્યગ્ર બિન્દુ જ માત્ર અસ્તિત્વ ધરાવતું હતું. પાસે સહયાત્રીઓ ચાલતાં હતાં, પણ એમની રૂપવિધુર શ્રુતિ જ કેવળ ઉપલબ્ધ હતી. અમે ચાલ્યે જતાં હતાં, પણ લક્ષ્ય સાથેનું અનુસંધાન ભૂંસાઈ ગયું હતું. ચાલવું એ જ ચાલવાનું લક્ષ્ય હતું. દરેક પગલે મારામાંથી ય બધું ભૂંસાતું જતું હતું. હું પોતે નરી પારદશી સપાટીના જેવો બની ગયો હતો. એમાં કોઈના મુખનું પ્રતિબિંબ નહોતું. પારદર્શક શૂન્યમાં ફેરવાઈ જવાનો આ અનુભવ મને સાવ હળવો કરી દેતો હતો. ચામુંડાની ટેકરી નીચેનું મૈસુર શહેર જોઈને કોઈ મુગ્ધ જન ઇન્દ્રપુરીને યાદ કરતું હતું. કોઈક પોતાના મનોરથનું ચામુંડા આગળ નિવેદન કરવા અધીરું હતું. મને તો નરી ઓગળી જવાની મજા માણવી ગમતી હતી. એ આબોહવા અને એ પારદશી શૂન્ય સંચિત કરીને નીચે ઊતર્યો. હવે અહીં, લોકારણ્યમાં અટવાતો હોઉં છું ત્યારે ય, આસાનીથી એ પારદશી શૂન્યને તળિયે ડૂબકી મારી જવાનું ગમે છે. બધા બુદ્‌બુદ શમી જાય છે, આજુબાજુની વ્યક્તિઓના ચહેરાઓ તરલ બનીને ઓગળતા જાય છે ને શુદ્ધ પ્રસુતિની સ્થિતિમાં અવશિષ્ટ થઈને રહેવાનું પ્રાપ્ત થાય છે. એ સ્થિતિમાંથી બહાર આવ્યા પછી બધી અનુભૂતિને એ શૂન્યનો પાસ બેસી જાય છે, આથી આ જગતનો એક નવો સ્વાદ ચાખવા મળે છે.

# ઓગણચાલીસ

મધુમાલતીની ગભરુ કળીને દુ:સ્વપ્ન આવ્યું છે. એ ઊંઘમાં હીંબકાં ભરે છે. નમવા આવેલી રાત ઝૂકીને એને ધીમેથી પૂછે છે : શું છે બેટા? કળીના હોઠ ફફડે છે. લાખ જોજન દૂરના તારાની પાંપણ પલકે છે, મારી નાડી જોરથી ધબકે છે, અવાવરુ વાવને તળિયે શેવાળમાં જીનની દાઢી ધ્રૂજે છે, એના કંપથી એક ચીબરી કકલાણ કરી મૂકે છે. હું કાન સરવા રાખીને સાંભળું છું. પાંદડાંની આડશે પવન પણ કાન માંડીને બેઠો છે. કળી કહે છે : ‘આવતી કાલે સૂરજ નહીં ઊગે.’ પવન પૂછે છે : ‘ગાંડી, કોણે કહ્યું તને?’ કળી કહે છે : ‘શેષનાગે મારા કાનમાં કહ્યું.’ હવે શું થાય? બીજો સૂરજ ક્યાંથી લાવીશું? કોઈ કહે : બ્રહ્માજીને ઢંઢોળીને જગાડો ને કહો કે સવાર થાય તે પહેલાં બીજો સૂરજ ઘડી આપો. પણ બ્રહ્માજીને જઈને કોણ જગાડે? એ સાંભળીને પાસેના તળાવમાંના દેડકાએ આંખો પટપટાવી, ગલોફાં ફૂલાવ્યાં ને પછી બોલ્યો : ‘ડ્રાંઉં ડ્રાંઉં, હું જાઉં.’ બખોલમાં બેઠેલા સાપને હસવું આવ્યું. એણે મૂછો ફરકાવીને કહ્યું; ‘તમે લંગડે પગે ક્યારે પહોંચશો?’ તોત્સુકાની ઢીંગલીઓમાંની એક ઠાવકું મોઢું રાખીને કહ્યું : ‘બીજો સૂરજ ક્યાં છે તે હું જાણું છું.’ બધાં કહે, ‘તો ઝટ ઝટ કહી દે ને!’ એવું ને એવું ઠાવકું મોઢું રાખીને એ બોલી, ‘પરવાળાના બેટમાં એક જલપરી રહે છે. એણે એક સૂરજને પૂરી રાખ્યો છે. જો સૂરજ બહાર નીકળે તો રાજકુમારને ચાલ્યા જવું પડે, પરવાળાના બેટમાં રાત હોય ત્યાં સુધી જ એ જળપરીના મહેલમાં રહી શકે, સૂરજ ઊગતાની સાથે જ એને ચાલ્યા જવું પડે. આથી જલપરીએ એને સંતાડી રાખ્યો છે.’ આ સાંભળીને બીજી ઢીંગલી હસી પડી ને બોલી : ‘એ તો જુઠ્ઠી છે જુઠ્ઠી! એક નહીં પણ લાખ સૂરજ હું લાવીને અબઘડી હાજર કરી દઉં.’ બધાં એક સાથે બોલી ઊઠ્યાં : ‘તો કરી દે હાજર.’ એના

જવાબમાં એ બોલી; 'આંધળાની આંખને તળિયે હજાર સૂરજ ડૂબ્યા છે. એને તાગવાની હિંમત હોય તે આવે મારી સાથે.' કોઈ ઊભું થયું નહીં. કળી બિચારી ફરી હીબકાં ભરવા લાગી. ત્યાં ઘુવડ બોલ્યું, 'આ ચાંદામામાએ કેટલા ય સૂરજને આજ સુધીમાં લૂંટી લીધા છે. એ લૂંટ બધી પાછી કઢાવો એની પાસેથી.' ત્યાં તો દૂરથી દરિયાદાદા ઘૂરક્યા : 'ખબરદાર.' હવે? રાતથી તો હવે ઝાઝુ થોભી શકાય તેમ નહોતું. ત્યાં એક આગિયો બોલ્યો : 'ચાલો ને, આપણે સૌ મળીને આપણામાંનું થોડું થોડું તેજ એકઠું કરીને સૂરજ બનાવીએ.' આ સાંભળને કળીને હોઠે સ્મિત ચમક્યું. એનું તેજ, આગિયાનું તેજ, સોયના નાકામાં દોરો પરોવતાં દાદીમાની આંખનું તેજ – એમ કરતાં કરતાં મારો વારો આવ્યો. અન્ધકારના ગાઢ અરણ્યને વીંધીને હું તેજ શોધવા નીકળ્યો, દૂર દૂર ચાલી નીકળ્યો, પણ જ્યાં જોઉં ત્યાં અન્ધકાર જ અન્ધકાર : શ્વાસના બે પડ વચ્ચે સિવાઈ ગયેલો અન્ધકાર, શબ્દોમાંથી ઝરપતો અન્ધકાર. એ અન્ધકારમાં ફાંફાં મારતો આગળ વધતો હતો ત્યાં કોઈકની જોડે ભટકાઈ પડ્યો, એનો ને મારો અન્ધકાર ચકમકની જેમ ઘસાયા, તણખો ઝર્યો, એના અજવાળામાં જોઉં છું તો – પણ એ કોણ હતું તેનું નામ નહીં કહું. મધુમાલતીની કળીએ આંખો ખોલી ત્યારે નવો નક્કોર સૂરજ ઊગી ચૂક્યો હતો. કળીએ શેષનાગના કાનમાં કહ્યું : 'સૂરજ ઊગ્યો.' પણ દરરોજ સાંજે દયામણે ચહેરે કોઈ પૂછે છે : હવે આ સૂરજને તો કોઈ ચોરી નહીં જાય ને?

# ચાલીસ

ખૂબ ખૂબ માયા છે, ને માટે જ ખૂબ ખૂબ સુખ પણ છે. જે જાણી કરીને અતડા રહે છે, અતડા રહેવા બદલ અભિમાન સેવે છે, તેની પ્રત્યે પણ અપાર કરુણા થાય છે. મારું ચાલે તો એમનો એ બોજો ઉતારવામાં મદદ કરું. કરડાકીભરી નજરે જ જોવા ટેવાયેલાની આંખમાં શી રીતે સ્નિગ્ધતાનું અંજન આંજવું તેનો ઘણી વાર વિચાર કરું છું. સ્પર્શબધિર ને ચક્ષુબધિર લોકોને જોઉં છું, ને મારું હૃદય દ્રવી જાય છે. દિવસો સુધી ફૂલને ને સ્પર્શ્યા હોય, કોઈની ગ્રીવાની સુંવાળી રૂંવાટીને પંપાળી ન હોય, વૃક્ષની ઘટાના સ્પર્શના મખમલમાં દષ્ટિને આળોટવા દીધી નહીં હોય ને છતાં મનને એનું દુ:ખ નહીં થાય, કશું કઠે નહીં એવા ય લોકો હોય છે. આંખ જોતી હોય છે છતાં એનામાં આશ્ચર્યની ચમક ન હોય, કેવળ મનની કચેરીના નોંધણી કારકુનનું જ કામ આંખ કરતી હોય એવું ય ક્યાં નથી બનતું? કોઈના મોઢા પર સ્મિત જોઉં છું – શબ પર ચઢાવેલા ફૂલના જેવું, ને આંખ ભીની થઈ જાય છે; કોઈ મારી આંખોમાં આંખ માંડે છે ત્યારે એક દષ્ટિના ઘૂંટથી એ આંખોમાં રહેલો બધો વિષાદ પી જવાનું મન થાય છે. પણ મારી જ પાંચ વર્ષની કન્યાના જગતમાં હું પ્રવેશી શકતો નથી. જેને આત્મીય કહીએ તેની સૃષ્ટિની સીમાઓ પણ ભેદી શકાતી નથી. હૉસ્પિટલની બારીમાંથી ડોકિયાં કરતાં ફૂલના જેવી કરુણ દષ્ટિએ કોઈ જોતું હોય છે ત્યારે એ આંખની પાંપણોને કોમળ સ્પર્શથી શાતા આપવાનું મન થાય છે. શરદ્ બેઠી છે. સોનું લૂંટાવવાના દિવસો છે. ક્યાં છે સોનું?

# એકતાલીસ

નોકરી કરવા જાઉં છું ત્યાં બારીમાંથી નજર કરું છું તો એક પ્રચણ્ડકાય વૃક્ષરાજને જોઉં છું, એને ગળે લેટિન ભાષામાં લખેલા એના નામનું પાટિયું ટાંગ્યું છે – એ જોઈને નંબરવાળો ડગલો પહેરતા જેલના કેદી યાદ આવે છે. બોટનિકલ ગાર્ડનના વનસ્પતિપરિવાર વચ્ચે આ આરણ્યકનો મેળ ખાતો નથી. એના પર્ણમર્મરનો છન્દ સાંભળું છું ને મારામાં રહેલો આરણ્યક એમાં સાદ પૂરાવે છે. સૂડાઓનું ટોળું આવીને એના પર બેસે છે. એ શુકપંક્તિનો વિન્યાસ હું બેઠો બેઠો જોયા કરું છું. એ વૃક્ષરાજની આજુબાજુ વિષાદનો પરિવેશ છે, એકાકીપણાના વર્તુળમાં પુરાઈને એ જે દીનતા ધારણ કરે છે તે નથી સહેવાતી. એની અને મારી શિરાઓમાં ઝંઝાવાતનો ઉદ્દામ લય છે. પુસ્તકોના ઢગ વચ્ચે ઠાવકું મોં રાખીને જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ સાથે વાતો કરતો હોઉં છું ત્યારે મારામાં વસતો ઘણાં વર્ષો પહેલાંનો એ કિશોર છલાંગ ભરીને વૃક્ષની સૌથી ઊંચી ડાળે ચઢીને હીંચવા અધીરો બનીને બેઠો હોય છે, અહીંના સભ્ય પણ્ડિતો વચ્ચે એવું વન્ય વર્તન કાંઈ કોઈ નભાવી નહીં લે, માટે ગમ ખાઈને બેસી રહું છું. મારા ચિત્તના નેપથ્યમાં સ્તબ્ધ બનીને ઊભેલા વૃક્ષ પરથી શુકપંક્તિઓ પાંખ ફફડાવતીકને ઊડી જાય છે.

# બેતાલીસ

મૂશળધાર વરસાદ પડે છે. એ જોતાં બૉદ્‌લેરની પેલી પંક્તિ મનમાં ઝબકી જાય છે :

When the long lines
of rain
Are like the bars of a
vast prison

'Prison' જોડે 'vast' વિશેષણ મૂકવાથી આખી વાત કેવી ભયંકર બની જાય છે! એ વિશાળ કારાગારમાંથી મુક્ત કરવાનું વસુદેવકૃત્ય કોણ કરશે? આ પંક્તિ યાદ આવતાં જ મન બૉદ્‌લેરની કાવ્યસૃષ્ટિની આબોહવામાં ચાલ્યું જાય છે. વિશાળ આકાશ પોતે જ ભારે વજનના ઢાંકણની જેમ સૃષ્ટિને ઢાંકી દે છે. એ ઢાંકણ વસાઈ ગયા પછી નાસી છૂટવાનો માર્ગ જ ક્યાં રહ્યો? આકાશ જ અવકાશ આપે, પણ એ જ જો ઢાંકણ બનીને આપણને પૂરી દે તો અકાવશ ક્યાં રહ્યો? અલંકારશાસ્ત્રમાં જે હીનોપમા ગણાય તે કાવ્યમાં હમેશા હીન બની રહે એવું નથી. અહીં હીનોપમાનું સામર્થ્ય જોઈ શકાશે. અસંખ્ય ઉપાધિઓના ભાર નીચે કચડાઈને કણસતા જીવ ઉપર આ ઢાંકણ વસાઈ જાય છે. એ આખી ક્ષિતિજને ઢાંકી દે છે ને એને પરિણામે જે દિવસ આપણે નસીબે રહે છે તે રાતથી ય વધ ગ્લાનિભર્યો હોય છે. આ પછી બૉદ્‌લેર જે જે કાંઈ વિશાળ પરિમાણ ધરાવે છે તેને સંકોચતો જાય છે. આથી આપણા પ્રાણ પણ ભીંસાઈ સંકોચાઈને રૂંધાવા માંડે છે, પણ આકાશ જ જ્યાં ઢાંકણની જે વસાઈ ગયું હોય ત્યાં નાસી છૂટવાનો રસ્તો જ ક્યાંથી રહે? પરિમાણના આ સંકોચથી જે ભયાનક નિષ્પન્ન થાય છે તેનો સ્વાદ આ કવિતામાં છે. ધરતી આખી ભેજવાળી અંધારી કોટડીના જેવી બની જાય છે ને એની

અંદર આશા ભીરુ ચામાચીડિયાની જેમ લૂણો લાગેલી છત સાથે માથું પટક્યા કરે છે, આવે વખતે આપણા મગજની અંદર જુગુપ્સાજનક કરોળિયાનું ટોળું ચૂપચાપ જાળ બાંધ્યા કરતું હોય એવું લાગે છે. ત્યાં એકાએક પ્રાત:કાળની પ્રાર્થનાનો ઘંટારવ ક્યાંકથી સંભળાય છે. પણ આ વાતાવરણમાં એનો આખો સંકેત ફરી જાય છે. એનો નાદ જાણે રોષથી છલાંગ ભરીને આકાશ સામે ઘૂરકી રહે છે. નિરાશ્રિત ભૂતપ્રેતની જેમ હતાશ બનીને એ કણસ્યા કરે છે. એવી પળે ચિત્તના નેપથ્યમાંથી કશાં ઢોલત્રાંસાં વગાડ્યા વિના કાંઈ કેટલા ય જનાજા મૂંગા મૂંગા એકધારા પસાર થતા હોય એવું લાગે છે. હારી ગયેલી આશા ક્રન્દન કરે છે ને આપણી ઝૂકેલી ખોપરી પર આપખુદ ભીતિ પોતે એના વિજયની કાળી પતાકા ફરકાવી દે છે. આવા દિવસે એ કાળી પતાકા સિવાય બીજું કશું ક્યાંક ફરકતું દેખાતું નથી. જયદેવની મેઘમેદુર સૃષ્ટિથી આ સૃષ્ટિ સાવ જુદી છે.

# ત્રેતાલીસ

અહીં સૂર્યનો સમૂળો બહિષ્કાર કર્યો છે. બહારની હવા પણ કોઈક અંદર પ્રવેશે ત્યારે એની પાછળ લપાતી-સંતાતી ઘડીક ડોકિયું માત્ર કરી જાય છે. 'એર કન્ડિશનિંગ' બધી ઋતુઓને એક કરી નાખે છે – અથવા એક નવી જ ઋતુની આબોહવાનો એમાં અનુભવ થાય છે. વિદ્યુતના દીવાનું તેજ ખંધા માણસની આંખની જેમ પોતે બહુ પ્રકટ થયા વિના બીજાને બતાવવા પૂરતું હાજર છે. આથી બધાં વચ્ચે જાહેરમાં બેઠા હોવા છતાં એક પ્રકારના આભાસી વિશ્રમ્ભનું, એકાન્તનું વાતાવરણ ઊભું થતું લાગે છે. ક્રીમ કૉફીનો ઘૂંટડો પીતાં પીતાં હું આજુબાજુની દુનિયાને જોઉં છું. આ વિશ્રમ્ભ અને એકાન્તનું લોકો શું કરવા માગે છે? એક ખૂણામાં આંખ પટપટાવતી એક ષોડશી(કે વીશંતિકા?) ની આજુબાજુ થોડાક જુવાનિયાઓનું ઝૂમખું બેઠું છે. સહેજ સહેજમાં હાસ્યની છોળ ઉછળે છે. પોતે બધાનું ધ્યાન પોતાના તરફ ખેંચી રહી છે. એના ગૌરવભર્યા ભાનનો ધૂંધળા વાતાવરણમાં પણ સ્પષ્ટ દેખાઈ આવે છે. વેઈટર (કે બેરર?) ચાવી આપેલા રમકડાની જેમ મૂંગા મૂંગા ફરે છે, અદબથી ઝૂકે છે. બધે સભ્યતાનું ચળકતું વાર્નિશ દેખાય છે. આ દ્વીપ રણદ્વીપ જેવો જ લાગે છે. એની ચારે બાજુ મૃગજળ છે. મૃગજળથી ઘેરાઈને સપનાં જોતાં બેસવું – એ કાંઈ જેવી તેવી વાત છે?

# ચુંમાલીસ

માહીમના કૉઝવે આગળ એક સરસ જગા છે. 'સરસ' તો નકામો શબ્દ છે તે જાણું છું. રાતને વખતે અમે સૌ ત્યાં જઈ ચઢેલા. કિલ્લાના બુરજ ઉપર ઊભા હોઈએ એવું લાગે, ને અન્ધકારમાં સમુદ્રની ફેનિલ વીચિમાળા દેખાય. એને અન્ધકારમાં જ જોવી જોઈએ. એ શ્વેત પ્રલાપ આજુબાજુના સન્નિવેશ વચ્ચે સાંભળવો ગમે છે. આપણા નેપથ્યમાં બહુ ઊંડે ઊંડેથી, ભાષાના બધા પેટાળને ય ફોડીને, એના પડઘા પડતા સંભળાય છે, આવા જ કોઈક બુરજની પાળ પર ઊભા રહીને હૅમ્લેટ 'To be or not to be'ના તરંગે ચઢ્યો હશે. અમે હતા તો છ સાત જણ. પણ ત્યાં જતાંની સાથે સૌ આપમેળે ચૂપ થઈ ગયા. કેટલાક શબ્દોને એ સ્થળથી ફેનિલ વાચાળતા વચ્ચે હું મૂકી આવ્યો છું. ભલે થોડોક વખત ત્યાં ગાળે. વરસેક રહીને એ શબ્દોને પાછો લેવા જઈશ ત્યારે એમને કેવું રૂપ મળ્યું હશે? મને હમેશા લાગ્યા કર્યું છે કે કવિએ પોતાના શબ્દોને જુદા જુદા વાતાવરણમાં ને ભિન્ન ભિન્ન સ્થળે દેશાટન કરવા મોકલી આપવા જોઈએ. આથી એ શબ્દો પુષ્ટ થઈને આવે છે. આ પુષ્ટિ કાવ્યને તો ઘણી ખપની છે. આયુર્વેદમાં જેમ ધાતુને સિદ્ધ કરવામાં આવે છે તેમ આપણા શબ્દોને પણ અનેક પ્રકારના જુદા જુદા પુટ આપીને સિદ્ધ કરવા જોઈએ. આપણી કવિતામાં કશું eotic તત્ત્વ જ દેખાતું નથી. એની આબોહવા જાણે બદલાતી જ નથી. બૉદ્લેરનું 'Invitation to voyage' નથી યાદ આવતું? શબ્દોને એકાન્તનો ય પુટ આપવો જોઈએ – ને એકાન્તના ય કેટલા પ્રકાર છે? બિડાઈ ગયેલી બે પાંપણો વચ્ચેનું એકાન્ત, વિષાદ ઝરી ગયા પછીની શૂન્યમનસ્ક દૃષ્ટિનું એકાન્ત. હદપાર થયા વિના કવિ થઈ શકાતું નથી.

આપણો કવિ તો ‘કીર્તિ કેરા કોટડા’ પર ચન્દ્રકો લટકાવીને નિરાંતે પડયો રહે છે. એ કોટડા તોડીને એને રઝળતો કરી મૂકનાર કોઈક આવશે ખરું?

# પિસ્તાલીસ

હમણાં પ્રેમપત્રો વાંચું છું – લોકોની નજરથી બચાવીને. વિગ્દતાનું ગૌરવ ઉપાડવા જેટલું ભારઝલ્લું મારું કાઠું જ નથી. આથી મુગ્ધ બનીને સન્તોષ માનું છું. મુગ્ધતા હળવી વસ્તુ છે. શા માટે મુગ્ધ થઈ ગયા તેનાં કારણો આપવાની જવાબદારી, મુગ્ધ હોવાને કારણે જ, આપણે માથે રહેતી નથી. પણ્ડિતો પછી ભલે ને કહેતા કે મુગ્ધ અને મૂઢ વચ્ચે ઝાઝું અન્તર નથી.

પ્રેમપત્રની આબોહવામાં વિશ્રમ્ભ હોય છે, ઉષ્માભર્યું એકાન્ત હોય છે. કોઈક વાર માફકસરની આર્દ્રતા હોય છે – ફૂલની પાંખડી પરના ઝાકળના બિન્દુ જેટલી એની માત્રા હોય છે. એના ઉષ્ણ ઉચ્છ્વાસમાં કોમળતાને કરમાવી નાંખે એવી નિષ્ઠુર પ્રખરતા હોતી નથી. બે બાહુને જોડીને રચી શકાય એટલો જ એનો પરિઘ હોય છે, ને છતાં એમાંથી જ સુખની તૃપ્તિની ત્રિજ્યાઓ અસીમ સુધી વિસ્તર્યા કરતી હોય છે (ખાનગીમાં કહી દઉં : રવીન્દ્રશતાબ્દી પૂરી થયા પછી જ મેં 'અસીમ' શબ્દ વાપરવાની હિંમત કરી છે).

તો વાત આમ છે : એરિકા નામે અઢાર વર્ષની કન્યા ને અધી સદીને આરે પહોંચેલો કવિ રિલ્કે ('ઓહો, તો તમે આ લોકોના પ્રેમપત્રની વાત કરો છો? અમને તો એમ કે....' આ 'કે' પછીનો ભાગ ભારે અસહ્ય છે, માટે વાક્ય નથી પૂરું કરી શકાયું.) – આ બે વચ્ચે પદ્યમાં ચાલેલો પત્રવ્યવહાર હમણાં હાથે ચઢ્યો. છેલ્લાં પાંચેક વરસથી રિલ્કેનું નામ જાહેરમાં હોઠે નથી આણ્યું. મુગ્ધતા હમેશા વિદગ્ધોને હાથે હાંસીપાત્ર નીવડે છે. આથી, ભયનો માર્યો, એ નામ હોઠે લાવતો જ નો'તો. બાકી દોસ્તોની મંડળીમાં બેસીને રિલ્કેની કવિતા અમર્યાદપણે માણતો રહ્યો છું. વળી કેટલીક કવિતા, એ શ્રેષ્ઠ છે માટે નહીં પણ અંગત રુચિને સન્તોષતી હોવાથી, ગમે છે. ૧૯૨૬માં તો રિલ્કે મરણ પામે છે.

૧૯૨૫ના પાછલા ભાગમાં, મૃત્યુના પડછાયા વચ્ચે બેસીને, એ અઢાર વર્ષની કન્યાના મુખર પ્રેમાલાપને, સ્વસ્થ છતાં ઉષ્માહીન બન્યા વિના, સાંભળે છે. નવેમ્બર ૧૯૨૫માં એરિકા રિલ્કેને પહેલી અને છેલ્લી વાર મળવા આવે છે. ૨૪મી ઑગષ્ટ, ૧૯૨૬ને દિવસે રિલ્કે જર્મન ભાષામાં પોતાની છેલ્લી કવિતા એરિકાને ઉદ્દેશીને લખે છે ત્યારે તો એને મૃત્યુની ઝાંખી થઈ ગઈ હોય છે :

Over the Nowhere the Everywhere is outspread! મુગ્ધ પ્રેમના ઉદયને સ્વસ્થતા, સમભાવ, વાત્સલ્ય, વિષાદ (હવે શબ્દો નથી જડતા – ઘણા ઘણા ભાવ છે, પણ આપણી ભાષા રાંકડી છે.) – આ બધાંની મિશ્ર લાગણીથી તાટસ્થ્યપર્વક જોઈને એવું રૂપ જે રીતે રિલ્કેએ આ કાવ્યમાળામાં આંકી આપ્યું છે તેનો સ્વાદ મને ગમે છે – ખૂબ ખૂબ ભાવે છે. રિલ્કેની આ મહાન કવિતા નથી. વ્યક્તિઓને ઉદ્દેશીને લખાયેલી અસંખ્ય કવિતાઓને રિલ્કેએ, પોતાના જીવનકાળ દરમ્યાન, પ્રસિદ્ધ કરી જ નો'તી. રિલ્કેના મરણ પછી પચ્ચીસ વર્ષે જર્મન ભાષામાં એ પહેલી વાર પ્રસિદ્ધ થઈ. કાવ્યની પ્રસિદ્ધિ વાલેરી કે રિલ્કે જેવા કવિઓ માટે સાવ નગણ્ય વસ્તુ છે. રિલ્કેના સમર્થ અનુવાદક લીશમેને આ બાબતનો ઉલ્લેખ કરતાં નોંધ્યું છે :

'Publication seems to have become a more and more secondary, perhaps even a more irrelevant consideration, the important thing was to be and to remain a poet.'

પ્રસિદ્ધ હોવું તે નહીં, પણ કવિ હોવું અને કવિત્વને અખણ્ડ રાખવું તે રિલ્કે જેવા સર્જકને માટે મહત્ત્વની વસ્તુ હતી.

રિલ્કેનો પ્રેમ વિશેનો ખ્યાલ જુદો જ હતો. એને મન લગ્ન એટલે પતિપત્નીના એકાન્તની એકબીજાને હાથે થતી રક્ષા. એની સ્ત્રીમિત્રોની સંખ્યા ઘણી મોટી હતી. કેટલીકવાર આવો કોમળ હૃદયનો માણસ, માર્થે જેવી સ્ત્રીના સમ્બન્ધમાં, અકારણ નિષ્ઠુર બની જતો હોય એવું પણ કોઈકને લાગે. પણ એના જીવનનો એક માત્ર વ્યવસાય કવિ બનવાનો હતો. રિલ્કેએ પોતે આ વિશે એકરાર કરતાં કહ્યું છે :

'My passionateness is not in love but in insight. And my patience is not the patience of love but of insight.'

રિલ્કે આ સંદર્ભમાં બીજા બે શબ્દો પ્રયોજે છે : Inseeing અને Heartscape. એને મતે કવિની પ્રતિભાનું અનિવાર્ય લક્ષણ તે આ Inseeing. આ દૃષ્ટિની વિશિષ્ટતા

શી છે? એનું સ્વરૂપ શું? રિલ્કેની સમજ કંઈક આવી હતી : આ સૃષ્ટિને કેવળ પોતાની વ્યક્તિગત ચેતનાના કેન્દ્રેથી જોવી નહીં, પણ વિશ્વની સમસ્ત વસ્તુઓના કેન્દ્રમાં પ્રવેશીને એનું રૂપ પ્રત્યેક ક્ષણે રચતા રહેવું તે કવિને માટે અનિવાર્ય છે. હું એક પંખીને જોઉં છું તે મારી વિશિષ્ટ માનવીની ચેતનાના કેન્દ્રમાં રહીને જોઉં છું. એથી મને પંખીનો ખ્યાલ નથી આવતો, પંખીને નિમિત્તે મને મારો જ ખ્યાલ આવે છે. પણ પંખીનું પંખી હોવાપણું જ્યાંથી શરૂ થાય છે તે કેન્દ્રથી જોવાની મારામાં શક્તિ હોવી જોઈએ. પંખીને સરજી ચૂક્યા પછી જે બિન્દુએ રહીને ઇશ્વર એના પંખીપણાની સમગ્રતાને જોઈ લે છે તે બિન્દુએ રહીને મારે જોવું જોઈએ. વસ્તુ માત્ર એના કેન્દ્રે રહીને કવિની પ્રતીક્ષા કર્યા કરે છે. કવિ એ કેન્દ્રે પહોંચીને સૃષ્ટિને જુએ ત્યારે કવિની અને સૃષ્ટિની સત્તા તીર્થવતી બને છે. આ સિવાય બીજા કોઈ પણ પ્રકારનું અસ્તિત્વ કવિને ઊણું પડે.

એરિકાને પણ એણે આ દૃષ્ટિએ જ જોઈ. અઢાર વર્ષની કન્યા પોતાની કાવ્યરચનાઓનું પ્રથમ સંકલન રિલ્કે જેવા પ્રથિતયશ કવિને મોકલવાની હામ ભીડે છે ને એ નિમિત્તે આ પત્રવ્યવહાર શરૂ થાય છે. એરિકા લખે છે : ‘કેવળ ગીત જ પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પૃથ્વીને પવિત્ર બનાવી એનું સ્વાગત કરી શકે છે. જે આનન્દમય છે તે જ અખણ્ડ છે.’ કોઈ વિદ્યાર્થિની પોતાની નોટને પહેલે પાને લખે એવી આ પંક્તિઓ છે. પણ જ્યારે એ પોતાના મનોગતને વ્યક્ત કરે છે ત્યારે એમાં સચ્ચાઈ આવે છે ને નૈસર્ગિક કાવ્યત્વનો સ્વાદ પણ એમાં ભળે છે. આપણામાં જે આ આનન્દ છે તેના પરિમાણને શી રીતે નાણી જોવું? શિશુને ખોળો ભરીને માતા પામે નહીં ત્યાં સુધી શિશુના અસ્તિત્વનો એને મન શો અર્થ? અને આ આનન્દ તો સદા વર્ધમાન છે. એરિકા ખૂબ માર્મિક રીતે આ અનુભવને રજૂ કરે છે. અનાજના કણસલામાં પુષ્ટ થઈ ચૂકેલો ધાન્યનો દાણો પવનની લહરના સ્પર્શને નવા વિકાસના ઇંગિતને પામીને અકળ રીતે પોતાની પુષ્ટતાને એ પૂર્ણતાની દિશામાં અગ્રસર કરવાને વિક્ષુબ્ધ બની ઊઠે છે, તેના જેવી આ સ્થિતિ છે. એરિકાના જીવનને રિલ્કે આ પવનની જેમ સ્પર્શી જાય છે. આથી વિક્ષુબ્ધ થવા છતાં, એરિકા કૃતજ્ઞતાની લાગણી પ્રકટ કરે છે કારણ કે પવનના પ્રત્યેક આન્દોલને એનામાં રહેલો ‘હું’નો પુષ્ટ કણ નવી પુષ્ટતાથી સમૃદ્ધ બનવા અધીર થઈ ઊઠે છે, આ સ્થિતિને એણે ‘Glorious confusion’ કહીને ઓળખાવી છે.

આપણને જે બહુ ભાવતું હોય તે બીજાની નજરે ન ચઢે તેમ સંતાડી રાખીએ, જેને આપણે ખૂબ ચાહતા હોઈએ એનું નામ નિકટના નિકટ મિત્ર આગળ પણ હોઠે

ન આણીએ – આવી ગુહ્યતા પ્રેમ સાથે સંકળાયેલી જ હોય છે(કોઈક વૈષ્ણવજન એમ ઓચરતું હતું કે ભાગવતમાં ભગવત્પ્રીતિને પરમ ગુહ્ય કહી છે.) એરિકા પોતાના પ્રિય કવિની વાત કોઈને કહેતી નહીં. ત્યારે તો એ કવિ જાણે પોતાની બહાર અસ્તિત્વ ધરાવતો જ નો'તો : You were in me. શી કન્યાની પ્રગલ્ભતા! પણ પછી કોઈ પરિચિત સખીએ એ પ્રિય કવિનું નામ હોઠેથી ચોરીને રોજ-બ-રોજના જીવનની ઘટમાળ વચ્ચે અટવાતું કરી મૂક્યું! એ કવિની આસપાસ સ્વપ્નોની અનેક સૃષ્ટિ રચીને ભાંગવાની રમત પણ તૂટી પડી. ફરીથી એને કવિની શોધમાં નીકળવું પડયું. વચ્ચે ઘણું અંતર પડી ગયું હતું. એ અન્તરને સાંધનાર સેતુ શોધવો પડયો. આ ભાવ એણે વિલક્ષણ રીતે મૂક્યો છે.

I can not take in that the blind
possess the sun which fails to give me light.

પોતાના સિવાયના બીજા કવિ જોડે બોલે, હસે, એની એને ખબર સુધ્ધાં પડે નહીં. એનું કેટલું દુ:ખ! 'કોઈની જોડે વાત કરતી વેળાએ તમે આ રીતે હસતાં હશો એમ કલ્પીને એવું જ હાસ્ય હોઠ પર લાવવા જાઉં, પણ એ બની શકે નહીં! અત્યાર સુધી તો તમને સમયની પણ બહાર એવા સંતાડીને રાખ્યા હતા કે કોઈ શોધી શકે નહીં. એટલું જ નહીં, મને તો એમ માનવાનું ગમતું કે આ પહેલાં તમે ક્યારે ય, ક્યાં ય, કોઈથી બંધાયા નો'તા. પણ તમે મારી બહાર પણ નક્કર સાચા છો એ હવે જાણું છું. તો કવિ, તમારી પાનખરની આ અલસ વેળાએ તમારી અનેક વસન્તોના સંચિત ઉલ્લાસમાંથી એકાદ સ્મિતકણ મને ન આપી શકો?' એરિકાના આ અનુનયથી પત્રવ્યવહાર શરૂ થાય છે.

રિલ્કે એના જવાબમાં લખે છે : You eist: enough. દરેકને પોતાની સત્તા સ્વયંપર્યાપ્ત હોવી જોઈએ. એટલી સમૃદ્ધિ તો અનિવાર્ય જ છે. પણ કવિએ પોતાનું મહત્ત્વનું સર્જન પૂરું કર્યું છે. Elegies અને sonnets લખાઈ ચૂક્યા પછીનો આ સમય છે. સર્જક તરીકે હવે કવિને કશું કરવાનું રહ્યું નથી. માટે જ કવિના અસ્તિત્વની પણ હવે ઇતિ આવી ગઈ છે. આથી રિલ્કે કહે છે :

You eist : enough, But whether I do
Is a doubt whose solving we'll suspend.

પોતાની આ નિ:શેષતા, લગભગ શૂન્યની સ્થિતિએ પહોંચેલી નિ:શેષતા, એ રિલ્કેને મન વિષાદનો નહીં પણ સાર્થકતાનો જ વિષય હશે. એના જીવનનું લક્ષ્ય જ કદાચ એ

હતું. માટે જ એ ઉમેરે છે : 'આપણે જેને વાસ્તવિક કહીએ છીએ તે આખરે રૂપાન્તર પામીને કલ્પનામાં તદાકાર થઈ જાય છે.' મારા આંગણામાંની આ નારિયેળી સવારના પ્રકાશમાં એનાં પાંદડાં ચળકે છે, ત્યારે કેટલા ય યોદ્ધાઓ તલવારની પટાબાજી ખેલતા હોય એવું લાગે છે; તો ઘડીક કોઈની સુવર્ણમય વાણીનો પદાન્વય ગોઠવાતો હોય એવું લાગે છે, તો ઘડીક – આપણે ક્યાં અટકીશું? વાસ્તવિકતાનો મોક્ષ ઉત્પ્રેક્ષામાં. માટે જ રિલ્કે કહે છે :

Transformation's grades all pass into
the imaginary in the end.

આથી એરિકાને એ કહે છે : 'મરણ પામેલાંઓ પૈકીનો હું અતિ મૃત હોઉં તોય તારી દૃષ્ટિ મારા કેન્દ્રે રહીને મારી સત્તાને સમગ્રતયા આ રીતે સંકલિત કરી શકતી હોત તો હું તારી આગળ ઉપસ્થિત થયા વિના શી રીતે રહી શકું?' કોઈને ય જીવતા કરવાની કે જીવતા રાખવાની આ જ એક સંજીવની વિદ્યા છે. આથી રિલ્કે કહે છે :

With your nourishment I can came to be.

કવિના આ પ્રતિભાવથી એરિકા કૃતાથ થઈ જાય છે, પણ એ જ પળે પોતાને વિષેનો સંશય પણ ઉત્કટતાએ પહોંચે છે. જીવનની છોળ ઉત્તુંગ બનીને ઊછળે છે. હવે એનામાં દીનતા રહી નથી. હવે એને માત્ર એક ઝંખના છે – કવિના માર્ગમાં ગાલીચાની જેમ બિછાઈ જવાની. એના ઉપર કવિનાં પગલાં પડે, કવિના મુખ ઉપર સ્મિત ફરકે તો બસ –

I will know henceforth life is blessed for me.

રિલ્કે આ આદરને વિવેકપૂર્વક સ્વીકારે છે. એ કહે છે કે આપણા અસ્તિત્વની દરિદ્રતા એવી તો હોય છે કે ક્યાંક પ્રાચુર્ય જોઈને આપણે ગભરાઈ ઊઠીએ છીએ. પ્રેમમાં આ પ્રાચુર્ય અને દારિદ્રય – બન્નેનો ભેગો સ્વીકાર હોય છે. આદરની અતિમાત્રા જ આદરના પાત્રને ભાંગી નાખે એવું ય ન બનવું ઘટે. રિલ્કે અર્થદ્યોતક પંક્તિ આપે છે:

Temples can calculate.

આદરની અતિમાત્રા જ આદરના પાત્રને આપણી પ્રાપ્તિના પરિઘની બહાર, નક્ષત્રોની મંડળીમાં, હડસેલી મૂકે. હરરાજીમાં બોલાતા જતા ઊંચા ભાવ સાથે રિલ્કેએ આની સરખામણી કરી છે.

એરિકા કવિના અનુકૂળ પ્રતિભાવથી વિશ્વસ્ત બને છે ને વિશ્રમ્ભપૂર્વક પૂછી લે છે :

'મારો ભય હવે હળવો બન્યો ને મારું ભાવી તમારા ભાવી જોડે સંધાઈ ગયું એમ કહું તો ખોટું નહીં ને?' આમ કહેવું એ પણ કદાચ હૃદયની નિર્બળતાનો જ ઉદ્રેક હોય એમ માનીને એ કવિની ક્ષમા યાચી લે છે. એને પ્રશ્ન થાય છે. 'કવિની નમ્રતાને આ પ્રણયનિવેદન ભારરૂપ તો નહીં લાગતું હોય ને?' પોતે શું પામી છે તેની સાચી ઝાંખી કોઈ વિરલ ક્ષણે એને થઈ જાય છે. ને ત્યારે એ ભયભીત બનીને પૂછી ઊઠે છે : 'મારાથી આ જીરવી શકાશે?' પ્રીતિમાંથી જ્યારે ભીતિનો સ્વાદ ઊડી જાય ત્યારે પ્રીતિ અનેક ટેવ પૈકીની એક ટેવ બની જવાની અણી પર છે એમ જાણીને ચેતવું.

સમવયસ્કોની પ્રીતિ કરતાં આ પ્રીતિ જુદી છે. કવિના જીવનનો એવો મોટો અંશ છે જેમાં એરિકા નો'તી; અને કવિ નહીં હોય ત્યાર પછી પણ એરિકાનું જીવન તો ચાલુ જ રહેશે. બે છેડેના અભાવથી એરિકા બહુ અધીર બની ઊઠે છે. ભૂતકાળમાં જ્યાં જ્યાં કવિ હતા ને પોતે નો'તી તે બધા સમયખણ્ડને એ જેમ બને તેમ જલદી વર્તમાનમાં પુનરુજ્જીવિત કરી લેવા ઇચ્છે છે ને ભાવીમાં કવિના અભાવને એ કવિની મહત્તા વડે ભરી દેવા ઇચ્છે છે. રિલ્કે જેવા, કીર્તિની ખેવનાથી ય જેનું પરિમાણ મોટું છે એવી વ્યક્તિતા ધરાવનારા, કવિની મહત્તાનો પ્રચાર કરવાની આ કન્યાની ઇચ્છા કોઈકને તો નરી બાલિશતા, કે ધૃષ્ટતા લાગે. ના, એમ નથી. આ મહત્તાનો પ્રચાર રિલ્કે વિનાના પોતાના ભાવીની રિક્તતાને ભરી દેવા માટે એ કરવા ઇચ્છે છે, ને સમયને હાથમાંથી સરી જતો જોઈને અધીર બનીને બોલી ઊઠે છે :

.... I must hurry on the course of things and publish all your greatness everywhere.

કવિની મહત્તાને એ નથી ઓળખતી એમ નથી, છતાં એ મહત્તા સામે દીન બનીને ઊભા રહેવાનો એની પાસે સમય નથી. કવિ તો સમુદ્ર છે(મહેરબાની કરીને શંકરાચાર્યને વચ્ચે આણશો નહીં : 'તરંગ સમુદ્રનો છે, સમુદ્ર તરંગનો નથી.' ભક્તિમાં જે સવળું હોય છે તે પ્રેમમાં ઘણું ખરું અવળું થઈ જતું દેખાય છે. હવે શંકરાચાર્યને એ કોણ કહે?) પણ પોતે એ સમુદ્રના તરંગ જેવી છે એમ કહેવાની દીનતા એનામાં નથી. દૈન્ય એ સાચા પ્રેમનું લક્ષણ નથી. પ્રેમની ભાષા જ અતિશયોક્તિની ભાષા છે. એક જન્મથી એને ચાલતું નથી, એ ભવોભવની વાત કરે છે. આથી આ કન્યા કહે છે: 'તમે તો સાગર છો, ને હું એ સાગરની ઊર્મિમાળાના શિખર પરની રૂપેરી કલગી છું – ક્ષણાર્ધ જેનું અસ્તિત્વ.'

કવિની મહત્તાના પ્રચારને અનુરૂપ એ પોતાના અસ્તિત્વને રૂપાન્તરિત કરી નાખવા

ઇચ્છે છે. પોતાની જાતને એવી ને એવી સો ટકા સલામત રાખીને કાંઈ પ્રેમ કરી શકાય નહીં. આથી એરિકા કહે છે : 'તમારા મન્દિરના ઘુમ્મટમાં હું ધૂપ બનીને વ્યાપી જઈશ. મારી રિક્ત જીવનરેખાને હું તમારી છબિથી ભરી દઈશ, એની આજુબાજુ હું મઢાઈ જઈશ. તમારી નિર્બાધ ગતિ માટે હું મારી જાતને માર્ગની જેમ વિસ્તારી દઈશ. તમે જ મારું લક્ષ્ય :

.... You're destination, Rome, consummated upon seven hills.

તમારી નિસ્તબ્ધતાના વિશાળ પાત્રમાં હું શબ્દની જેમ વસીને તમારી સર્જનશીલ નીરવતાને વધાર ગમ્ભીર બનાવી દઈશ. તમે મેઘની જેમ ગર્જશો ત્યારે તમારી એ ગર્જના સાથે હું પ્રાણીમાત્રમાં ભયનો કમ્પ બનીને વ્યાપી જઈશ.'

રિલ્કે આ શબ્દઘોધ (કેવળ શબ્દઘોધ?) ઝીલે છે – અવાક્ બનીને. કવિ નવાં નવાં રૂપોનો સર્જક છે. સર્જકે જો તુષ્ટ થઈને કહ્યું હોય : 'માગ, માગ, જે માગે તે આપું.' તો 'મારું નવે રૂપે સર્જન કર.' એ સિવાય બીજું કશું કોઈ માગે ખરું? આથી જ તો એરિકા કવિને કહે છે : 'આ પહેલાં મારું કદી કશું રૂપ હતું એ વાત સાવ ભૂલી જાવ, ગઈ કાલનો જે કાંઈ અવશેષ રહ્યો હોય તેના સાવ ચૂરેચૂરા કરી નાખો. મને તમારે હાથે નવું રૂપ આપો. રાત્રિ વીત્યા પછી પ્રભાતે કોઈ ફૂલ પ્રાતઃકાલની ધરતીને નીરખી રહે તેમ હું તમને જોયા કરવા ઇચ્છું છું. એ ધરતી પરિચિત ને નિકટની હોવા છતાં કેવી અજાણી લાગે છે! ને ફૂલ હોવા છતાં મારે પ્રભા બનીને તમારા સમસ્ત વિસ્તાર પર ભાસ્વર બનીને વ્યાપી જવું છે.' એકીસાથે ફૂલ અને પ્રભા – કન્યાનો લોભ કાંઈ ઓછો નથી! હવે રિલ્કે જવાબ વાળે છે. એ જવાબ ઉપર પચાસ વર્ષોનો ભાર નથી. રિલ્કે કહે છે : 'તું મને તારાં આગલાં રૂપો ભૂલી જવાનું શા માટે કહે છે? મને એનોય લોભ નહીં હોય? તેં મને એકાએક સંચિત કરી લીધો તે શા વડે? બીજાનું આપણા મનમાં સંચિત કરેલું આ રૂપ 'સાચું' નથી હોતું છતાં આ heartscape જ આપણું 'સત્ય નથી?''

– A poem must grow into a heart scape. હોપકિન્સે in scape અને out scapeની વાત કરી છે. કાવ્યની એક નવી કસોટી રિલ્કેએ આપી છે.

હવે મને ખૂ...બ ખૂ.. બ ભાવતી પંક્તિઓ આવે છે. કવિએ એરિકાને પ્રત્યક્ષ તો જોઈ નથી, પણ એરિકા એની આગળ પ્રકટ થવા ઇચ્છે છે તો કેવે રૂપે પ્રકટ થાય?

But now I want you hair to be wind-blown, Run with

the wind against you, till your whole outline – all that you were, are mean, is clear. ..A youthful body pressed against my soul.

પવનમાં ઊડતી લટ વચ્ચેથી દેખાતું ઢંકાતું મુખ – એની માયા જ જુદી છે. ફરી ફરી નવાં રહસ્યમાં એ મુખને ઢાંકે છે, એમાં ગતિનો એક આવર્ત છે, એ આવર્તના વૃન્ત ઉપર પુષ્પની જેમ મુખ પ્રકટે છે. એને રૂપને સમગ્રતયા જાણવાની પણ એક જ રીત હોઈ શકે: પવનના જેવું ગાઢ નીરન્ધ્રસ્પર્શ આલિંગન, અવકાશની પોકળતા વચ્ચે ઊભેલી નારી તો ચારે બાજુથી ખવાઈ જાય છે, ભૂંસાઈ જાય છે. એકીસાથે એ રૂપના બધી રેખાને સામટી સ્પર્શગોચર કરવી હોય તો, ઉપર કહ્યું તેવું, આલિંગન જ એકમાત્ર ઉપાય છે – એથી ઊણું કશું પરવડે નહીં. એમાં ત્રણેય કાળ ખીચોખીચ સમાઈ જાય છે, સહેજ સરખો અવકાશ બચતો નથી. રિલ્કેએ આ પંક્તિમાં આંકેલી છબિ ફરી ફરી મનશ્ચક્ષુ આગળ લોભપૂર્વક રમાડયા કરવી ગમે છે. પવન પાસેથી પ્રેમીને ઘણું શીખવાનું છે. પ્રતિકૂળ દિશાનો પવન એ પ્રીતિને માટે કેવી તો અનુકૂળ આબોહવા છે!

એરિકાએ પોતાને 'સાગરની ઊર્મિમાળાના શિખર પરની રૂપેરી કલગી' કહીને ઓળખાવી હતી. રિલ્કેને intensity અનિવાર્ય હતી. આ intensity ને સમજાવતાં એણે અન્યત્ર કહ્યું છે.

It is the depth – dimension of our inwardness.

ઊર્મિમાળાના શિખર પરથી આ કલગી વધુ રૂપેરી ક્યારે બને? કોઈ ખડક સાથે અથડાય ત્યારે જ ને? કાંઠા પર કોકડું વળીને વિલોપાઈ જતાં ભંગુર ફીણ અને આ રૂપેરી કલગી – એ બે વચ્ચે એરિકા શું પસન્દ કરે? રિલ્કે પોતે તો, જીવનના સન્ધ્યાકાળે પણ, ઉન્મત સાગર બનવાનું જ પસન્દ કરે છે, કારણ કે,

.. Where the highest, widest wave advances gleams the most lovely silver crest of all.

એરિકા આ બધામાંથી અભિભૂત થઈને પૂછી ઊઠે છે : 'what will come of this? આનો અંજામ શો આવશે? આનાં કરતા તો – .... it were better had I not been born and better if I had not heard your name.'

આ સ્થિતિ જ કદાચ પ્રણયની પરાકાષ્ઠા હશે. હવે કાને પડતા શબ્દો બધા અશ્રુતપૂર્વ લાગે છે. એનો અર્થ કશો નથી. એની જોડે ઢીંગલીની જેમ રમવું ગમે છે.

પવનના જેવા ઉદ્દણ્ડ હર્ષશોકને એ અધીન બનીને સુખ અનુભવે છે. આ શબ્દો કદીક મિનારાની જેમ ઊંચા ને ઊંચા વધે છે, તો કદીક પુષ્પોથી ઘેરાયેલી કુટીર જેવા લાગે છે. શબ્દોનાં આવાં અનેક રૂપ જોઈને એરિકા આનન્દવિહ્વળ બની ઊઠે છે.

દૂરથી આવતી પવનની લહરીની અપેક્ષામાં માથું સહેજ એક તરફ ઝુકાવીને આપણે ઊભા હોઈએ તેમ રિલ્કે એરિકાની પ્રતીક્ષા કરે છે. એ લહરીને મુખેથી સંગીતની શ્રુતિ પણ વીણી શકાય, ને એ પવન આવતાંની સાથે એકબીજામાં ગૂંથી રાખેલા હાથ, એકાએક, આલિંગનને માટે આપોઆપ પહોળા થઈ જાય. રિલ્કે કહે છે કે પ્રણયની આ સ્થિતિમાં અગ્નિ અને હિમનું રૂદ્ર આલિંગન હોય છે. દૂરથી વહી આવતા ઉજ્જ્વળતાના પ્રવાહની કવિને ઝાંખી થાય છે ને એ પૂછે છે :

Is this brilliance coming from you
Or form God, as he mokes away?

પવનની ઝડીની જેમ કવિ જ્યારે પ્રિયતમાના દ્વાર સાથે પછડાય છે ત્યારે પ્રિયતમા પ્રત્યુત્તરમાં પ્રકાશની એક નિર્મલ લકીર સ્વાગતમાં રમતી કરી દે છે. કવિના અન્તરંગમાં પ્રિયતમા ધીમે ધીમે વૃદ્ધિ પામે છે :

.. You season in the
longest of my years, dark day, bright night.

પ્રિયતમાના શબ્દોને ફૂલના ગુચ્છાની જેમ ખીલી ઊઠવાને કવિ પોતાના હૃદયની કુંવારી ધરતી આપે છે; ને પંખીઓ કેવળ ગીત ગાય છે, માળો બાંધવાની એમને કશી પડી નથી. એમાંથી એકાદ શુદ્ધ ટહુકાર પોતાને માટે સુરક્ષિત રાખવાનું કવિ પ્રિયતમાને કહે છે.

આ ક્ષણે કવિને શૈશવની સ્મૃતિ જાગે છે. જીવનના બે ધ્રુવ ભેગા થાય છે. બે ધ્રુવને એક પ્રસારમાં સમેટી લેવાનું ગજું પ્રેમ સિવાય બીજું કોનું હોઈ શકે? રિલ્કેની કવિતાનો મહત્ત્વનો વિશેષ એના શૈશવની સ્મૃતિનાં કાવ્યોમાં રહેલો છે. દિવસ પૂરો થવા આવ્યો છે, પણ રાત હજી પડી નથી. આ બે વચ્ચેનો ગાળો બાળકોને બહુ મૂંઝવનારો હોય છે. એ જાણે કેમે કર્યો ખૂટતો નથી. રમતો પૂરી થઈ છે, પણ ઘરમાં દીવા પ્રકટ્યા નથી. ક્રીડાંગણ અને ઘરની વચ્ચે રઝળવાનો આ ગાળો છે. વૃદ્ધંગત વયનો ભાર ઘૂંટણોના સાંધામાં વરતાય છે. કશા સંરક્ષણ વિનાનો, આ અનાગતની નરી પ્રતીક્ષાનો, ગાળો છે. ભાવીમાં પોતે જે થશે તે અને આજનું આ અમર્યાદ અસ્તિત્વ (શૈશવમાં અસ્તિત્વ

કાંઠા તોડીને છલકાય છે) – એ બે વચ્ચે કેટલાં ય મરણની છાયાઓ તરતી હોય છે. સ્વાધિકારમત્ત પ્રેમ અણજાણપણે એની ત્રિજ્યાઓ શૈશવની આજુબાજુ વિસ્તારે છે ને એ રીતે ભાવી પરનો અધિકાર ધીમે ધીમે ઝૂંટવી લે છે.

સાંજની એ ધૂંધળી આભામાં પોતાને વિશે જ શંકિત બનીને આપણે કેટલીય વાર આપણી જાતને પૂછતા હતા: આ કોણ? પછી તરત જ મોટેરાંઓ પાછાં વળે, ઘર એમના કોલાહલથી ભરાઈ જાય, બારી, બારીમાંથી દેખાતો રસ્તો, પોતાને આપેલા ઢાળિયાના ખાનાંની અંધારિયા વાસ (ઘરના અન્ધકારની કેવી ગન્ધ આવતી? રસોડાનો અન્ધકાર, પૂજાની ઓરડીનો ચન્દનઅર્ચિત અન્ધકાર, સૂવાના ઓરડાનો લપસણો અન્ધકાર, એના પરથી સહેજસહેજમાં ઢળી પડાય) – આ બધું ચારે બાજુથી ઉભરાઈ ઉઠે. એની ભીડથી ઠેલાઈને બાળપણનો કેટલો બધો સમય બહાર ફેંકાઈ જતો! ક્યાં ગયો એ સમય? આ દરમિયાન જ ઉપરનું ગ્રહમણ્ડલ એની ભાવી પ્રીતિનો નકશો દોરતું હોય છે. એ નકશાની રેખાઓ વચ્ચે જ એક દિવસ આ ભોળું હૃદય ગૂંચવાઈને જઈને તરફડી ઊઠશે! ત્યારે પેલું શૈશવ આંબાપીંપળી રમેલા તે બે ડાળની વચ્ચે ઝૂલતું પાછળ રહી ગયું હશે!

આથી કવિ એરિકાને ચેતવી દે છે: પ્રેમનો પ્રસાદ ખડો કરવા માટે મારી ભૂમિની અપેક્ષા રાખતી હોય તો જાણી લે કે એ અત્યન્ત ગુપ્ત છે. એને તું શોધી શકીશ? તારા લોહીને એની કશી એંધાણી મળી નથી? અને સાહસ વગર પ્રીતિ સંભવે? –

Venturesome child you're never safe unless you're risking all.

વળી પ્રેમનું લક્ષ્ય પ્રેમી નથી. આથી એરિકા પોતાને એના જીવનનું લક્ષ્ય માને કે સેતુ માને તે રિલ્કેને મંજૂર નથી. પોતે તો માત્ર ઉદ્‌ઘોષ કેટલો પ્રચણ્ડ હોઈ શકે તેની ખાતરી કરી આપવા પૂરતું, એ ઉદ્‌ઘોષને ઉચ્ચારનાર મુખ બનવાનું જ પસન્દ કરે છે. એરિકાને એના પ્રેમની પ્રચણ્ડતાની, પોતાને નિમિત્તે, પ્રતીતિ થાય તો બસ. નહીં તો પ્રિયતમાના પુષ્પોદ્યાનમાં પવનની આછી લહર કે પછી વર્ષાના જલબિન્દુનો નીરવ નિપાત – આટલું માત્ર બની રહેવા ઇચ્છે છે. અહીં કવિની અનાસક્તિ આપણા ચિત્તમાં આદર ઉપજાવે છે. પછી રિલ્કે, પોતાને પ્રિય એવા દૃષ્ટાન્ત દ્વારા, ઉમેરે છે :

Or, In freest moments, of a sudden, both; the catcher and the ball.

કવિએ કરેલો વર્ષાના જલબિન્દુનો ઉલ્લેખ એરિકાને કહેવા પ્રેરે છેઃ 'માથે વર્ષાનું જળભર્યું વાદળ ઝળુંબ્યું હોય ત્યારે જે શાન્તિથી નીચેનાં ખેતર એના વરસવાની પ્રતીક્ષા કરતાં હોય છે એવી શાન્તિથી તમે મારા જીવનમાં વરસો એની હું પ્રતીક્ષા કર્યા કરીશ.' કવિએ પવનની લહરની પણ વાત કરી છે. 'જો પવનની લહર બનીને આવવું હોય તો ભલે, એ રીતે આવો, મારા પ્રત્યેક તૃણાંકુરને તમારા સ્પર્શે કૃતાર્થ કરીને આકાશભણી ઉન્મુખ કરી દો.' પણ પ્રીતિના આકસ્મિક પ્રાચુર્યની ભીતી તો આ ગભરુ કન્યાના હૃદયમાંથી ગઈ નથી, માટે એ કહે છેઃ

Don't come too strongly

... don't showering, lay me with too strong a fall,

કવિ આ ક્ષણે જ એરિકાને આસન્ન વદાયનું ભાન કરાવી દેવા ઇચ્છે છે. આપણા દરેક મિલન પર વિરહની છાયા પડેલી જ હોય છે. રિલ્કેએ અન્યત્ર કહ્યું છું :

Anticipate all farewells.

પ્રેમીઓનું દરેક મિલન કેવળ પ્રીતિના પાઠ શીખવે છે એવું જ માત્ર નથી. એની સાથે સાથે ભાવી વિરહને ઓળખવાનું પણ શરૂ થઈ ચૂક્યું જ હોય છે. મળીને છૂટા પડતી વેળાએ 'આવજો ત્યારે' નું પ્રલમ્બ બનીને હૃદયમાં વિસ્તરતું શબ્દશૂળ ધીમે ધીમે આપણને આત્યન્તિક વિરહની મર્મઘાતક વેદનાનો પરિચય કરાવતું જ રહે છે. આમ મિલન અને વિરહના નાના નાના ખણ્ડોને જોડવાથી જ પ્રેમની સાચી ભાત ઊપસી આવે છે. એમાં મિલનની પડછેનો વિરહ જ એના વિરોધની પ્રખરતાની દ્યુતિથી મિલનને ઑર અજવાળે છે. આપણી સર્વ સદ્ભાગી સુખદ ઘડીઓ વિરહની પળે હવાને વીંઝીને ધસી જતા તીરની તીવ્રતાને પામે છે. શૈશવની એક સ્મૃતિ સાથે રિલ્કે આ અનુભવને સાંકળી દે છે : બાળપણમાં સંતાકૂકડી રમતાં ત્યારે જાતે પસન્દ કરેલી જગ્યાએ પોતાની જાતને સ્વેચ્છાથી બરાબર સંતાડી દીધી હોવા છતાં એક સાથે 'રખેને મને એ શોધી કાઢે' તથા 'રખેને મને કોઈ ન શોધી કાઢે તો?' આવી બે પ્રકારની ભીતિથી આપણે કેવાં વિહ્વળ બની ઊઠતાં? પ્રીતિમાં ય આવું જ હોય છે. એક બાજુ tension of hidenness અને બીજી બાજુ conspiratiorial one-ness આ બેની સંતુલિત અવસ્થા, નટના દોર જેવી તંગ, તે પ્રેમની અવસ્થા છે. પકડાઈ જતી વેળાએ જે પાણિગ્રહણ jubilant grabનો સુખદ અનુભવ થાય છે તેની સાથે સાથે જ આપણી પ્રકટતાનો અતિરેક પણ અસહ્ય નીવડે છે.

પણ પ્રીતિમાં લુબ્ધતા સર્વથા વર્જ્ય છે. એ અકરાંતિયાવેડાને રિલ્કે 'morsel of murder' કહીને ઓળખાવે છે. કેટલીક વાર આ લુબ્ધતાની તીવ્રતા જ તિરસ્કારને પ્રેમને રૂપ દેખાડવાની વંચના કરે છે. પ્રેમમાત્રમાં અન્તે તો અપ્રાપ્તિ રહેલી છે. પ્રેમમાં જે શક્ય છે તે tenderclose otherness, આપણી અત્યન્ત નિકટ છતાં સ્વમાં અભિન્નપણે ભળી ગયેલું નહીં એવું કોઈક બીજું છે એનું મૃદુતાભર્યું સુખદદુઃખદ ભાન – બસ, આટલે આવીને તો અટકવું જ પડે છે. પણ આ પ્રાપ્તિ – જે અપ્રાપ્તિના પાત્રમાં છલકાઈ ઊઠે છે – બસ નથી? રિલ્કે તો તુષ્ટ છે. કોઈ આપણા જીવનની નમતી સાંજે એના સુન્દર ઉદયને પ્રકટ કરે ત્યારે ઉદયની કાન્તિથી અસ્ત પણ મણ્ડિત થઈ ઊઠે. આથી રિલ્કે કૃતાર્થતાનો ઉદ્‌ગાર કાઢે છે:

'Here lies' reads the graveyard stone,
'Here lives' is put over me:
So beautifully, you happen,
I want to be.

કબરના પથ્થર પર 'અહીં અન્તિમ નિદ્રામાં પોઢયો છે'ને સ્થાને 'અહીં તેનું જીવન ધબકે છે.' એમ લખાય એટલું બધું પરિવર્તન આ પ્રેમ આણી દીધું છે. ઉલ્લાસનો કદાચ સૌથી સાચો ઉચ્ચાર 'I want to be'માં છે. અપ્રાપ્તિના પાત્રમાં આપણી આ પ્રાપ્તિના અતિરેકનું છલકાઈ ઉઠવું એ જ આપણાં પ્રેમને દ્યુતિમય બનાવે છે. પ્રેમનું આરોહણ દૂરતાના ઉત્તુંગ શિખર પર જ થતું હોય છે, ને એ દૂરતા વચ્ચે પ્રીતિની મુખચ્છબિ પ્રકટે છે ત્યારે એના પર કશીક અપૂર્વ દ્યુતિ દેખાય છે:

When silently you breathe in space
and show the distance your face,
and they congratulate you.

કવિની પ્રીતિએ આણેલા પરિવર્તનથી હવે તો આ કન્યાના દર્પણમાં પોતાનું મુખ જોવાની પણ હિંમત કરી શકતી નથી. કવિની ભૂમિમાં એણે પગ મૂકી દીધો છે, ને એ ભૂમિ તે જીવનની પારની ભૂમિ છે. એ અકળાઈને પૂછી ઊઠે છે. 'કેવળ તમારી સાથેનું સમ્બન્ધસૂત્ર એ એક જ મારે માટે સાચું હોય તો પછી આ જગતમાં તમારા સિવાયનું આટલું બધું નાહક શા માટે ખડકી માર્યું છે?' પણ આ અસહ્યતાની વેદના છતાં કવિની નજરે ચઢયાનો જે ચમત્કાર, તેનું સુખ કાંઈ ઓછું નથી.

પ્રીતિ બન્ધન ન બને એવો રિલ્કેએ સદા આગ્રહ રાખ્યો છે. જે સમ્બન્ધનું સૂત્ર છે તે બન્ધનનું સૂત્ર ન બને એમ એ તરત કહે છે :

No, you shall not fall a prey to in those sultry rooms where love is made.

પ્રીતિવશ બનેલાના હૃદયની ઉત્કટ ઝંખના એ પોતે જ કેવી સુન્દર છે એટલું જ કવિ તો ચીંધવા ઇચ્છે છે. પણ પ્રેમ પ્રેમી આગળ અટકીને પછડાય છે એ એની કરુણતા છે. એ તો પ્રેમીને ય ઉલ્લંઘી જાય છે. આ પૂર્ણતાને રિલ્કે આ રીતે વર્ણવે છે.

… like ripened figs, we've rose to hide nothing but dark green must show.

આપણાં પ્રીતિપાત્રને પ્રીતિમાં જ અગ્રસર કરવું એ સિવાય બીજું આપણે શું કરી શકીએ?

what else could I do but pass you on?

'હું સદા તારો છું.' એ પ્રીતિનું સૌથી મોટું જૂઠાણું છે. 'સદાનો તારો' થઈ જવાની પળે ખસી જઈને પ્રીતિની ગતિને નિર્બાધ રાખવી તેમાં જ સાચી સાર્થકતા છે. પ્રીતિમાં છઠ્ઠી વિભક્તિનો લોપ ન થાય તો એ પ્રીતિ શેની? માટે કવિ કહે છે :

I am one who's only in the right when withholding; who's no-one's possession.

હૃદય સાથે હૃદયને જકડી દેવામાં નરી ભીંસાભીંસ છે. પણ પ્રાપ્તિની ક્ષિતિજોને વિસ્તારીને, એના ચક્રપથને કોઈ બીજા જ વાયુમણ્ડલમાં જઈને દૂરથી જોઈએ તો એનું દ્યુતિમય રૂપ પ્રકટ થાય. રિલ્કેને મન પ્રીતિની એ ચરમ સ્થિતિ છે. તંગ પણછની સન્નદ્ધતા જો અસ્તિત્વનો પર્યાય બની ચૂકે તો પછી આપણને જે કાંઈ અડે તે દૂર દૂર સુધી વિસ્તર્યા વિના ન રહે. મૂઠીની સખત પકડ નહીં પણ તંગ પણછની સન્નદ્ધતા તે પ્રીતિની ઉત્કટતાનું સાચું લક્ષણ છે. પ્રીતિની આ ઉત્કટતાને કયા શબ્દે પહોંચી વળે –

With life so tremulous what speech were fitted?

માટે કવિ કહે છે:

Be silent then.

હવે ભય પામવાની પણ જરૂર નથી. આપણાથી અણજાણપણે આપણી આજુબાજુ કાંઈ કેટલી ય શક્તિઓનાં વર્તુળ વિસ્તર્યે જતાં હોય છે. કેન્દ્રસ્થ રહેવાની દઢતા હોય

તો વિસ્તારથી છળી ન મરીએ. પોતે વર્ષાની જેમ વરસીને કોઈનું જીવન આપ્લાવિત કરી દઈ શકે એવો દાવો કવિને કરવો નથી. વાદળ નહીં, પણ વાદળની છાયા બનીને કોઈકની વિસ્તરતી પ્રભાની ઓથે ઊભા રહી થોડીક ટાઢક આપવાનું જ કદાચ બની શકે. પવનની લહર નહીં પણ એક ફૂલ પરથી બીજા ફૂલ પર ઊડતા પતંગિયાની નાજુક પાંખનું 'pure to-and-froing over' નર્યું અહીંથી તહીં ઊડાઊડ કરવું – બસ, કવિ હૃદયો વચ્ચે આટલું જ કરી શકે. ફૂલનો હાર ગૂંથવો પણ પછી બે ડગલાં ચાલતાં જ પહેલું ઝરણું વહેતું મળે તેના પ્રવાહમાં પધરાવી દેવો, તો વરમાળા ફાંસો નહીં બને. સૂત્ર જેવો અર્ક ધરાવતી પંક્તિમાં કવિ કહે છે :

Pass all things on, lose nothing that has been. જે સમૃદ્ધિ આવી મળી છે તેને જેનું મુખ પણ દીઠું નથી એવાના પર પણ ન્યોછાવર કરી દેવાનું હૃદયને શીખવો. મુખ જોવાની ય શરત શા માટે? આ નક્ષત્રમણ્ડલ દૃષ્ટિ સમક્ષ સરી ન જાય માટે ખૂબ છેટે સરી જઈને એના પર મીટ માંડવી જોઈએ.

પ્રીતિની આ સ્થિતિ આ કન્યાના ગજા બહારની વાત છે. એ પોતે તો પોતાની શક્તિ વડે પોતાનું રક્ષણ કરી શકે એમ નથી. કવિના આધારની એને જરૂર છે, માટે એ કવિને પ્રાર્થે છે :

My own strenght can't protect me.
I fade in a breath or two,
if you do not collect me,
the clear, creative you.

'કવિ તમે જો ઇચ્છયું હોત તો મને સાત રંગોમાં વિભક્ત કરીને તમારી કીર્તિની જેમ વિખેરી દીધી હોત. પણ તમે મને અતૂટ રાખી. હું એક માત્ર શ્વેત સંવાદિતારૂપે સંચિત થઈને ટકી રહી.'

કવિ કહે છે : 'સાત રંગોની સમૃદ્ધિની બાદબાકી કરીને શ્વેતની સંવાદિતાનો લોભ ન રાખવો, પણ એ સાત રંગો સમૃદ્ધિને બદલે નરી જટિલતા બની રહેતા હોય તો એને શ્વેતના તેજબાણે વીંધીને શ્વેતમય કરી નાખવા એ જ ઠીક. ને તને હું શી રીતે બાંધી રાખું? તું પુષ્પની સૌરભ જેવી – તને વિસ્તરવા દેવી એ જ ઠીક. હું તંગ પણછ બનું તો ય તીર બનીને તારે જ દૂર ગતિ કરવાની રહેશે. હું બહુ તો, દૂરની દિશા ચીંધનાર નિશાનમાત્ર છું. માર્ગને પોતાના પ્રકાશથી નવડાવનાર સૂર્ય તો તારે જ થવાનું છે. સૂર્ય

પોતે રસ્તા પર ઊતરી આવતો નથી. વળી, પોતે જે પ્રકાશિત કરે છે તે માર્ગને એ પોતે કદી વાપરતો નથી. એની સેવા જ માત્ર અવતરે છે. પ્રીતિમાં આવી સૂર્યવૃત્તિ રાખવી.' કવિના દર્શનની ઝંખના કન્યાને છે. કવિ એને બહુ ઉત્તેજવા ઇચ્છતા નથી. એથી તો કદાચ આ મનોરમ ચમત્કાર ભાંગી પડે. 'તારી નાડીનો ધબકાર સાંભળી શકું છું. તો શું તું અહીં, પાસે જ નથી?' પછી ઉમેરે છે:

About your place or mine, why should we care?
whenever you receive me inwardly,
startled as by some future memory:
am I not there?

કન્યાની ભીતિ દૂર કરવા માટે કવિ કહે છે : 'દુઃસ્વપ્નમાં જે પશુઓ આવીને તમને ભડકાવી મારે છે તેને જો હું એ ભીતિની અંદર ઓગળી જઈને નક્ષત્રોનાં પરિમાણનાં બનાવી દઉં તો ભીતિ જ દ્યુતિ નહીં બની રહે? આપણી નિદ્રાની આજુબાજુ આકાશની પાંખની ઉષ્માભરી છાયા છે, ત્યારે આખું વિશ્વ પડખામાં લઈને આપણે પોઢયાં હોઈએ છીએ. ત્યાં ભીતિને માટે અવકાશ જ ક્યાં રહ્યો?' બે પરિમાણ વચ્ચેની વિસંગતિ જ ભય ઉપજાવે છે. પરિણામ સુધારી લેતાં આવડે તો પછી ભય શેનો?

આ વિશ્વને કેટલું આપણું કરી શક્યા તેનું જ સરવૈયું આખરે તો કાઢવાનું રહે. ગુલાબની સુવાસ આપણી સુવાસ બની રહે તો જ ગુલાબ આપણામાં વસતુ થાય. હવામાં જે આ ભાર છે તે સુવાસનો છે કે સ્મૃતિનો છે? આ હવા આપણને ક્યાં હરી લઈ જાય છે? કવિ ઝંખે છે : તારા હાથમાંથી આવતી સુવાસ કેવી છે તે જો મેં એકાદ વાર જાણ્યું હોત, તું જે શાલ ઓઢે છે તેની વાસની જો મને ખબર હોત, તારા વાળની વાસ કેવી મૃદુ છે તે મેં જાણ્યું હોત તો – પણ આજે તો,

Look how to-day rose's scent,
This air pervading sentiment
separates us?

તેમ છતાં કવિ કેટલીક વાર એટલી બધી નિકટતા અનુભવે છે કે એમનાથી કહેવાઈ જાય છે:

Almost at times the beating of your heart
has been like knocking at my door.

કવિએ પોતે પણ પોતાની ઝંખનાને સંયત કરી લીધી છે. દરેક હૃદય પોતપોતાની રાત્રિની નિસ્તબ્ધતામાં પોતાનો આગવો સૂર ઘૂંટી લે તે ઇષ્ટ છે, એમ એને લાગે છે. કવિ માત્ર પોતાની અંદર રહેલા એક અજ્ઞાત સાથી જોડે સંધાયેલો હોય છે. એને શોધવાની રમત તો જિંદગીભર ચાલ્યા જ કરે છે.

પણ એરિકા તો કૃતાર્થ થઈ ચૂકી છે. કવિએ એવું તે એને શું આપ્યું છે કે જેથી એ પોતાનો આત્મા નવેસરથી કવિને હાથે ઘડાય એવું ઇચ્છી બેઠી? એના જવાબમાં એ કહે છે :

.. out of himselt I saw him lift
the world into my trembling hands.

કવિએ એ પોતે ક્ષણ ક્ષણની ધીરજથી, પોતાના અન્તરંગમાં, ઘડેલું આખું વિશ્વ જ એના હાથમાં મૂકી દીધું. પણ એના હાથમાંથી એ સરી પડયું. એને ઉપાડવાનું એનું ગજું શું? તો પછી? હાથમાં રહ્યું શું? નર્યું શૂન્ય, હાથમાં જાણે ક્યારે ય કશું જ નો'તું! તો પછી એ જીવે છે શાને આધારે? જે મળ્યું તેના સતત સ્મરણથી થતા રુદન વડે, અને એ પોતાનાથી કદી ભૂલી નહીં શકાય તેવા આનન્દ વડે.

એરિકામાં રહેલા કવિનો વિકાસ જોઈ રિલ્કે તુષ્ટ થાય છે. શબ્દો બોલવાનું જોખમ ખેડવું એ કાંઈ જેવી તેવી વાત નથી. દરેક શબ્દને વિસ્તરવાને કેટલો બધો અવકાશ જોઈએ, ને આપણી પાસે એ હોય છે ખરો? કવિને હવે માંદગીના દુ:ખનો અનુભવ થાય છે. એ રોગનું રૂપ હજી પરખાયું નથી, છતાં એને નકારી શકાય એમ નથી. પણ આ

... almost illnesses are worse to bear.

પંખીને ઉડતાં ઉડતાં કશોક ભાર લાગે ને એથી એની આંખ ઝૂકી જાય, કે ગ્રહો ગતિ કરતાં કરતાં એ ગતિને દોરનાર બળના ભારથી ઘડીભર પોતે જે વિરોધી તત્ત્વોના બન્યા છે તની વચ્ચેના વિરોધના ભારથી સહેજ થંભી જાય તેના જેવી આ સ્થિતિ છે. કેટલીક વાર મૌનનો ભાર એવો હોય છે. કવિનું મૌન આવું છે.

એરિકા કવિનું આ દીર્ઘકાળનું મૌન પોતે તોડયું તે બદલ ક્ષમા યાચતાં કહે છે :

..bear no ill will
because I break a silence of such length.

રાત્રિની શેતરંજના પટ પર ગતિ કરતા પ્યાદાના જેવી એરિકાના હૃદયની ગતિ છે. કદીક પ્રગલ્ભ પ્યાદાના જેવી એરિકાના હૃદયની ગતિ છે. કદીક પ્રગલ્ભ, કદીક ભીરુ,

પણ કવિને મન પ્રીતિ, તે તારા અને તારા વચ્ચે હોય છે તેવો cosmical સમ્બન્ધ છે. પ્રિયતમાનું ગીત એની સાથે કેટલા બધા અવકાશને લઈ આવે છે, ને કવિના મૌનને એ અવકાશથી સભર બનાવી દે છે! હવે કવિને પોતાનો રોગ પરખાતો જાય છે ને એની યાતના વર્ણવતાં કહે છે:

by slow degress i sank into a wound,
which does not heal as I don't know where to,
and stand in it, I stand in my own blood,
in my blood's torture-bath.

પણ આનો વિષાદ તારે કરવાનો ન હોય:

... drown the moaning
now with your youth.

આપણા સમસ્ત સર્જનમાં મૃત્યુનો હાથ અકળ રીતે રહ્યો હોય જ છે. કવિની નિદ્રાહીન દર્દની યાતનાભરી રાતો – ત્યારે એ એરિકાને પૂછે છે : એકનો ટકોરો... પછી ચારનો ટકોરો, ચારે બાજુ આપણામાં છે તેવું અંધારું, ને એની અંદર અવાક્ બનીને બેઠેલો સમય. આવી વેળાએ તારી શય્યા પાસે કયું પુસ્તક પડયું હોય છે?

પણ હવે કવિ કશું પૂછવા ઇચ્છતા નથી :

I don't ask. Asking has a selfish aim.

હવે તો કવિની માત્ર એટલી જ ઇચ્છા છે કે –

You lightly sense
the brushing wing-tip of my tenderness.

વદાયના વિષાદનો શિલાભાર કવિ કોઈના હૃદય પર ચાંપવા ઇચ્છતા નથી. ચાલ્યા જતી વેળાએ સહેજ સરખો જવાનો અણસાર સ્પર્શે એટલે બસ. હવે કવિને પોતાનો અન્ત દેખાવા લાગ્યો છે. જેણે બીજાને જળ સીંચીને પોષ્યા તેનો ઝરો હવે ખૂટી ગયો છે. પણ જીવનને કે મરણને ગ્લાનિથી આવકારાય નહીં, મરણને તો નહીં જ. ને રિલ્કેનો તો કવિધર્મ 'praising' નો જ હતો. એને તો થાક, કંટાળો કે ગ્લાનિ પરવડે નહીં. ઉત્સાહ વિના પ્રશંસા સંભવે? આ જે ભાર લાગે છે તે તો merely through homing weight. છેલ્લી કવિતામાં કવિ અર્ધ વિરામ, અલ્પ વિરામ વાપરતા નથી. બંગાળીઓ કહે છે તેમ કવિ હવે 'પૂર્ણચ્છેદ' – પૂર્ણવિરામની નજીક છે. ખોઈને પામેલું

હૈયું જ આપણું સાચું બને છે, કવિને પ્રશ્ન થાય છે : આપણે દડો ઊંચે નાખીએ છીએ ત્યારે હાથને એનું જે વજન લાગે છે તે જ વજન એ ઊંચેથી પાછો વળીને આપણા હાથમાં આવે છે ત્યારે હોય છે ખરું? કે પછી એમાં ઘરભણી પાછા વળવાનું 'homing weight' ઉમેરાયું હોય છે? આમ કહીને કવિ કદાચ એમ કહેવા ઇચ્છે છે કે જીવનની અન્તિમ વેળાએ વિષાદનો કે મરણનો ભાર એમને લાગ્યો નથી, મરણનું પણ એમણે ગ્લાનિથી સ્વાગત નથી કર્યું. આ તો માત્ર સહેજ સરખો ભાર છે.

એરિકાની છબિ મેં જોઈ નથી, રિલ્કેનું વ્યક્તિત્વ પ્રભાવશાળી હતું, પણ સોહામણા પુરુષ તરીકે કદાચ એને ન ઓળખાવાય, પણ પ્રેમના અન્તરંગનું આ ઊઘડેલું સૌન્દર્ય જોવું મને ગમ્યું છે.

# છેતાલીસ

૧

બાળપણમાં મરણની આછી ઝાંખી થયેલી. ત્યારે એ કીડીના ચટકા જેટલું નાનું ને નગણ્ય હતું. ક્રીડાક્ષેત્રની સરહદની અંદર એ પ્રવેશી શકતું નહીં. કોઈક વાર અસાવધાનીને કારણે સહેજ ખુલ્લાં રહી ગયેલાં બારણાંની બીજી તરફ ધોળી ચાદરથી ઢંકાયેલો દેહ, ઘીનો દીવો – એવી એની અલપઝલપ રેખા દેખાતી, પણ બીજી જ પળે પતંગ, લખોટી કે ભમરડાની સૃષ્ટિમાં જતા રહેવાતું. ત્યાં મરણની છાયા સરખી પ્રવેશી નહિ શકતી. એમ તો સદા છોલાયેલાં જ રહેતાં ઘૂંટણ, મલેરિયાથી થરથર ધ્રૂજતું લઘુક શરીર, તાવે રચેલું એકાન્ત, ક્રીડાક્ષેત્રમાંથી થયેલી હદપારી – આવાં નાનાં નાનાં દુઃખ ત્યારે હતાં. આંખમાં 'બોર બોર જેવાં' આંસુ પણ આવતાં, પણ પછી નીતરી બનેલી આંખમાં ઉલ્લાસની ચમક જરાય ઝાંખી બનતી નહિ. મુખ પર શાશ્વત સ્મિત ધારણ કરનારી ઢીંગલીને અડાબીડ વન વીંધીને પાર કરાવનારો લાકડાનો ઘોડો – આ બધાંની સૃષ્ટિમાં પરાયાપણું લાગતું નહોતું, શરીર અને મન, બહાર અને અંદર એવા કશા ભેદ જ ત્યારે નહોતા. બ્રહ્મનો ભ્રમ ત્યારે રજમાત્ર નહોતો; બધે માયા જ માયા હતી. એ શૈલૂષીના નૃત્યવિભ્રમે એવા તો ચકચૂર હતા કે બારણાંની તરડમાંથી દેખાતી બીજી બાજુની છાયા કશી પડી જ નહોતી! શરીર અને મનની એ આદિમ અભિન્નતામાં છિદ્ર પાડીને પ્રવેશવાની એ છાયાની મગદૂર નહોતી. એ સૃષ્ટિમાંથી જ્યારે અધોગતિ થઈ ને જ્ઞાનનું ફળ ચાખવા હદપાર થતા ત્યારે પાકવાને માટે સંતાડેલા સીતાફળ જોડે એ કીડીના ચટકા સરખા મરણને પણ સંતાડી આવ્યા હતા. પછી એને સાવ ભૂલી ગયા. પણ એ તો પાકતું જ રહ્યું, બે વિશ્વયુદ્ધોની આંચમાં એ પાકતું જ ગયું; હવે તો એના ફૂલેલાં

નસકોરાંમાંથી નીકળતો વિષાક્ત ફૂત્કાર, એની ધમનીઓમાંનો અન્ધ ઉન્માદ ક્યારેક આપણા ઉચ્છ્વાસ અને ધબકાર સાથે ભળી જાય છે. ત્યારે એકાએક ભાન થાય છે કે એ આપણી અંદર રહીને સદાએ પાકતું જ જાય છે. હૃદયને એ ધક્કા મારે છે, આંખોને એ છલકાવે છે, શ્વાસનો લય તોડે છે, ચાલતાં ચરણનો પ્રાસ પણ એ ભાંગી નાખે છે, ને ત્યારે રહી રહીને રિલ્કેની આ પંક્તિઓ યાદ આવી જાય છે:

For we only the husk and the leaf,
The great
Death each has in himself, that is the fruit
round which all revolves.

૨

મરણ સૌ સાથે અન્તિમ વિચ્છેદ કરાવે તે પહેલાં એની ભૂમિકા ક્રમશઃ આપણાથી અગોચરે તૈયાર થતી જ જતી હોય છે. એ વિષાદ છે કે મોક્ષ? મોક્ષમાં વિષાદ નથી જ શું? જીવનનાં મૂળ ઊંડે ઊંડે નાખીને, લક્ષલક્ષ બાહુ પ્રસારીને પોષણ મેળવતા રહ્યાં ને જ્યારે ફળ પ્રકટ્યું ત્યારે જાણ્યું કે એમાં જ મરણને પરિપક્વ કર્યું! આ વિષાદનું ધીમે ધીમે ઘેરું થતું જતું ધુમ્મસ લોકારણ્યની વચ્ચે આપણને એકલાઅટૂલા પાડી દે છે. આ એકલવાયાપણું, આ શૂન્ય – એની સાથે દૃષ્ટોદૃષ્ટ થાય છે ત્યારે આજ સુધી સંચિત કરી રાખેલી ભાષા વડે એને તાગવા જતાં જ સમજાઈ જાય છે કે એ કેટલી તો ઊણી છે!

મૃત્યુની સાથે સાથે જ પરિપક્વ થતી આવતી, પોતાનામાં રસનો સંચય કરતી આવતી, નવી ભાષાનો ત્યારે ખપ પડે છે. એ ભાષા અસાધારણ નથી હોતી. મૃત્યુ જેવી મહાન ઘટનાને વર્ણવવાને રિલ્કે જીવનની સામાન્ય અતિપરિચિત ઘટનાઓમાંથી કલ્પનો ઊભાં કરે છે :

............... like dew
from the morning grass what's ours ehales
from us, like the heat
from a smoking dish
(બીજી એલિજી. ૨૫-૨૭)

સવાર પડતાં તૃણાંકુરો પરથી બાષ્પીભૂત થઈને વિખેરાઈ જતું ઝાકળ, ગરમ ખાદ્ય પદાર્થથી ભરેલી રકાબીમાંથી વરાળને રૂપે ધીમે ધીમે ચાલી જતી ગરમી – આ સામાન્ય

અને અસામાન્યને ભેગા મૂકવાથી કવિ એમાં રહેલી પરિમાણની વ્યસ્તતાને ભયાનકની અનુભૂતિના ઉદ્દીપન લેખે યોજે છે ને સાથે સાથે મૃત્યુ જે રીતે અદૃશ્ય અગોચર રહીને વ્યાપે છે તેનું પણ તાદૃશ આલેખન કરે છે. કવિના શબ્દો લોકોત્તર નથી હોતા, એમાંથી એ જે નિષ્પન્ન કરે છે તે ચમત્કારી ને અલૌકિક હોય છે. આથી જ રિલ્કેએ એની કાવ્યરચનાના પ્રારમ્ભના તબક્કામાં જ કહેલું :

The humble words that famish in dull day,
the inconspicuous words are what I love.
I give them hues out of my festivals,
and then they smile and slowly become gay.

દિવસના નીરસ લોકવ્યવહારમાં રજોટાયેલા, આપણું કોઈ રીતે ય ધ્યાન નહિ ખેંચે એવા, પોષણ પામ્યા વિના દુર્બળ થઈ ગયેલા શબ્દો જ કવિને તો ખપના; એને એ પોતા તરફથી આગવું પોષણ આપી શકે, એમાં ગાંઠનો નવો રસ સીંચી શકે, હૃદયમાં ચાલતા ઉત્સવો (કવિના હૃદયમાં તો અવિરત ઉત્સવ ચાલ્યા જ કરતો હોવો જોઈએ. ખુદ મરણને પણ એમાં એક બજવૈયા તરીકે ઢોલક લઈને ઘૂમવું પડે.)નો રંગ ફિક્કા શબ્દો પર નવી ચમક લાવી દે છે; અને પછી એ શબ્દો પર આછું સ્મિત પ્રકટે છે, પછી ધીમે ધીમે એમના મુખ પર ઉલ્લાસની ચમક આવે છે.

રિલ્કે આ શોકપ્રશસ્તિઓમાં (હા, શોકપ્રશસ્તિ રિલ્કેની આ કૃતિઓને વર્ણવવાને પૂરેપૂરો યથોચિત શબ્દ છે. એમાં Lament છે, તો સાથે Praise પણ છે, બલકે એ બન્ને એની રચનામાં અવિનાભાવી છે.) જે કલ્પનો યોજે છે તે બહુધા શ્રુતિગોચર છે, દૃષ્ટિગોચર નથી. આમ તો ભાષા સાંભળવાની વસ્તુ છે ને! પહેલી શોકપ્રશસ્તિનો પ્રારમ્ભ જુઓ :

Who, if I cried, would hear me
among the angelic orders?

આ પ્રશ્નચિત્કાર ઘણી મથામણ રૂંધામણને અન્તે કવિના મુખમાંથી નીકળી જતો હોય એવું લાગે છે. અન્તરીક્ષ તરફ ઉન્મુખ થઈને અસહાયતાભરી સ્થિતિમાં, ચારે બાજુની નિર્જનતા વચ્ચે ઊભા રહીને કવિ આ પૂછે છે. આ પ્રશ્નચિત્કાર ચારે બાજુના શૂન્યમાંથી ઘૂમરાઈને ગોરંભાઈને આપણા કાનમાં ગાજી ઊઠે છે. અન્યત્ર આવો જ ગોરંભાતો ધ્વનિ આપણને સાંભળવા મળે છે.

And yet, like a ship's siren, there howls within me at night

the vast interrogation 'Whither, whither, whither?'

અહીં રાત્રિના નિ:શબ્દ એકાન્તમાં ઊપડતી સ્ટીમરના ભૂંગળાના અવાજનું કલ્પન કવિના પ્રશ્નની આજુબાજુ શૂન્ય અવકાશને પ્રસારી દે છે, ને તેથી જ તો એક વાર પૂછાયેલો પ્રશ્ન જાણે કે બધી બાજુથી અથડાઈને પડઘા પાડે છે. (રવીન્દ્રનાથની આવી જ પંક્તિઓ યાદ આવી તે ટાંકુ?)

રાતેર શંખકુહર વ્યેપે, ગમ્ભીર રવ ઊઠે કેંપે

સંગવિહીન ચિરન્તનેર

વિરહ-ગાન વિરાટ મનેર

શૂન્યે કરે નિ:શબ્દેર વિષાદવિસ્તાર.

રાત્રિના શંખકુહરમાંથી વ્યાપી જતો ગમ્ભીર રવ કંપી ઊઠે છે. નિ:સંગ ચિરન્તનના વિરાટ ચિત્તનું વિરહગાન શૂન્યમાં નિ:શબ્દના વિષાદને વિસ્તારે છે, અહીં કવિ શ્રુતિગોચર કલ્પનને આપણી આગળ મૂર્ત કરે છે; ધ્વનિને જે વ્યાપ જોઈએ તે અહીં મળી રહે છે. આ પ્રકારનો Cosmic weep કવિને મહાકવિ બનાવે છે. પણ કવિ એ બે પંક્તિમાં પણ સિદ્ધ કરે, એને માટે દીર્ઘ કાવ્ય લખવું હંમેશા જરૂરી નથી.) આવી જ થોડી પંક્તિઓ રિલ્કેની નવમી શોકપ્રશસ્તિમાં છે:

Just once.

Everything, only for once. Once and no more

And we, too,

once. And never again. But this

having been once though only once,

having been once on earth-can it ever be cancelled?

(૯, ૧૨-૧૬)

અહીં કોઈ વિશાળ ગુંબજની નીચે કે કોઈ નિર્જન ખંડેરની વચ્ચે ઊભા રહીને કોઈ બોલતું હોય એવા પડઘા પડતા સંભળાય છે. આ પૃથ્વી પર બસ એક જ વાર જીવી જઈને ચાલ્યા જવાનું – સદાને માટે ચાલ્યા જવાનું – એની વેદનાનો ઉદ્ગાર onceના પડઘા સચરાચરમાંથી સંભળાય એવી રીતે કાવ્યમાં વિન્યાસ પામે છે. પશુસૃષ્ટિ,

વનસ્પતિ, માનવસૃષ્ટિ અને ઉપરનું આકાશ – આ બધા જ જાણે કવિના પ્રત્યેક ઉદ્‌ગારનો પડઘો પાડીને એમાં અનુમતિ આપતાં હોય એવો આપણને ભાસ થાય – આને જ મળતું આવતું ઉદાહરણ સાતમી શોકપ્રશસ્તિમાં પણ છે:

Oh, to be dead at last and endlessly know them,
all the stars! For, how, how, how, how to forget
them!
(૭, ૨૮-૨૯)

મરણની ભયંકરતા અહીં કેવી રીતે શ્રુતિગોચર કરે છે! મરવું એટલે લય પામવો એવું નહિ, પછી તો અન્તરીક્ષમાં જવું, દરેક તારાને ઓળખવો ને એનો ક્યારે અન્ત આવે! બ્રહ્માણ્ડના અનન્ત વિસ્તાર વચ્ચેની નિર્જનતામાં એક તારાથી બીજા તારા સુધી ફર્યા કરતી દૃષ્ટિનો આ રઝળાટ કેવો યાતનામય હશે! આ તારાને શી રીતે હતા ન હતા માની શકાય, એનું શી રીતે વિસ્મરણ થઈ શકે? આથી 'how; how how'ના પડઘા પણ જાણે ગ્રહો નક્ષત્રો સાતે અથડાઈને વિરાટ વિસ્તારમાં રઝળતા હોય એવો આપણને ભાસ થાય છે.

આ શોકપ્રશસ્તિઓમાં પડઘા પાડતા પ્રશ્નો, આત્મસંલાપ, અદૃશ્ય નિયતિને સમ્બોધનો, વિષાદના નિઃશ્વાસ ઉલ્લાસના ઉચ્છ્વાસ – આ બધું ફરી ફરી આપણને સંભળાય છે. છન્દો કેટલીક વાર શ્લથ મન્થર ગતિએ ચાલે છે, કેટલીક વાર વિરામ વિના એકીશ્વાસે વહી જતી પંક્તિઓ આવે છે, તો કેટલીક વાર કવિ વિન્યાસમાં જાણી કરીને શિથિલબન્ધ યોજે છે. કેટલીક વાર એક મુદ્દો નિરૂપતાં નિરૂપતાં કવિ એને જાણી કરીને પડતો મૂકે છે, પણ તેથી જ ભૂલાઈ જતો નથી, ફરી નવા વેગ સાથે એ કાવ્યમાં પ્રવેશે જ છે. આ કાવ્યોમાં કોઈક વાર (પહેલી કૃતિમાં છે તેમ) દબાવી રાખેલા હીબકા 'શ' અને 'ફ' વર્ણોના આવર્તનોથી સૂચવ્યા છે; તો ગૌણ વાક્યો અને એ વાક્યોમાં પૂછેલા પ્રશ્નોથી કવિની દ્વિધા અને મથામણ પણ સમર્થ રીતે પ્રકટ થઈ છે. આ કાવ્યપ્રકારને કવિએ આ રચનાઓથી એક વિશિષ્ટ રૂપ આપ્યું છે.

૩

રિલ્કેએ આ કાવ્યગુચ્છ લખવો શરૂ કર્યો તે પહેલાં, ૧૫-૨૩ જાનેવારી, ૧૯૧૨માં 'The Life of Mary' નો ગુચ્છ રચેલો. કુમારી મૅરીની સ્તુતિમાં ગ્રીક ભાષામાં લખાયેલું એક સ્તોત્ર ત્યારે એના વાંચવામાં આવ્યું હતું. એમાં જોસેફના મનમાં સંશય

જાગે છે ત્યારે ફિરસ્તો એને ઠપકો આપે છે એ પ્રસંગ છે. એ વખતની જોસેફની સંશયાકુલ સ્થિતિને વર્ણવતાં મૂળ કવિએ 'ઝંઝાવાત' શબ્દ પ્રયોજ્યો છે. પણ એનો જર્મન ભાષામાં અનુવાદ કરનારે (કદાચ લહિયાના અક્ષરો નહીં ઉકેલી શકવાને કારણે) Raum એવો શબ્દ આપ્યો છે. એનો અર્થ space – અવકાશ થાય છે. આથી જોસેફના હૃદયમાં ઝંઝાવાત જાગ્યો એમ નહિ પણ જોસેફના હૃદયમાં વિશાળ અવકાશ પ્રકટ થયો એવો અર્થ રિલ્કેએ કર્યો. આમાંથી (આખરે તો એક લહિયાના પ્રતાપે) રિલ્કેની બહુપ્રિય સંજ્ઞાઓ Heart-space, inner-space ઉદ્ભવી. રિલ્કેની કવિતાઓમાં બદ્ધ અને મુક્ત અવકાશ બહુ મોટો ભાગ ભજવે છે. અસ્તિત્વના અનુભવોને અવકાશનાં વિભિન્ન કલ્પનો દ્વારા મૂર્ત કરવાનું એને વધુ ફાવે છે. સમય અને અવકાશનો સન્નદ્ધ બન્ધ ગૂંથી શકાય એવાં કલ્પનોનો એને ખપ હતો. એ બે મળીને એક નવી સત્તાનો અનુભવ આપણને કરાવે છે. એને મન દૂરતા એ જોનાર અને દૃશ્ય પદાર્થ એ બે વચ્ચેનું તંગ ખેંચાણ માત્ર છે. એ ખેંચાણ દૂર થતાં નર્યો શુદ્ધ પ્રસાર વિસ્તરી રહે છે, જેને નથી આદિ, નથી અન્ત, નાનું સરખું ગામડું જોઈને એને વર્ણવતાં એ કહે છે: 'Transition between two endless spaces'. ને એ ગામડાનું છેલ્લું ઘર તે વિશ્વને છેડે ઊભેલા કોઈ ઘરના જેવું અટૂલું લાગે છે. ભગવાનનું વર્ણન પણ એ અવકાશની પરિભાષામાં જ કરે છે. ભગવાન શાશ્વતના વિશાળ મેદાનો પરની પ્રભાતની આભા છે... કાળની રાત્રિ પૂરી થયા પછીનો કુક્કુટધ્વનિ છે. મરણ એટલે જ મુક્ત અવકાશ; રિલ્કેના શબ્દોમાં કહીએ તો openness. એક બાજુ આપણી આન્તરચેતના અને બીજી બાજુ બહારનું આખું વિરાટ વિશ્વ. આપણી ચેતનામાં એ બાહ્ય વિશ્વને જેટલું આત્મસાત્ કરી શકીએ, જે કાંઈ દૃશ્ય છે તેને આપણામાં invisible બનાવીને સમાવી લઈએ તેટલે અંશે વિશ્વ જોડે આપણે અભિન્નતા સિદ્ધ કરી એમ ગણાય. દરેક શ્વાસોચ્છ્વાસની સાથે આપણે વિશ્વમાંના એ વિરાટ અવકાશને આપણામાં નથી સમાવતા? આથી આપણું શ્વસન જ રિલ્કેને મન અદૃશ્ય કાવ્ય છે. કવિ જે લયનો સાક્ષાત્કાર કરે છે તેનું સામું પલ્લુ સ્થિર રાખનાર વજન આ શ્વસન જ છે. એ શ્વસનને કારણે દૂર દૂરનાં નક્ષત્રોનો સ્પર્શ પણ આપણામાં પ્રવેશે છે; ઘણા મરુતો આપણને પુત્રવત્ લાગે છે. જે આપણાથી ઇતર છે તે આ રીતે સ્વકીય બનતું જાય છે. આ અનુભવને વર્ણવતાં રિલ્કેએ એના પત્રમાં લખ્યું છે : '....the Infinite passed into him from all sides so intimately that he imagined that

he felt the gentle presence of the stars which had entered his breast.' રવીન્દ્રનાથે પણ બ્રહ્માણ્ડ સાથેની આવી એકતાના અનુભવને ગાયો છે: 'લક્ષ જોજન દૂરેર તારકા સેઓ મોર નામ જાને' બાહ્યને અન્તરમાં આત્મસાત્ કર્યા પછી એને વ્યક્તિગત ગણીને જાળવી રાખવાનું શક્ય બનતું નથી. એને મૃત્યુના મુક્ત અવકાશમાં વિસર્જિત કરી દેવાનું જ રહે છે. મૃત્યુનો એ શુદ્ધ અવકાશ – એ તરફ સૌને અભિમુખ થવાનું છે. પુષ્પો એ મુક્ત અવકાશમાં જ ઉન્મુખ બનીને ખીલે છે ને પછી આત્મસમર્પણ કરી દે છે. પુષ્પ ખીલતી વેળાએ બીજા પદાર્થો તરફ ઉન્મુખ બનીને જોતું નથી, તેથી જ એના વિકસનમાં નિર્બાધતા છે, આ મુક્ત અવકાશને એની લાક્ષણિક રીતે ઓળખાવતાં રિલ્કે કહે છે: 'nowhere without no.' એ આ કે તે સ્થળે નથી એમ કહીએ તો એને પરિમિત કરી દેવા જેવું થાય; એ ક્યાંય નથી એમ કહીએ તો નેતિવાચક વર્ણન થયું; આથી બીજા નકારથી નેતિનો છેદ ઉડાવીને વર્ણન કર્યું. એ અવકાશ શુદ્ધ છે એનો અર્થ એ કે એ અવકાશ આપણે કશી ઇચ્છાવાસનાની પૂર્તિના સાધન રૂપે શ્વસતા નથી: એવા કશાથી એ અવકાશ કલુષિત થયેલો હોતો નથી. બહારના એ મુક્ત અવકાશને જો આપણે આપણી નિદ્રામાં ચેતનાના ઊંડામાં ઊંડાં સ્તર સુધી લઈ જઈ શકીએ, એ સમસ્ત સહિત ગાઢ નિદ્રામાં નિમજ્જન કરી શકીએ તો એના ઊંડાણમાં કલવાઈને એ બધું કેવું તો હળવું ફૂલ બની રહે! કદાચ મરણમાં આ સ્થિતિનો અનુભવ થતો હશે. આવી નિદ્રામાંથી જાગનારો બીજે દિવસે નવી પ્રફુલ્લતા સહિત વિશ્વમાં આંખ ખોલે. એનામાં પછી કશું વાસી ઉબાઈ ગયેલું નહીં રહે. આ શુદ્ધ અને મુક્ત અવકાશ તે જ શાશ્વતી એક ક્ષણમાં પણ એનો સાક્ષાત્કાર થઈ શકે. કવિની આન્તરચેતના અને આ મુક્ત અવકાશ – આ એના સન્નિકર્ષથી જે નવીન અને અપૂર્વ ઉદ્ભવે તે કળા. રાત્રિના અન્ધકારમાં રિલ્કે ઘણીવાર આ મુક્ત અવકાશને અનુભવે છે. એ કેટલીકવાર ભયંકર એકલવાયાપણાની અસહાયતાનો અનુભવ કરાવે છે, વિશાળ આકાશમાં કોનો સહચાર આશ્વાસનરૂપ થઈ પડે એવો પ્રશ્ન પ્રથમ શોકપ્રશસ્તિમાં કર્યા પછી એની દૃષ્ટિ રાત્રિ પર સ્થિર થાય છે, ને કવિ બોલી ઊઠે છે:

Oh, and there's Night, there's Night, when wind full of cosmic space feeds on our faces.

આ રાત્રિ કાંઈ આશ્વાસનરૂપ નથી, એના વિરાટ અવકાશના સ્પર્શવાળા મરુતો એની અનેક જિહ્વાઓથી જાણે આપણને ચાટીને નિ:શેષ કરી નાખે છે. એ રાત્રિ આશ્રય

આપતી નથી, એના મરુતો આપણને એની જિહ્વાઓથી ભક્ષી જાય છે! આ રાત્રિના અન્ધકારમાં જ આપણા પરિમાણો આકાર પામે છે, આપણા હૃદયમાં મૌન પુષ્ટ થાય છે ને વિશ્રબ્ધિને તળિયે ડૂબકી મારી જઈને વસ્તુમાત્રના અન્તર્ગત આન્દોલન સાથે આપણે એકરૂપ થઈ જઈએ છીએ. સાવ નિશ્ચય નિસ્તરંગ જળમાં પછી આપણી ગતિ નાનો સરખો તરંગ ઉપજાવતી નથી, કારણકે પછી એ આપણી ક્યાં રહી હોય છે? આ અગાધતા જ મૃત્યુ નહિ?

પણ કવિને અનુભવનું આ પરિમાણ સિદ્ધ કર્યા વિના કેમ ચાલે? આ પરિમાણ સિદ્ધ કર્યા વિના એની અનુભૂતિને એનો સાચો આકાર પ્રાપ્ત થાય નહિ. રિલ્કેએ પોતાને થયેલો આવો અનુભવ ભારે સૂક્ષ્મતાથી વર્ણવ્યો છે. આ શોક પ્રશસ્તિના રચનાકાળ દરમિયાન જ એ અનુભવ એને થયેલો. એક વૃક્ષની બે પાંખાળી ડાળને અઢેલીને એ આરામથી ઊભો હતો. એવી સુખદ સ્થિતિમાં થોડીવાર ઊભા રહ્યા પછી એને એક વિલક્ષણ અનુભૂતિ થઈ. વૃક્ષના થડમાંથી ઉદ્ભવતાં આંદોલનો એ જાણે પોતાના શરીરની બહાર રહીને જોઈ રહ્યો હોય એવો એને અનુભવ થયો. એ શરીર પોતે જ જાણે કે એક નવું ચૈતન્ય હોય ને એનાથી નિરપેક્ષપણે સંવેદનો અનુભવતું હોય એવું એને લાગ્યું. પોતાની કયી ઇન્દ્રિય વડે એ આ સંવેદનો અનુભવી રહ્યો છે તે આથી જ એ શોધી શક્યો નહીં. આથી જ આ અનુભવને સુખદ કે દુઃખદ એવી સંજ્ઞાથી વર્ણવી શકાય તેમ નહોતું. આમ છતાં એણે ભારે સાવધાનીથી આ પરિસ્થિતિનો તાગ કાઢવાનો પ્રયત્ન કર્યો. આમ કરવા જતાં એને નવો સાક્ષાત્કાર થયો. એને લાગ્યું કે એ હવે પ્રકૃતિની સામી બાજુએ પહોંચી ગયો છે. પોતાના જ શરીરમાં એ આગન્તુકની જેમ વસતો હોય એવું એને થયું. પછીથી, આ વિલક્ષણ અનુભવ અળપાઈ ન જાય તેની સાવધાની રાખીને એણે પોતાની ચારે બાજુ નજર કરી. આજુબાજુના પરિચિત પદાર્થોને ઓળખ્યા. એને બધંુ યાદ આવ્યંુ, પણ હવે જાણે એ બધું કોઈ દૂરના સમયનું હોય એવું એને લાગ્યું; કોઈક કાળે એનો આ બધા જોડે સમ્બન્ધ હોય એવી માત્ર સ્મૃતિને જ જાણે એ તાદૃશ ન કરતો હોય! આ બંનેથી એ સ્વતન્ત્ર હતો. આ ક્ષણે કોઈ એ એનો સમાધિભંગ કર્યો હોત તો કદાચ એને ભારે આઘાત લાગ્યો હોત. એ સમય દરમિયાન એ ઘરનાં મૃતજનો પૈકીનું કોઈ જો કબરમાંથી ઊભું થઈને આવ્યું હોત તો એની જોડે એણે સાવ સ્વાભાવિકતાથી વાત કરી હોત. દૂર દૂર ચાલી આવ્યા પછી પાછું વળીને એ જાણે વિશ્વને જોતો હોય એવું એને થયું. આથી આ 'જોવા'માં એક નવો

સ્વાદ ભળ્યો : 'as if every thing had been spiced with a touch of the blossom of farewell.' કાપ્રીના નિવાસ દરમિયાન એક પંખીનો ટહુકો એની ચેતના સાથે એવો તો અભિન્નભાવે ભળી ગયો હતો કે શરીરની સીમાઓ ભેદ્યા વિના જ, સીધો એ જાણે એનામાં પ્રવેશી શક્યો હોય એવું એને લાગ્યું હતું. ટહુકાનો પ્રતિધ્વનિ પાડતી પોતાની ચેતના અને ટહુકો બન્ને એક અખણ્ડ અવકાશમાં એકરૂપ ગયા હતાં, એને બીજા સ્તર નહોતાં. એ વખતે એણે આંખો બંધ કરી દીધી હતી. જેથી પોતાના શરીરની આકારરેખા વિક્ષેપકારક ન બને. એ ક્ષણે શાશ્વતીનો નિર્બન્ધ પ્રવાહ એનામાં થઈને વહી જતો એણે અનુભવ્યો હતો. આકાશમાં ઉગેલા તારા જાણે પોતાના ચિદાકાશમાં ઉગીને એમનું સૌમ્ય તેજ વેરી રહ્યા હોય એવું એને લાગ્યું હતું.

આવી સમ્પૂર્ણ શરણાગતિ સંભવે ત્યારે જીવનમૃત્યુની સીમારેખાઓ ભૂંસાઈ જાય છે. ત્યારે આપણા બધા જ કાળ શિશુની જેમ આપણી ચેતનામાં ક્રીડા કરતાં દેખાય છે. માનવો સાથેના સમ્બન્ધમાં કશુંક આછું આવરણ આપણી ને બીજા વચ્ચે છવાઈ જઈને જુદા પાડી ન દેતું હોય એવું આપણને લાગે છે. એ હોય છે તો માત્ર આછો, લગભગ પારદર્શી અવકાશ. પણ એને ભેદી શકાતો નથી, એમાં ઓગળી જઈ શકાય ખરું! એમાંથી એક એક અનુભવને નોખા નોખા પસાર કરી શકાય, પણ એ અનુભવો વચ્ચેના સમ્બન્ધનો તો એ અવકાશ શોષી જ લે. આવા સમ્બન્ધોને શોષી શોષીને એ અવકાશ ભાર થઈ ગયો હોય છે. આ વિચ્છેદ આપણી જેમ જ બીજા અનુભવતા હશે ખરા? આથી એક પ્રકારનો નિર્બન્ધ વ્યવહાર કરવાની મોકળાશ આપણને મળે છે ખરી. પ્રેમીઓ પણ આ અવકાશને ભેદીને આલિંગન કરી શકતા નથી. આલિંગન કરતી વેળાએ અવકાશને જ ખરેખર તો તેઓ આલિંગતા હોય છે. આલિંગનના આવેગથી સંચારિત અવકાશ આકાશમાં કોઈક પંખીની પાંખને વેગ આપે કદાચ, પણ પ્રેમીઓ તો કદી અભિન્ન થઈ શકતા નથી. આપણા સૌની આજુબાજુ આ શૂન્ય અવકાશનું વાતાવરણ છે. બાકીનું બીજું બધું એની બહાર છે.

૪

ઓડેને રિલ્કેને Santa Claus of loneliness કહ્યો છે. રિલ્કેમાં પયગંબરી અભિનિવેશ દેખાયછે. એ ગુહ્યમાં શ્રદ્ધા ધરાવે છે. એનું 'દર્શન' ઘણીવાર આપણા ગળે ઊતરે એવું હોતું નથી. આમ છતાં એની અભિવ્યક્તિને માટેની એની નિષ્ઠા ને એ નિમિત્તે ભાષા જેવા નબળા માધ્યમ પાસેથી એણે કઢાવેલું કામ જોઈને આપણે ચકિત થઈ જઈએ

છીએ. મને આ દશ રચનાઓ પૈકીની કઈ ગમે છે એ કહેવું સહેલું નથી. આમાં કોઈ અણમાનીતી નથી, બધી જ માનીતી છે. પણ એ બધીની ક્યાંથી વાત થાય? એ પૈકીની એક (જે કદાચ બીજાને સારી નહિ પણ લાગે) – ચોથી શોકપ્રશસ્તિ મને વધારે ગમે છે, એ વિશે થોડુંક કહેવાનું મને મન છે.

આ રચનામાં નાટયાત્મકતા, અત્યન્ત સંયત સ્વરૂપની ને માટે જ ધનુષ્યની પણછના જેવી સન્નદ્ધ નાટયાત્મકતા છે. પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન એ રચાઈ હતી. આથી એ સમયનો કવિનો આન્તરિક સંઘર્ષ પણ એમાં સૂક્ષ્મરૂપે મૂર્ત થયો છે, એમાં કવિના અંગત જીવનના પણ કેટલાક દશ્યો વણાઈ ગયા છે. એના કેન્દ્રમાં મૂળ પ્રશ્ન છે તે કલાની વાસ્તવિકતાનો. અન્યત્ર રિલ્કેએ ઉદ્ગાર કાઢયો હતો : 'O what a world is this! Please, pieces of men, parts of animals, remains of things that have been, and still in movement, driving confusedly as in some uncanny wind, carried and carrying, falling and overtaking itself in Its fall.' પહેલા વિશ્વયુદ્ધે સર્જેલા ભંગારનું આ તાદશ વર્ણન છે. આ બધામાંથી કશુંક અખણ્ડ સરજી શકાય ખરું? વૃક્ષોના જીવનમાં ઋતુઓ વરતાઈ આવે છે, પણ આપણે માનવીઓ આપણા હૃદયની આબોહવા પારખી શકીએ છે ખરા? આપણે એક અને અખણ્ડ નથી. ઋતુના બદલવાનો અણસાર પામીને જ સ્થળાન્તર કરતાં પંખીઓની સાહજિક સૂઝ આપણામાં નથી. આથી પ્રતિકૂળ પવનમાં આપણે ઉડવા મથીએ છીએ ને જે થીજી ગયેલા સરોવર પર ઊતરીએ છીએ ત્યાં આવકાર પામતાં નથી. પુષ્પ અને ફળ – આ બન્ને સ્થિતિ વચ્ચે આપણે અવકાશ રાખતાં નથી. પ્રકૃતિમાં આ સ્થિત્યન્તરોનો જે ક્રમ છે તે આપણે જાળવી શકતાં નથી. આપણે એકમાં ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ ત્યારે પછીની સ્થિતિ સાથેનો સંઘર્ષ અને એને માટે ચૂકવવાનું મૂલ્ય – આનું ભાન આપણને હોય જ છે. આથી જ રિલ્ક કહે છે : The net's our enemy. દરેક ક્ષણ પોતપોતાનામાં પર્યાપ્ત થઈને રહે તો સંઘર્ષ જ નહિ રહે. પણ એની પછી બીજી ક્ષણ આવે છે ને એ સંઘર્ષ ઊભો કરે જ છે. માનવસમ્બન્ધોમાં પણ એવું જ નથી? પ્રેમી પોતાની પ્રેમિકામાં વધુ અવકાશ મેળવવા ઝંખે છે, આથી એ એને અનુસરે છે, એને સતત શોધતો પાછળ પાછળ ભટકે છે ને આખરે ઘરની આશ્વસ્તતા પામવા મથે છે. પણ વાસ્તવમાં એવું બને છે ખરું? આપણા જીવનની ઘટનાઓ તે કોઈ ચિત્રમાંના જુદા જુદા રંગના લસરકા જેવી

છે, એકના વિરોધમાં બીજા રંગને એમાં ઉપસાવવામાં આવ્યો છે – આ વિરોધની ભૂમિકા 'a ground of contrats's painfully prepared' આપણા અનુભવપાત્રનું અનિવાર્ય ઘટક બની રહે છે. આગામી વેદનાની કલ્પના જ વર્તમાનના સંવેદનને કેમ જાણે 'સુખ'ની સંજ્ઞા આપતી હોય! આપણામાં ઉદ્‌ભવતી ને આપણાં વડે અનુભવાતી લાગણીઓનાં રૂપને આપણે નથી ઘડતા! એને ઘડનારાં બાહ્ય બળોને જ કેવળ આપણે જાણીએ છીએ. લાગણીના પૂરેપૂરા વ્યાસને આપણે કદી પામી શકતા નથી, આપણી પરિમિતતાનાં સન્દર્ભમાં એનો જેટલો અંશ ઉપસી આવે છે તેટલાને જ આપણે બહુ તો જાણીએ છીએ.

આટલે આવ્યા પછી એકાએક કવિના જીવનનું એક દૃશ્ય આ રચનામાં વણાઈ જાય છે. કવિ કહે છે : પોતાના જ હૃદયના ખૂલનારા પડદા આગળ કોણ ઊંચે શ્વાસે નથી બેસતું? એ પડદો ઉઘડે છે, પહેલું દૃશ્ય છે વદાયનું. એ તો આપણને માનવીને સમજાયા વિના રહે? એ પરિચિત ઉદ્યાન (પ્રકૃતિ અને માનવીનું મિલનસ્થાન) જે પવનમાં આછું ઝૂલે છે (કે પછી નાટકમંડળીનો ઉદ્યાનનું દૃશ્ય બતાવતો જીર્ણ પડદો આછો આછો હાલે છે? આખરે આ નાટક જ છે ને!)ને ત્યાં એક નૃત્યકાર પ્રવેશે છે. એને જોતાં જ કવિ ચિત્કાર કરી ઊઠે છે: Not he! ના, એ એ નહિ, બસ, બહુ થયું. એ ભલે ને ગમે તેટલી ચાતુરીથી અભિનય કરતો હોય, છતાં એનું મહોરું એના ચહેરાથી નોખું પડી આવે છે. એ આપણા જેવો ઘરખૂણિયો આદમી છે, એ રસોડામાં થઈને ઘરમાં પ્રવેશે છે. આમ ઉદ્યાનની રોમાન્ટિકતા રસોડા આગળ પૂરી થાય છે. મહોરું પહેરવાથી કાંઈ કલાકાર થઈ જવાતું નથી કે જિન્દગીની કપરી વાસ્તવિકતા સાથે ઢાંકપિછોડી કરી શકાતી નથી. અરધાપરધા આવા કલાકારો કરતાં તો સો ટકા ખોટી (અથવા બીજી રીતે કહીએ તો સાચી) ઢીંગલીઓ સારી. એમાં ભરેલું ભૂસું, એના શરીરના તાર, ને એના પરનું કડક કપડું, એના મુખ પરની શાશ્વત મુદ્રા – આ બધું કવિને વધુ સ્વીકાર્ય છે. કવિ બેઠા બેઠા આ કઠપૂતળીનો ખેલ જોવા તૈયાર છે. નાટયશાળાના દીવા બુઝાઈ જાય પછી, 'હવે ખેલ ખતમ થયો' એમ સૂત્રધાર કરે ત્યાર પછી પણ રંગમંચ સુદ્ધાં ખાલી થઈ ગયો હોય ત્યારે એની રિક્તતામાંથી વાતી ભૂખરને સહી લઈને આજુબાજુમાંથી કોઈ અવાક્ પૂર્વજ બેઠા નહીં હોય કે હૂંફ આપનાર કોઈ નારી નહીં હોય તો ય, સાવ એકાકી કવિ બેસી રહેવા ઇચ્છે છે, કારણ કે 'there's alwayss some spectacle to look at !' આ દુનિયામાં કવિને ક્યારે જોવાનું ખૂટે છે! પણ કવિના આ મરણિયાવેડા શા માટે?

બે પેઢી વચ્ચે, પિતા અને પુત્ર વચ્ચે સંઘર્ષ ચાલે છે : પિતાને સમ્બોધીને કવિ કહે છે : મારા જીવનનો પ્રવાહ તમને કટુ નહોતો લાગ્યો? મારા ભાવી વિશે તમે સચિન્ત નો'તા બન્યા? આથી પિતા પુત્રની આંખમાં મીટ માંડે છે. ત્યારે એની દૃષ્ટિ એને ડહોળાયેલી લાગે છે. આ ધૂંધળાપણું એની આન્તરિક અનિશ્ચિતતાને કારણે છે. આ જ પ્રશ્ન કવિ એને ચાહનારી બીજી વ્યક્તિઓને પૂછે છે. પ્રેમનો પ્રારમ્ભ થતાં જ કવિ તો એનાથી મુખ ફેરવીને ચાલતા થાય છે. રિલ્કેની આ અંગત પશ્ચાત્તાપની લાગણી છે. એ કદી પ્રેમથી બંધાઈને રહ્યો નહીં. એનું કારણ એ અહીં આમ આપે છે:

because the space within your faces changed,
even while I loved it, into cosmic space
where you no longer were...

કવિ તો કેવળ cosmic spaceની શોધમાં હતા. કોઈ વિશિષ્ટ વ્યક્તિની શોધમાં નહીં. આથી કવિ કઠપૂતળીનો ખેલ જોવાનું પસન્દ કરે છે ને એને એવી તો ઉત્કટતાથી જુએ છે કે એ ઉત્કટતામાં નમી ગયેલા પલ્લાને સરખું કરવા સામે પલ્લે ફિરસ્તાને જ મૂકવાનો રહે છે – આ પૃથ્વી પરનું બીજું કશું એ પલ્લામાં આવી શકે નહિ. આથી કવિ, કંઈક વ્યંગના કાકુસહિત ઉદ્‌ગાર કાઢે છે :

Angle and doll! Then there's at last a play.

ને આખરે ઢીંગલી અને ફિરસોત, આ બે પાત્રોનું નાટક જામ્યું ખરું! ઢીંગલી અભિનય કરે છે, ને ફિરસ્તો દોરીસંચાર કરે છે. એ ઢીંગલી શું કરે છે તે જોતો નથી, ને એ પરત્વે સાવ ઉદાસીન છે. આ બેના મિલનમાં અન્તરાયરૂપ કશું થતુ હોય તો માનવી. એની દ્વિધાગ્રસ્ત ચેતના ઢીંગલી અને ફિરસ્તાના અખણ્ડ અસ્તિત્વને શી રીતે તાગી શકે? પણ ઢીંગલી અને ફિરસ્તો – આ બે મળતાં વર્તુળ પૂરું થાય છે. આ વર્તુળ જ્યાં પૂરું થાય છે ત્યાં અખણ્ડતાની ઝાંખી થાય છે. એ સ્થિતિએ નાટકની-કળાની શક્યતા ખરી. આટલે આવ્યા પછી કવિની લાગણીના તંગ દોર ઢીલા પડે છે. માનવીની દ્વિધા પશુમાં નથી; નટ કે અભિનેતા પોતાનો પાઠ ભજવતી વેળાએ એ પાઠ સાથે અભિન્નતા અનુભવે છે, એટલા પૂરતો એ દ્વિધાગ્રસ્ત નથી. તેમ છતાં એ માનવી અને મહોરાનું અધકચરું સંમિશ્રણ બનીને અટકી જાય છે. તો નર્યું મહોરું-કઠપૂતળી જ અખણ્ડ કહેવાય?

આવો ક્રમ આ કૃતિમાં છે. રિલ્કે કલ્પે છે તેવી અખણ્ડતા આપણા નસીબમાં છે ખરી? એ કેવળ મુક્ત અવકાશમાં અભિન્ન બની ગયા પછી, ફિરસ્તાની અવસ્થાને પામીને

અન્તરીક્ષમાં પહોંચ્યા પછી, ફિરસ્તાની અવસ્થાને પામીને અન્તરીક્ષમાં પહોંચ્યા પછી, શક્ય નથી? આમ છતાં દ્વિધાના દૂઝતા વ્રણને સ્વીકારીને માનુવી નિયતિથી દૂર ભાગતો છતાં, એમ કરીને જ પોતાની નિયતિને ઘડતો જાય છે. આથી જ કદાચ માનવી ચાહવા જેવા લાગે છે.

રિલ્કેએ અનુભૂતિનાં નવાં પરિમાણનો સ્વાદ કરાવ્યો છે તેનો જગતની કોઈ પણ કવિતાને ખપ છે. એ આપણી ચિત્તધાતુઓમાં એકરસ થાય, આપણાં સંવેદનોને એનો પુટ ચઢે તે જરૂરી છે.

# સુડતાલીસ

ઊંઘનાં પણ અનેક પોત હોય છે. કેટલીક વાર એ કોઈ ખડકનાં જેવું કઠોર ને ખરબચડું હોય છે. સાગરની ભરતીના જુવાળની જેમ એની સાથે માથું પછાડ્યા કરીએ ત્યારે એકાદ કાંકરી ખરે, એટલી પ્રવેશવાની જગ્યા મળે. નહીં તો કશીક તો જાળ જેવી જલદ સ્મૃતિઓથી એને કોરી નાખીને આપણે એમાં સમાવાની જગ્યા કરી શકીએ. બીજે દિવસે જાગીને એમાંથી આપણી જાતને બહાર કાઢીએ ત્યારે ચારે બાજુ એના કઠોર ચિહ્ન રહી જાય. કોઈક વાર ઊંઘનું પોત પતંગિયાની પાંખમાં જેવું કુમાશભર્યું પણ ભંગુર હોય છે. કોઈ દ્રુત લયવાળી ઊર્મિ સહેજ ઉછાળો મારે કે કોઈ વિચાર જરા ભાર દઈને ચાલે તો એ તૂટી જાય. પણ એવું કશું ન બને તો બીજે દિવસે પતંગિયાની પાંખને અડતાં જે રંગના રજ ચોટે છે તેવી રજ આપણને ચોંટેલી રહે છે. કશીક નાજુક ભંગુરતાનું આસ્તરણ આપણને વળગેલું રહે છે. કેટલીક વાર ઊંઘમાં પારાના જેવી પ્રવાહી ઘનતા હોય છે જે આપણને ઊંડે ને ઊંડે લઈ જાય છે. એ ઊંડાણમાંથી ઉપર આવતાં ઉતારા નાખેલા બધા નકાબ ફરી શોધવા પડે છે, પહેરવા પડે છે. જો એમાંનો એકાદ ઊંધોચત્તો પહેરાયો તો પોતાપણું સ્થાપવામાં મુશ્કેલી પડવાની જ. તન્દ્રાનિદ્રાના તાણાવાણા જે ભાત ઉપસાવે છે, તેમાં કોઈક વાર સ્વપ્નોના વેલબુટ્ટા ગૂંથાઈ જાય છે, તો કોઈક વાર ઓથારના દાબથી એકાદ તન્તુ છેદાઈ જતાં ભાત બગડી જાય છે. ઉષ્ણતા ઘીને પોતાની આંચથી ચારે બાજુથી ઓગાળવા માંડે તેમ કેટલીક વાર નિદ્રા માફકસરની, ને તેથી જ, સુખદ ઉષ્ણતાથી આપણને ઓગાળવા માંડે છે, ધીમે ધીમે આપણે લઘુ લઘુતર લઘુતમ થતા જઈને નહિવત્ થતા જઈએ છીએ, ત્યાં જ અન્તે સો સૂરજ પણ એને ઓગાવી નહીં શકે, સાત સાગર જેને ડૂબાડી નહીં શકે, ઓગણ પચાસ મરુતો જેને

ઉડાવી નહીં દઈ શકે એવું આપણું સ્વત્વ આવી પહોંચે છે ને એની આજુબાજુ ફરીથી બધી જટાજંજાળ વીંટવાતી જાય છે. નરી નગ્નતા આપણા નસીબમાં ક્યાં છે?

તન્દ્રાનિદ્રાના રાસાયણિક દ્રવ્યમાં કલવાઈને આપણું સ્વત્વ રૂપાન્તર પામ્યા કરે છે. એના પર તમે બહુ સાવધ બનીને નિગાહ રાખો તો ય એ રૂપાન્તર અકળ જ રહેવાનું, કારણ કે તમારી સાવધાન દૃષ્ટિ પોતે જ એ રૂપાન્તરમાંથી બચી શકાતી નથી. ગઈ કાલની લાગણીના છેડા આજે સાંધવા બેસીએ છીએ ત્યારે કોઈનો વળ ઉતરી ગયેલો દેખાય છે તો કોઈના ચહેરાનો નકશો જ બદલાઈ ગયો હોય છે. આમ છતાં આપણે ધ્રુવ ને શાશ્વતની વાત કરીએ છીએ. નિદ્રાની સાથે ગુપ્ત રહીને બીજું કોઈક પણ એનું કામ કર્યે જાય છે. કોઈક વાર એનાં પગલાં આંખની નીચેથી કાળાશમાં રહી જાય છે.

# અડતાલીસ

તાવ આવતાંની સાથે જ આપણે ચારે બાજુની સાધારણ દુનિયાથી સહેજ જુદા પડી જઈએ છીએ. છૂપા સંદેશાના અક્ષરો જેમ ઊની આંચ આગળ ધરતાં પ્રકટ થાય છે તેમ તાવની ઊની આંચથી કેટલાક છૂપા સંકેતોને શરીર પ્રકટ કરીને ચિત્ત આગળ ધરી દે છે. કેટલીક લાગણીઓ તથા વિચારોને ઘેરીને રહેલું ભેજનું ધૂંધળું આવેષ્ટન આ તાપથી અળગું થાય છે. આ તાપની માત્રા વધતાં ચારેબાજુનો સંસાર મૃગજળની દશાને પામે છે. મનનું મૃગલું એ મૃગજળ પાછળ દોડયા કરે છે. સમયની ક્ષણેક્ષણ આ તાપમાં તવાઈને તરલ બને છે ને એની આનુપૂર્વી ખોઈ બેસે છે. નહીં બોલવાનો અડગ નિશ્ચય કરીને ભંડાકિયામાં ભંડારી રાખેલી કેટલીય વાત તુવેરની કરાંઠીની જેમ સળગી જઈને એકાએક ભડકો થઈ ઊઠે છે. આવે વખતે મારા દાદાની છબિ નજર આગળ ખડી થઈ જાય છે. દિવસોના દિવસો સુધી બ્ર અક્ષર ન ઉચ્ચારનાર, પોતાના કરતાં ચારે ગણા વિસ્તારવાળા મૌનના પરિવેશ વચ્ચે જ સદા ઘેરાઈને રહેનાર, પોતાની આજુબાજુ એકાકીપણાનું અસ્તર મઢી દઈને જ જીવનાર એ પ્રૌઢ પુરુષ તાવ આવતાં વેંત પોતાના જ ઊંડાણમાંથી બહાર નીકળી આવતા ને મલેરિયાની ટાઢને ઉરાડવા તાપણું કરી બેસતા. અમને બાળકોને પાસે બોલાવીને બેસાડતા તાવને કારણે એમની તરી આવેલી આંખોની ઝાંયમાં નાચતા તાપણાનું પ્રતિબિમ્બ અમે જોઈ રહેતા. અગ્નિની ઝાળના દીવાલ પર કુદતા પડછાયા પરીકથામાં આવતા રાક્ષસની લપકારા મારતી જીભની યાદ આપતા ને અમે કશાક અજાણ્યા ભયથી વધુ સંકોચાઈને અડોઅડ બેસતા. દાદાનો તાવથી બળતો હાથ કોઈક વાર ગાલને અડી જતો ત્યારે બીજા એક શરીરની આબોહવાના અણધાર્યા આક્રમણથી મારું શરીર મૂંઝાઈ જતું. પછી દાદા વાતો શરૂ

કરતા. પણ એ પેલી બાળવાર્તાઓમાં આવે છે તેવી દાદાજીની વાતો નો'તા કરતા. અમે તો નિમિત્તમાત્ર હતા. એ વાતો કરતા'તા મરણ જોડે – જે મરણ ધાડપાડુની જેમ ઓચિંતાનુંઅમારા ઘર પર ત્રાટકી પડીને અરધું ઘર ઉજ્જડ કરી ગયું હતું. છેલ્લે વાત આવીને અટકતી મારા કાકાના મરણ આગળ, ઘરમાંથી જે ચાલ્યાં ગયાં તેમાંનાં મોટા ભાગના યુવાન વયનાં, પણ દાદા બોલતા; 'મણિશંકર ગયો ત્યારથી ભગવાન જોડે લડું છું, એવું શા માટે કર્યું?' એ પ્રશ્નની વેધકતા સમજવા જેટલા અમે ત્યારે મોટા નો'તા. તેમ છતાં તાપણાની ઝાળની તરલ દીપ્તિથી પળેપળે રેખાઓ બદલતો લાગતો એમનો ચહેરો, એમને હોઠેથી ઉચ્ચારાયેલો નહીં પણ આંખમાં અંગારાની જેમ વરસેલો એ પ્રશ્ન જેને ઉદ્દેશવામાં આવ્યો છે તે ઓરડામાં જ, કોઈ અંધારો ખૂણો શોધીને લપાઈને, ખંધાઈથી સાંભળતું બેઠું હશે એવું અમને લાગતું ને અમારી નજર એને શોધવા મથતી.

તાવ આવે છે ત્યારે ભૂતકાળના બધા તાવનું ધણ જાણે શરીરમાં ભેગું થઈ જાય છે. વનમાં દવ લાગે ત્યારે ભડકેલા ચિત્તમાં ધોળે દિવસે ત્રાડ નાખતાંકને બોડમાંથી છલાંગ મારીને બહાર નીકળે તેમ આ તાવની ઝાળથી શરીરની બધી બોડમાંથી કાંઈ કેટલા ય ચિત્તાઓ ત્રાડ નાખતાંકને છલાંગ ભરે છે. દસ બાય બારની મારી ઓરડીમાં એકાએક વનમાં વન સમાઈ જાય છે. ત્રાડના અવાજથી લમણા ફાટે છે. આગમાંથી પોતાની ઘરવખરીને બચાવી લેવા મથતા કોઈ ગરીબ કુટુમ્બના વડાની જેમ કોઈક વાર કહેવાને રાખી મૂકેલી, મનમાં અધી ઉકેલી જોયેલી ને પછી ગડી વાળીને મૂકી રાખેલી એવી, વાતો ગભરાટનો માર્યો હું જલદી જલદી બહાર ખેંચી કાઢું છું. કેટલીક તો બહાર ખેંચી કાઢું તે પહેલાં જ રાખ થઈ ગઈ હોય છે. તાવે રચેલું ઉષ્ણ એકાન્ત સ્વાસ્થ્ય પ્રાપ્ત કર્યા પછી પણ થોડા દિવસ વળગી રહે છે.

# ઓગણપચાસ

આયુષ્યની જે અવસ્થાએ હવે આવીને ઊભો છું તે અવસ્થાએ સંગાથી, સોબતી કે પ્રતિદ્વન્દ્વીની આવશ્યકતા આપોઆપ ખરી પડતી લાગે છે. આ અવસ્થાએ માણસ ઘણી વાર એકલો બબડતો સંભળાય છે. એની પોતાની અંદર જ એને લડનાર ઝઘડનાર મળી રહેછે. દરેક વર્ષગાંઠે આ સાથી ને પ્રતિદ્વન્દ્વીની વય પણ વધતી જાય છે – આપણાથી અગોચરે. પણ ત્રીસી વટાવી ગયા પછી એ પ્રાકટ્યને યોગ્ય બને છે. આ સોબતી કોઈ એક નથી હોતો. કેટલીક વાર તો ત્રણ કે પાંચ સોબતીઓને સાચવી સંભાળીને જીવવાનો શ્રમ ભારે થઈ પડે છે. એમના સંસર્ગની માત્રા અનિવાર્યતયા વધતી જાય છે તેમ તેમ બહારનો સંસર્ગ છૂટતો જાયછે.. આથી કોઈ આપણને અલગારી, ધૂની કે અભિમાની સુદ્ધાં માની બેસે છે. બહાર સાથેના સંસર્ગમાં આ અન્તેવાસીઓ ઘણી વાર વિચિત્ર પરિસ્થિતિ ઊભી કરી દે છે. કશી પરિસ્થિતિ આપણને કેન્દ્રમાં રાખીને બનતી હોય એવું માનીને આપણે વર્તવા જઈએ ત્યારે આ અન્તેવાસીઓ પૈકીનો એકાદ તરત ધસી આવીને સાવ પ્રાકૃતપણે પરિસ્થિતિનો કબજો લઈ લે છે. ઘણી વાર તો આપણાં મોઢામાંથી અર્ધ બોલાયેલું વાક્ય સુધ્ધાં એ ઝૂંટવી લે છે. એ અન્તેવાસીઓનાં આ બધાં કરતૂતની જવાબદારી આપણે જ સ્વીકારવાની રહે છે. કોઈક આપણી જોડે કશીક વાતો શરૂ કરે, થોડી વાર વાતો ચાલે. પછી આપણને વહેમ જાય કે કાંઈક કાચું કપાતું લાગે છે. આપણે વધુ સાવધ બનીએ ને ત્યારે ખબર પડે કે આ વાત આપણી જોડે નો'તી થતી, એ તો અન્તેવાસી જોડે થતી હતી. આ જાણીને, મોડામોડાય આ મૂંઝવનારી પરિસ્થિતિમાંથી ઊગરી જવા આપણે એ ક ને શોધવા મથીએ છીએ. નસીબ પાધરું હોય તો એની ગેરહાજરીમાં એના વતી, આપણે જાણે ક છીએ એમ, વહેવાર ચલાવવો પડે છે. નળનું

જ રૂપ ધારણ કરીને આવેલા ચાર દેવની જેમ આપણામાંના અ-બ-ક-ડ ગોટાળો કરી મૂકે છે. આપણું અસ્તિત્વ કાળયવનની ગુફા જેવું થતું જાય છે. એની અંદર ઊંડે અને ઊંડે, સરી જઈને કેવળ સાક્ષીભાવે જે કાંઈ બને તે જોયા કરવાની વૃત્તિ વધે છે. ત્યાં કોઈક અ-બ-ક કે ડ-નું નહીં પણ ખુદ આપણું પોતીકું, આપણને જ મળવાને, આપણો જ હાથ એના હાથમાં લેવાને, આપણુ જ આંસુ આપણી આંખમાં આણવાને આવી ચઢે ત્યારે આપણને સ્વપ્રતિષ્ઠાનો આનન્દ થાય છે.

# પચાસ

દિવેલના કોડિયાએ કોતરી કાઢેલા તેજવર્તુળમાં બેસીને બાળપણમાં જોયેલા ચારે તરફનો ત્રાડના બખિયા ભરેલો, વન્ય અન્ધકાર કોઈક વાર અતિથિની જેમ આંગણે આવી ચઢે છે. મારા સિવાયના મારા ઘરમાંનાં બીજા કોઈ જોડે એને પરિચય નથી. આથી એ ઉમ્બર પર સહેજ ખંચકાઈને ઊભો રહે છે. એને ખભે ઝૂલતી થેલીમાં ઘુવડનો ઘૂક્ ઘૂક્ અવાજ છે, પિલાજીરાવ ગાયકવાડના મહેલના ખંડિયેરમાં અમે બાળપણમાં પાડેલા થોડા પડઘા છે. દાદાનું મૌન છે. બાળપણમાં ઘૂંટેલી બારાખડીનો, વ્યાકરણથી અસ્પૃષ્ટ, અકબંધ ઢગલો છે, એની થેલીમાં મૂકવા જેવું મારી પાસે કશું નથી. દાદાના મૌન કરતાં ભારે મૌન મારી પાસે છે: પણ એની જીર્ણ થેલીમાં એ લાદવાનું મન થતું નથી. બાળપણની પેલી વ્યાકરણથી અસ્પૃષ્ટ બારાખડી પર પછી તો મેં કેટલો અત્યાચાર ગુજાર્યો છે. એની જટાજાળ પણ એ જીર્ણ થેલીમાં સમાય એવી નથી. સમય પોતે જ ખંડિયેર જેવો બની ગયો છે, પણ એના પોલાણમાંથી પડઘા ઊઠતા નથી. ઘુવડના અવાજથી વધારે બિહામણા અવાજો મનુષ્યની સૃષ્ટિ વચ્ચે અહીં રોજ સાંભળતો રહું છું. એનો ભાર હું વહું તે જ ઠીક. બાળપણનું મારું હુલામણું નામ દઈને બોલાવનાર હવે થોડા જ રહ્યા છે. એ કોટ ખાઈ જતા નામ સિવાય આ અન્ધકારને આપવા જેવું મારી પાસે કશું નથી. એ આપીને જ હું એને વદાય કરું છું. દૂર સાતકાશીના જંગલમાંના વાંસના ઝૂંડમાં, પીળા પટેદાર વાઘની ત્રાડ ભળી જઈને, તાપીના જળમાં ધોવાઈને એ નામ ક્યાંક તળિયે બેસી જશે ને ત્યારે એનો મોક્ષ થશે.

# એકાવન

આ છેલ્લા થોડાક દિવસોનું આકાશ-જાણે કોઈક એકાદ ઢીંગલી બનાવવા મથી રહ્યું છે. સાગર એની ઝૂલ લાવ્યો છે, સૂરજ એનું પીળું ચીથરું લાવ્યો છે, ભૂખરા રંગના વાદળોના ગાભા છે ને એમાં ભરવાનો લાકડાનો વહેર? વહેરણિયો વહેરી રહ્યો છે. કરવત ચાલી રહી છે... કેનેડી, આલ્ડુસ હક્સલી... પણ એ ઢીંગલીના હોઠ પર શાશ્વત સ્મિત મૂકવાની વેળા આવશે ત્યારે આપણો વારો આવશે. એવું સ્મિત – એનો એકાદ અંશ તો શોધી રાખવો પડશે જ ને!

આ દિવસોની આર્દ્ર ધૂસરતામાં ઇશ્વરના જેવી સર્વવ્યાપકતા હતી. કણેકણમાં એ વ્યાપી જતી હતી. આખું આકાશ જાણે આત્મઘાત કરવા નીચે ઊતર્યું હતું ને નાનાં નાનાં બિન્દુની ભંગુરતાનું રૂપ ધારણ કરીને કોઈકના કશાકના સહેજ સ્પર્શથી મોક્ષ પામવા ઝંખતું હતું. સ્પેનિશ કવિ લોર્કા બારીના કાચ સાથે માથું પટકીને મરી જતાં જલબિન્દુઓ – martyrs of eternity -ની વાત કરે છે. આ ધૂસરતા શ્વાસ અને ઉચ્છ્વાસ વચ્ચે, આંખના બે પલકારા વચ્ચે, હૃદયના બે ધબકારા વચ્ચે (કેનેડીની સ્મશાનયાત્રાનું બેંડ જાણે પડઘમ પર કપડું વીંટાળીને વગાડતાં muffled અવાજ આવતો હતો ને! તેવું જ કંઈક), ઉચ્ચારતા બે શબ્દ વચ્ચે, આંગળીમાં ગૂંથાતી આગળી વચ્ચેના પોલાણમાં વ્યાપી જાય છે. પારદર્શકતાની ભ્રાન્તિ હવે ચાલી ગઈ છે. નિકટતાનું સ્થાન દૂરતાએ લીધું છે. આપણી પોતાની આકૃતિની સળંગતાને એણે કણ કણ કરીને છૂટી પાડી નાખી છે, એને સળંગસૂત્ર રાખનારા ચેતના એની નીહારિકાના પિયરમાં જઈને બેઠી છે. હવે એમાં જેને ભૂલા પડવું હોય તે આવે. સમુદ્રના નિર્જન વિસ્તાર પર કરુણ ચિત્કાર કરતી ટિટોડી (વાલ્મીકિએ પણ ટિટોડીનો આ કરુણ ચિત્કાર કોઈ રાતે [એની ય ઊંઘ કોઈ વાર

ઊડી જતી હશે?] સાંભળ્યો હશે જ ને! આથી સીતાની વાત કરતા એણે કહ્યું : ઉદ્વિગ્ના કુરરી), ખીલવાનો છન્દ ભૂલી ગયેલું ગુલાબ, ગામને છેડેથી તળાવડીનું મધરાતનું એકલવાયું સ્વપ્ન, સૂના ખંડિયેરમાં ફફડતી ઘુવડની પાંખનો પડઘો.. ધૂસરતાએ છેદેલા ગાત્રો વેરવિખેર પડયાં છે. મહાભારતના ઓગણીસમા દિવસે ગાંધારીએ જોયાં હતાં તેવાં. આ હાથ – આદિકાળના સરીસૃપ ઉરગની સ્મૃતિ એમનામાં સળવળી ઊઠી છે; આંખ – એની બે પાંપણોમાં પાંખો ફફડાવીને ઊડી જવાની અધીરતા છે. પણ ક્યાં છે એને ઉડવાનો વિસ્તાર? આકાશ? પગના પંજા – કોઈ અન્ધકારભરી પર્વતગુહા તરફ વળી જવા ઝંખે છે. દેહની આ ગતિ (સદ્ગતિ કે દુર્ગતિ?)ને નિશ્ચલ બની એકાન્તમાં (લોકારણ્ય વચ્ચેની નિર્જનતામાં) જોયા કરવાનું સુખ છે, આવા જ કોઈ દિવસે બંગાળનો એક અખ્યાતનામ કવિ પ્રિયાની આંખ પરની ભ્રમર જોઈને એ દૂર દૂર પાંખ પ્રસારીને ઊડી રહી છે એમ સમજીને વિરહવિહ્વળ બની ઉઠેલો તે યાદ આવે છે. આવા દિવસોમાં જે ભૂંસી નાંખવું હોય તે ભં◌ૂસી નાખવાની સગવડ છે, ને છતાં ભૂંસવા જઈએ છીએ ત્યારે દિલ ચાલતું નથી, કોઈક વાર વાદળ વચ્ચેથી સૂરજ દેખાય છે – દેવળમાંના સ્ટેઈન્ડ ગ્લાસમાં અંકાયેલા હુતાત્મા સંતના જેવો. આખું જગત અત્યારે ઘૂંટણિયે પડીને જાણે છેલ્લા એકરાર કરી રહ્યું છે ને સામે કાળો ઝભ્ભો પહેરીને ઊભો છે કોઈ પાદરી. ટેવના ખાનામાં પડી ગયેલા દુ:ખને આ ધૂસરતા ઉદ્ધારે છે. શાપિત બનીને પથ્થર થઈ ગયેલા કોઈ પુરાણકથાના પાત્રોની જેમ એ બધા આ ધૂસરતાના સ્પર્શથી વળી આળસ મરડીને બેઠા થાય છે. ટેવનું ખાલી ખોખું પડી રહે છે.

ને ક્યાં છે સમય? કાળ જેવું વિકરાળ જેનું નામ છે તે બિચારો કાંડાઘડિયાળના રેડિયમ-ટિપ્ટ કાંટાઓમાં આગિયાના નાના શા જૂથની જેમ બેસી રહ્યો છે. સૂરજના હાથ છોડાવીને નાસી ગયેલા સાત ઘોડાઓમાંનો એકાદ ભૂલો પડીને મારા લોહીની ગુફામાં શરણું શોધે છે. ને ચન્દ્ર? અમારા સોનગઢવ્યારાની ગામીત ચોધરી આદિવાસી બાઈઓના ગળામાંના ચાંદીના સિક્કા જેવો લાગે છે. રાતે એ ય ઢંકાઈ જાય છે ત્યારે આપણાં મૌનની બીજલેખા જ જાણે અજવાળું પાથરતી લાગે છે. ધૂસરતા જ્યારે ઘેરી બને છે એકાદ ખૂણે સૂરજની લાલ આંચ નજરે પડે છે ત્યારે મસમોટું કબૂતર આપણને સૌને ઢાંકીને બેઠું હોય એવું લાગે છે. અથવા આલ્ફ્રેડ હિચકોકના 'The Birds'માંનું કોઈ લાલ ચાંચવાળું ભૂખરું પંખી આપણને ટોચી ખાવા તત્પર થઈને બેઠું હોય એવું લાગે છે. વૃક્ષના પાંદડાં નાના બાળકની સાંકડી હથેલી જેવા છે, રમવાને માટે લોભથી

એકઠી કરેલી લખોટીઓ એમની હથેળીમાં સરી પડે તેમ આ પાંદડાં પરથી પાણીનાં ટીપાં સર્યે જ જાય છે. જળના મુખ પર આદિકાળનો વિષાદ છે, એના પ્રવાહ પર આ કોની છબિ અંકાઈ છે? અહીં થોડાક પંખીઓ કોઈકના હસ્તાક્ષરની જેમ એના પર અંકાઈને ઊડી જાય છે. સળગી ઉઠેલા ઝૂમાંના પાંજરામાંના સિંહની જેમ મારામાં પૂરાઈ રહેલું એકાન્ત ત્રાડ પાડી ઊઠે છે. ધૂળના ઢેફાની ભીનાશને નીચે આશ્રય લઈ રહેલા કોઈ અલ્પાયુ કીટની હળવી તુચ્છતા આ પળે સ્પૃહણીય લાગે છે. આ બધું છતાં સળગતી જામગરીના વેગથી મારું લોહી મારામાં ધસે છે. એ પેલા નાસી છૂટેલા સૂરજના સાત ઘોડા પૈકીના એકે મચાવેલો ઉત્પાત હશે? ન જાને! ને બહાર સમય ધીમી ગતિએ સરી રહ્યો છે – થીજી ગયેલા બરફ પર ચાલતી ગોકળગાયની જેમ એ રેખા આંકતો જાય છે. આ ધૂસરતાથી પૂલ પોતાનામાંના મધુને શી રીતે સંગોપી રાખી શકતું હશે? મને તો મારું પ્રતિબિમ્બ પણ કોઈ ભીરુ ત્રસ્ત પંખની ગોળ આંખમાં સંતાડી દેવાનું મન થાય છે. થોડોક અસંબદ્ધ શબ્દો-ટનલમાંથી ગાડી પસાર થતી હોય ત્યારે અંધારામાં કોઈક વાર અજવાળાનો સાંધો માર્યો હોય તેના જેવા – મનમાં આવે છે. એને ટાંકો મારીને જોડવાનું મન થતું નથી. જે કાંઈ બોલીએ તે આજે અસંબદ્ધ જલ્પના બની રહે છે. આ ધૂસરતાનો છદ્મવેશ પહેરીને કોઈ ઠગવા નીકળ્યું છે એવું લાગે છે; આથી નમણાં ફૂલની પાછળ બંદૂકનું નાળચું સંતાયું હોવાનો વહેમ જાય છે. અસ્તિત્વવાદીઓ હોવાનું કૈવલ્ય ભોગવવાનું કહે છે. પણ આપણું હોવું એ બીજા કોઈનો બુરખો, મહોરું, ઢાલ તરીકે પણ ખપમાં આવતું હોય ત્યારે? આથી ધૂસરતાની 'નેગેટીવ' તડકાના દ્રાવણમાં ધોવાઈ જશે ત્યારે કઈ છબિ દેખાશે તેનું મને અચરજ થાય છે. વ્યર્થતા ને સાર્થકતાના પલ્લાં આ આબોહવામાં સમતોલ રહેતાં નથી. આથી તો 'રોમાન્ટિક'ની ગાળો ખાવાનો વારો આવે છે, ને એમ છતાં શિયાળાના આ દિવસોમાં માવઠાનાં પાણીનો સંચય કરીને બેઠેલાં કંજૂસ ખાબોચિયાંને પણ પોતાની લીલાથી કદર્યતામાંથી ઉગારી લેનારી એ ડહોળા પાણીમાં સેલારા મારતું નગણ્ય જન્તુ જોઈ રહેવાનો લોભ જતો કરી શકતો નથી. ભોળું કે મુગ્ધ મન (જે રવીન્દ્રનાથ, કાફકા અને સાર્ત્રને એક જ ભાવે ભજે એનામાં કાંઈ અક્કલ ખરી?) અશોકના શિલાલેખ અને આ નગણ્ય જન્તુના જળલેખ વચ્ચે કોઈ વિવેક કરવાની તત્પરતા બતાવતું નથી. ઊલટાનું ધૂસરતાની આડશે થોડા ભારને (મારા જેવાની બાબતમાં 'ગૌરવને' નહીં કહેવાય તે જાણું છું.) ફગાવી દેવાની સગવડ મળી રહે છે તે ઝડપી લેવા હું તૈયાર થઈ જાઉં છું. અર્થના નક્કર ગાંગડાને ય ધૂસરતાનો પાસ

બેસે છે. એના પર પછીથી હીરાની જેમ પાસાં પાડી શકાતાં નથી. ચન્દ્ર જેવા ચન્દ્રને લસણની કળી કહીને વખારમાં નાખી દેવાની નાદાનિયત પણ પરવડે છે. કેનેડીની હત્યાના સમાચારવાળા છાપાને પંખીની જેમ ઉડાવે છે, શઢની જેમ ફુલાવે છે, ને પછી – આટલી લાલચો આપ્યા પછી – ભોંય ભેગું કરી દે છે. હવે તો તડકો નીકળ્યો છે, પણ એ ધૂસરતાની અવળી બાજુ – એના અસ્તર – જેવો લાગે છે. ખંડિયેરની દીવાલ પરના લીલના લીલા પ્રલેપ પર તડકાનું ઢોળ ચઢાવવાનું શરૂ થઈ ચૂક્યું છે. હવે આ રીતે બોલેલું છાજે નહીં, હાંસી થાય, માટે બંધ કરું. પણ થોડી ઘણી ધૂસરતા કોનામાં નથી હોતી? તમે નમ્રતાપૂર્વક પણ એનો ઇન્કાર કરી નહીં શકો.

Back_Cover